

વર્ષ ૨ જું • નૂતન ગ્રંથમાળા • પુસ્તક ૨ જું

પ્રેમળ જ્યોત

★

લેખક
મુરલી ઠાકુર
એમ. એ.

★

નવચેતન સાહિત્ય મંદિર
૨૪૫૬ : ભદ્ર : અમદાવાદ.

પ્રકાશક
પુરુષોત્તમ પૂ. પારેખ
નટવરલાલ લ. વૉરા
નવચેતન સાહિત્ય મંદિર : ૨૪૫૬ : ભદ્ર : અમદાવાદ

કિંમત
પાકું પૂંઠું રૂ. ૨—૮—૦
વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૮—૦—૦
પોસ્ટેજ અલગ

•

મુદ્રક
મગનભાઈ છોટાભાઈ દેસાઈ
મુદ્રણસ્થાન: શ્રી વીરવિજય પ્રિન્ટિંગ પ્રેસ
સલાપોસ ક્રોસરોડ, શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય : અમદાવાદ

અર્પણ

પૂજ્ય માતુશ્રી

તથા

પૂજ્ય પિતાશ્રી ને

મુરલી

નિવેદન

નૂતન-ગ્રંથમાળામાં શ્રી. મુરલી ઠાકુર કૃત 'પ્રેમળજ્યોત'ના નવલિકાસંગ્રહને મૂકતાં અમને આનંદ થાય છે.

ગુજરાતની સાહિત્યરસિક જનતામાં શ્રી. ઠાકુરનું નામ જાણીતું છે એમનો નિખાલસ અને પ્રેમાળ સ્વભાવ જ્યારે તેઓના નિકટ પરિચયમાં આપણે આવીએ ત્યારે જ પારખી શકીએ છીએ. એવા તેમના વર્ષો પહેલાંના પરસ્પર પરિચયના પ્રસંગમાંથી આ સંગ્રહ જનતા સમક્ષ મુકાય છે; અને વાંચકો પણ આ 'પ્રેમળ જ્યોત'ની વાર્તાઓમાં શ્રી મુરલીભાઇએ સમાજના અનેક પ્રશ્નોની જુદી જુદી રીતે છણાવટ કરી છે; તે જાતે જ વાંચી વિચારી તેમાં રહેલું એક વિચાર તત્ત્વ જીવનમાં ઉતારે એવી અભિલાષા છે.

લિ. સેવકો,

નવચેતન સાહિત્ય મંદિર
૨૪૫૬; ભદ્ર : અમદાવાદ

પુરુષોત્તમ પારેખ
નટવરલાલ વોરા

પ્રસ્તાવના

'પૂરબનાં પાણી' પછી આ બીજો વાર્તા-સંગ્રહ ગુજરાતી વાંચક વર્ગ સમક્ષ ધરું છું.

અન્ય રહી ગયેલી ક્ષતિઓ માટે વાંચકોની ક્ષમા માગી લઉં છું.

આ સિવાય મારી વાર્તાઓ વિષે મારે કંઈ જ કહેવાનું નથી.

સીડનહામ કૉલેજ
મુંબઈ

મુરલી ઠાકુર

અનુક્રમણિકા

મુરલી ઠાકુરનાં બીજાં પુસ્તકો

'સફર' ને બીજાં કાવ્યો
૪૦

*   *   *

મેળો (બાળ–ગીતો) ૧૯૪૦

*   *   *

ગુજરાતીનું અધ્યાપન (પ્રો. વકીલ સાથે)
૧૯૪૨

*   *   *

પરબનાં પાણી
વાર્તા સંગ્રહ : ૧૯૪૩
'જી જી જી' (લાંબી વાર્તા, હીંદી ઉપરથી અનુવાદ)
૧૯૪૪

*   *   *

પ્રેમાળ જ્યોત (વાર્તા સંગ્રહ)
૧૯૪૫
હવે પછી
પ્રોયણાં (કાવ્ય સંગ્રહ)
થોડાંક ગીતો (ગરબા ને રાસ)
મેળો (ખંડ બીજો)
મહેરામણ (વાર્તા સંગ્રહ)
ધરતીની માયા (સામાજિક નવલકથા)
ડાક બંગલો (મરાઠી વાર્તાનો અનુવાદ)
લાલ માટી („ „ „)

પ્રેમળ જ્યોત

અતિથિ

ખુલતા ગુલાબ જેવા ગુલાબી પ્રભાતનો ઉઘાડ હતો. ગાંધર્વોના કોક સૂરનું અનુકરણ કરતાં પક્ષીગણ વાતાવરણ જીવતું કરતાં હતાં. એમના ગીતનો ગુંજારવ નિસર્ગની બોલી બોલતો હતો.

કોક ગામની પાદરે નવોઢા જેવી મસ્ત ને ગંભીર, ચંચળ ને લજ્જાળુ નદી વહી રહી છે. અભિસારિકા જેવી એના વહનની ગતિ છે ને સપાટી ઉપર એ પ્રીતમઘેલી રમણીના મોં પર તરતી લાલિમાની રેખાઓ જેવી અનંત ઊર્મિઓ સૂર્ય–કિરણનો રંગો ઝીલતી નર્તન કરે છે.

એ નિર્મળ પ્રવાસિનીની કોર અનંત ઝાડોની હાર લાગી છે, જાણે એના પન્થ શીતળ કરતાં ન હોય. નદીની ઊર્મિઓ, અભિસારિકાના ભાવ જાણે ઝીલતાં એ ઝાડોને આલિંગન દેતી લતાઓ પવન સાથે નૃત્ય કરે છે ને વૃક્ષો એ નૃત્ય જોઈ કાંઈ હર્ષ ને ઉલ્લાસમાં મદભર ડોલે છે.

આ પ્રવૃત્તિના રસનર્તનમાં એક ન્હાના શિલાખંડ ઉપર બેઠી બેઠી, સરિતા જેવી સરલ ને નિર્મળ, કોક કુમારી થોડાંક કપડાં લઈ ધોઈ રહી છે.

એ કપડાંનો મેલ કાઢતી હતી ને એના હાથમાં ગુલાબ ખીલતાં હતાં. એના શ્રમની પ્રતીતિ એના કુંકુમવર્ણા કપોલ પર પ્રત્યક્ષ થાય છે.

એના મોં પર, એના ભ્રમરના સંકોચમાં, એના હાથના અને અંગના વળાંકમાં કંઈ કંઈ વિચારોની ત્વરિત અવરજવર થતી હતી એ પ્રત્યક્ષ થાય છે.

એણે બધાં કપડાં ધોઈ ધોઇ બાજુના ઉઘડતા સૂર્ય જેવી તાંબાકૂંડીમાં મૂક્યાં. છેલ્લો એનો સાડલો તે હૈયાં સાથે રાખી હોંશથી નીચોવે છે.—જાણે પ્રિયજનને હૈયે લેતી ન હોય !

ઊઠીને એ કપડાં સૂકવે છે. રેતીમાંથી મોટા મોટા કાંકરા શોધી કપડાં ઉપર કોરે કોરે ફરતા મૂકી એક ઝાડના થડ પાસે બેસે છે.

નદીને સામે કાંઠે શિવાલયની હાર હતી; ને ન્હાની ન્હાની દેરીઓ દૂધ જેવી સફેદ મોહક હતી. ત્યાં એક ખૂણે બેઠો કોક યુવાન આ બધું જાણે અજાણે જોઈ રહ્યો છે. એના મગજમાં તો બ્રહ્માએ અનુભવેલી સૃષ્ટિ રચનાની અમૂંઝણ જેવી તરંગાવલી ઊઠી છે. બાળાને જોઈ, ઉઘડતા સૂરજની તેજ પીતાં પુષ્પો જેવા પેલી કુમારીના મોંની લાલિમાની રેખાઓ જોતો સૌન્દર્ય પી રહ્યો હતો.

એના હૃદયમાં કોઈ આકર્ષણ ઉલ્કાપાત કરવા માંડે છે. ભવ-ભવનાં બન્ધન હોય એમ એનો આત્મા બંધાઈ જાય છે. એને એ બધું અકળાવે છે. બાલાના સૌન્દર્યનાં તેજ પીતાં તો અગ્નિ ચેતાવ્યા હવે એ ધૂંધવાય છે. પવનનો સ્વભાવ છે, કોણ જાણે-એમ જ એના અંતરની આગ જોઈ પવન ખૂબ ફૂંકાવા મંડ્યો. એના ઝપાટે પેલાં કાંકરાનાં બન્ધન સમેટાઈ ગયાં ને પેલી કુમારીનાં કપડાં પવનના નર્તને વંટોળે વળ્યાં.

જીવનમાં ઘણાયે વંટોળ આવી શમી જાય છે, છતાં આ પવનના વંટોળથી તો પેલી કુમારી બ્હેબાકળી જ બની ગઈ; ને કપડાં કોક પ્રવાહમાં તો કોક આજુબાજુ ઝાડમાં જાણે નવો વસવાટ કરવા ચાલી નીકળ્યાં. પોતાની હૈયાં સાટોસાટ મહેનતના સાફલ્યમાં જે શાન્તિ ને સંતોષ છે તેટલી જ અસ્વસ્થતા ને અમૂંઝણ એની નિષ્ફળતામાં છે.

બાળાને એ આકસ્મિક નિષ્ફળતાએ ઘેરી લીધી–એને તો

વિચાર સુદ્ધાં કરવાની તક ન મળી.

પેલો યુવાન આ બધું કળી ગયો. પુરુષમાં સ્વાભાવિક સાહસની ઊર્મિ હોય છે. જાણ્યા બુઝ્યા વગર એ ઊઠીને કપડાં સમેટવા મંડયો. પોતાના અંતરની અમૂંઝણે તો એની ગતિને વેગવંત કરીને બાળા આગળ ઘડીકમાં કપડાંનો ઢગલો કરી, ઢગલા જેવો પોતે ય ઊભો રહ્યો.

બન્નેની આંખમાં વંટોળ ઊઠતા હતા. કુતૂહલ ને કારુણ્ય. બાળાના મોં પર પ્રતિબિંબિત હતાં; શ્રમ ને શ્રદ્ધા. પ્રસ્વેદ ને પ્રેમ, નિખાલસતા ને નિર્મળતા યુવાનના મોં ઉપરના ભાવોમાં–રંગોમાં મિશ્રિત હતાં.

બાળાએ સાહસ ખેડયું: "તમે બહુ ભલા છો ભાઈ!" બાળાના શબ્દ માધુર્યથી ખીલતું યુવાનનું અંતર 'ભાઈ' શબ્દથી ભેદાઈ ગયું.

ઘડી મૌન પ્રસર્યું. ત્યાં તો–

"એમાં શું?" યુવાને પત્થર ઊપાડવા જેટલો શ્રમ લેતો હોય એમ કહ્યું.

"આજ ગામના છો ત્હમે? દીઠામાં તો ક્યાંય ન્હોતા."

"ના હું તો કાલે જ અહીં આવ્યો છું."

"એમ!"

"ને કાલે જવાનો વિચાર છે." વગર પૂછયે યુવાને બોલી નાખ્યું.

"કાલે ક્યાં જવાના છો?"

"કૈં નક્કી નથી."

"કૈં નક્કી નથી.?"

"હા."

બાળાથી કંઈ સમજાયું નહિ. વાતમાં સમય ઠીક ઠીક ગયો. સૂરજનો તાપ વધ્યો ને કુમારીએ કથા આટોપી.

"વારુ, ગામમાં નીકળો તો મોટે ફળીએ આવજો. હું તો જાઉં. દિન ખાસ્સો ચઢી ગયો—" કહેતાંક તો તે ચાલી નીકળી.

વંટોળીઓ આવી ગયો ને જાણે વીજળી ન્હોતી આવી તેમ કુમારીના ગયા પછી આવી ગઈ–ઝબૂકી. પેલો યુવાન તંબૂરાના તાર જેવો ઝણઝણી ઊઠયો–તરંગાવલીએ.

કોઈ લક્ષ્ય ચૂકયા તિરંદાજ જેવો પેલો યુવાન શિવાલયમાં પાછો ગયો.

"કયા ભાઈ! ટહલ આયે કયા?" ત્યાંના મહંતે નવા અતિથિને પૂછયું:

"જી હાં."

"અચ્છા, જબ ભોજન બી તો કરોગેના ?"

"કરેંગે થોડાસા. આપસે કોઈ જીત બી થોડા સકતા હૈ સ્વામી !"

એટલામાં મંદિરમાં ઘંટારવ થયો ને બન્નેની નજર એ તરફ ગઈ. ત્યાં તો શ્રદ્ધા ને નિશ્ચલતાની મૂર્તિ જેવો એક પ્રૌઢ નીકળ્યો. મહંતની પાસે આવી પ્રણામ કર્યા ને બેઠો.

"કયા બિહારી! ઠીક તો હયના ?"

"જી આપકી કૃપા હય."

"ઘરકે ઔર સબ તો ઠીક હૈં ના? આજકલ તો કોઈ દર્શનકો ભી નહિ આતે !"

"ઘર કા કામ ! સ્વામી, ઉન લોક વહી મૈં ફસે રહેતે હૈં."

"સંસારકી યહી તો માયા હૈ—કોઈ હર્જ નહિ," પેલા યુવાનને જોઈ બિહારીની ઉત્કંઠા ન સમાઈ.

"યે કોઈ અતિથિ હૈ સ્વામીજી ?"

"હાં, કલહી આયે હૈ. બહોત વિદ્વાન હૈ. કયા કુમાર હૈ ! પ્રવાસ કરને ચલે હૈ–યહાં ઠહરે હૈ કુછ દિનો કે લીયે."

"કેમ ભાઈ ? કયાંથી આવો છો ?"

" શહેરથી. "

" ઠીક. કે ગામડાં ભણી ! "

" હા. થયું કે જરી ગામડાં તો જોઇએ ? "

" આપનું નામ ? "

" મારું નામ પ્રેમળ. "

" વાહ ! નામ તો સરસ છે. " ગ્રામજનની કુતૂહલતા એનાથી દાબી ન શકાઈ.

" જમ્યા ? "

" ના જી. "

" તો ચાલો, આપણે ત્યાં. જરા ઠીક પડશે. "

" ના. હું તો અહીં જ—"

" કેમ ? કંઈ વાંધો છે ? "

" ના રે ના. "

" તો ચાલો. જે સૂકો રોટલો મળશે તે —"

"...... અરે એ શું બોલ્યા ! "

ગ્રામ-સત્કાર તો એણે પુસ્તકોમાં બહુ વાંચ્યો હતો. ખરેખર એ લોકો કંઈ ઓર જ છે. એના મગજમાં શહેરનું શિક્ષણ યાદ થઈ ગયું.

મહંતે પણ અનુમતિ આપી ને બિહારી જોડે પેલો યુવાન ગામમાં ગયો.

જતાં જતાં ગામના કૈં કૈં સહૃભાવિઓના ઘર આગળથી પસાર થતાં એનું ઓળખાણ બિહારીને આપવું પડયું. આમ બે ત્રણ શેરીઓને મોઢે એનું નામ ચઢી ગયું.

બિહારીની પત્નીએ પોતાના પતિને જોયો ને આંગણામાંથી અંદર ગઈ. બે ત્રણ નાનાં છોકરાં પિતા આવ્યાના ઉત્સાહથી બ્હાર આવી કોલાહલનું આતિથ્ય સંગીત મચાવી રહ્યાં.

પરસાળમાં જ ખાટલો નાખી પ્રેમળને બેસાડયો અંદર જરા જઈ આવી બિહારી પ્રેમળની પાસે બેઠો.

"બિહારીભાઈ, તમારે જરા તસ્દી લેવી પડશે ખરું ?"

"શેની ?"

"આ રસોઈ કરાવવાની."

"એમાં તસ્દી શી ? એ તો થયાં જ કરે."

થોડીક અહીંતહીંની વાતો થઈ એટલામાં અંદરથી એક બાળકે આવી પિતાને કહ્યું: "બાપુજી ! જમવા ચાલો."

"ચાલો ભાઈ પ્રેમળ. હાથ પગ ધોશો ?"

"હા જી."

"જા સુરેશ ! લોટો પાણી ભરી લાવ તો." બિહારીના બાળકે લોટો પાણી લાવી આપ્યું. પ્રેમળે હાથ પગ ધોયા ને જમવા ચાલ્યો. રસોડાની બ્હાર જ નાની ઓટલી જેવી ઊંચી જગા ઉપર પાટલા સુવ્યવસ્થિત ગોઠવેલા હતા. બધાં ત્યાં ગોઠવાઈ ગયાં. બિહારી, તેનાં બાળકો ને સાથે પ્રેમળ.

"આ શું ? બિહારીભાઈ ?"

"અમારે ત્યાં રિવાજ છે. અતિથિ આવે ત્યારે મોં ગળ્યું થવું જ જોઈએ. એટલે આ કંસાર બાફી નાખ્યો."

"એટલામાં ?"

"એમાં તે વળી વાર શી લાગે ?"

આ ગ્રામ-જનની ઉદારતા ને ચાપલ્યની મનમાં ને મનમાં તારીફ કરતો, વાતો કરતો પ્રેમળ ખાઈ ઊઠયો. પણ એને જરા બેસી રહેવું પડયું. થોડીવારમાં બિહારીને બાળકો પણ ખાઇ ઊઠયાં.

"જરા ઉતાવળ કરવી પડી ખરું ! બિહારીભાઈ ?"

"હાસ્તો, તમે શહેરના જવાનીઆ. ખાવા બેસો તે જાણે સુંઘવા જ બેઠા."

"એ તો જેવી શક્તિ."

"હાસ્તો. શહેરનાં પાણી પી શક્તિ તો ઘટી જાય. ચાપાણીનું પણ પાછું જબરૂં વ્યસન પણ હશે જ."

"એ તો ખરું સ્તો."

એટલામાં અંદરથી પાનસોપારી લઈ એક કુમારી આવી ને પ્રેમળની ચેતના ડગાઈ.

"આ...જ...પેલી નદી કિનારે કપડાં ધોતી હતી એ!" એના મગજનાં શબ્દો રમી રહ્યા.

"કેમ ભાઈ! સોપારી લોને?" બિહારીએ સોપારી કાપી આપી.

"હાં...હાં" કરતાં ક્ષોભ છૂપાવવા પ્રેમળે ઝટ સોપારી લઈ લીધી. એટલામાં તો બિહારીનાં પત્ની ને કુમારી ખાઈ પરવારી બહાર નીકળ્યાં. ત્યાં લગી શહેર ગામની પરસ્પર પ્રેમળ ને બિહારીએ વાતચીતો કરી.

"મેડી પર ઢોલીઓ છે." બિહારીની પત્ની બોલી ઊઠયાં.

"હા. પ્રેમળભાઈ જરા આરામ કરશોને?" બિહારીને યાદ આવતાં પ્રેમળને કહ્યું.

"ના જી. હું તો મંદિરે જ જઈશ, ત્યાં જ ઠીક પડશે."

"જેવી તમારી મરજી. પણ જતાં પહેલાં આવી જજો જરૂર."

"વારૂ, તસ્દી માફ કરશો." પ્રેમળે કહ્યું.

"અરે એ શું બોલ્યા?" અમારાં ધનભાગ્ય કે તમારા જેવાનો પરિચય થયો."

પ્રેમળ મંદિરે ગયો. પણ તેનું કંઈ ત્યાં રહી ગયું હોય તેમ સાંજ પડતાં પાછો આવી પ્હોંચ્યો.

બિહારીએ મ્હેમાનને અનુરૂપ ચાપાણી કર્યાં ને ફરવા નીકળ્યા. ગામની સીમ ભણી બન્ને નીકળ્યા. કૈં કૈં નવસર્જન જોતો, પક્ષીઓ, પશુઓ ને ગ્રામજન જોતો પ્રેમળ અંતર પુનિત થતું હોય તેમ માનવા લાગ્યો.

" બિહારીભાઈ, આપનો અહીં ધંધો ?"

" ધંધો ! ભાઇ આ શહેર થોડું જ છે ? પણ વાડીઓ છે. દેખરેખ રાખું છું જીવન ઠીક ચાલે છે."

" શેની વાડીઓ ?"

" ઋતુ ઋતુનાં ફળની મોટી વાડીઓ છે—વડવાઓના વખતની ને ખેતરો ય છે એટલે એ કામમાં જ મચ્યા રહેવું પડે છે."

" તમે એકલા જ છો ?"

" ના, હતાં તો ઘણાં. પણ ઘરમાં નાનમ પડી. અંગ્રેજી પાંચેક ભણ્યો ત્યાં તો વડીલવર્ગ વહેલો થયો ને બધી જંજાળ મારે માથે આવી પડી. ત્યારથી આ સંભાળું છું."

" તમે તો ત્યારે શહેરના મિલ-માલેક કરતાં ય સુખી લાગો છો !"

" હવે એ તો ઠીક ભાઈ. પણ પ્રભુની મહેરબાની છે. એટલું ઘરડાંઓનું પુણ્ય."

" વારુ, પ્રેમળભાઈ, તમારી તો કંઈ જાણવા જેવી કહો."

" મારી જાણવા જેવી કંઈ જ નથી."

" તોએ ?"

" હું તો શહેરમાં જ ઉછર્યો છું. થોડુંક ભણ્યો છું."

" ક્યાં સુધી !"

" બી. એ. એલ, એલ. બી."

" ઓહો ! તમે તો ખૂબ જ વિદ્વાન છો ભાઈ?"

" અરે એની તે શી વિશાત ?"

આમ એકબીજાના કુંટુંબની વાતો કરતા બન્ને ઘેર આવ્યા.

આંગણામાં ટાઢા પ્હોરનો પવન રમતો હતો ત્યાં ખાટલો નાખી બન્ને બેઠા.

" ત્યારે હવે વાળું ય અહીં જ કરજોને ?"

" ના, હવે તમને કેટલી....?"

"અરે ગાંડા થયા ? એમાં થઈ શું ગયું ?"

જાણેઅજાણે પ્રેમળથી 'હા' ભણાઈ ગઇ. એને અહીં કોઈ બન્ધન બાંધતું હતું. બિહારીની વાણી ને ઘર એને છોડવાં ગમતાં ન્હોતાં.

ચાંદનીમાં બધાં ય ભેળાં બેઠાં ને વાળુ કરવા મંડયા. પ્રેમળની સામે સાક્ષાત પુર્ણિમા રસપાન કરાવતી હતી. તે તેનાથી ન જીરવાયું. ખાવાનું ભૂલાતું હતું ને વાત લથડતી હતી. 'જ્યોતિ' ને જોઈ વાળું પૂરૂં કર્યું.

" જરા આડા થાવ વાતો કરીશું ઘડિક—" બિહારીની પત્નીએ પ્રેમળ તરફ કૈં પક્ષપાત થવાથી પ્રેમળને કહ્યું.

બિહારીનો આગ્રહ ! —બિહારીની પત્નીનાં વાત્સલ્ય ઊભરાતાં વચન ને 'જ્યોતિ'ની ધૂન !

પ્રેમળ નિર્મળ બની ત્યાં જ બેઠો. ઇધર ઉધરની વાતો કરી પ્રેમળે રજા લેવા માંડી.

" ત્યારે તમે ક્યારે જવાના છો ? " બિહારીએ પૂછયું.

" કાલે જ. "

" પછી ? "

" મળશું ક્યાંક " પ્રેમળ બોલ્યો.

" સવારે હું મળી જઇશ. "

જતાં જતાં હું જ આપને મળતો જઇશ. "

" તો એના જેવું રૂડું શું ? "

પ્રેમળ ગયો.

એ જેમ કંઈ અહીં ભૂલી ગયો હતો તેમ અહીંથી કંઈ લઈ પણ ગયો.

'જ્યોતિ'થી ચાંદની ન ખમાઈ. તે ઊંઘનું બ્હાનું કાઢી 'પ્રેમળ'નું ચિંતન કરતી માતપિતાની આજ્ઞા લઇ મેડા પર જઈ સુઇ ગઈ. બિહારી ને બિહારીની પત્નીના ખોળામાં બાળકો ઊંઘતાં હતાં.

" કેવો સુશીલ ને સુંદર યુવાન છે ! " બિહારીથી તારીફ થઈ ગઈ.

"અં હ" કહી બિહારીની પત્નીએ એક નિઃશ્વાસ નાખ્યો.

" જો આપણને સુધરેલાં તો લોક કહે જ છે. તો આ જ્યોતિ..."

" અં — એક જ દિવસના પરિચયમાં ? કોઈ ગાંડા કહેશે. ગામની ભાગોળે પ્રવાસી ને એક દિન મહેમાન, એમાં છોકરી આપવા જેટલી વાત !"

" પણ એમ થાય તો ખોટું શું છે ? "

" ખોટું ? લોક કથની માંડે એટલું જ. બાકી આવો જમાઈ પાંચ આંગળીએ પુણ્ય કર્યાં હશે એને મળશે."

" ત્યારે તું ઘેરથી ગંગા શું કરવા પાછી ઠેલે છે ?"

" વાત કરી જો જો !"

"વારૂ" કહી બિહારી ને એનાં પત્ની પણ સૂઈ ગયાં.

મંદિરમાં દેવની આંખ ફરતી હતી ને બીજી ફરતી હતી પ્રેમળની આંખ. બન્નેને ઊંઘ ન્હોતી. પ્રેમળનું મન 'જ્યોતિ'ની ઝંખનામાં અસ્વસ્થ હતું. પણ એમ કોઈની ઇચ્છાથી જગતને ગતિ થોડીક જ અપાઈ છે ?

જ્યમ ત્યમ રાત ગઈ ને વીતક વીત્યા જેવું થયું, સવારે ન્હાઈ ધોઈ પેલા જ ખૂણામાં પ્રેમળે ધ્યાન લગાવ્યું.

રોજની જેમ ગામગરી છોકરી જ્યોતિ આજ પણ પોતાનાં માતપિતાનાં કપડાં હોંશે હોંશે ધોવા આવી.

એની ચંચળ આંખ આજ સમસ્ત વાતાવરણને ભેદી પૃથક્કરણ કરવા મથતી હતી. પ્રેમળને એણે જોયો ને એના પગમાં સીસું રેડાઇ ગયું. એના હૈયામાં જાણે મીંઢળ બંધાઈ ગયું. ત્યાં તો જ્યોતિ પાસે પ્રેમળ આવી પહોંચ્યો.

" કેમ છે ? "

" ઠીક. " કહી જ્યોતિ કપડાં ધોવા મંડી; ને નિશ્ચિત પ્રેમળ અચેતન જ્યોતિને ધારી ધારી જોઈ રહ્યો. કપડાં ધોઈ સૂકવ્યા વગર જ્યોતિ ચાલી. એના કપડાંના વળે વળે પ્રેમળના અંતરના

વળ સબળ થતા હતા. કપડાંથી અધિક ભીનાં હૈયાં નીતરી રેલ ઊભરાતી હતી.

" બાપુજીને મારા પ્રણામ કહેશો ? "

" વારુ. " કહી જ્યોતિ પૃથ્વીના રજકણોથી કેમ જાણે બેડીઓ તોડતી પ્રેમળની દૃષ્ટિ પાર ગઈ.

ખાઈ પી ગાડીના વખતે પ્રેમળ બિહારીના કુટુંબને મળવા ગયો. બન્ને યુગયુગના સંબંધી હોય તેમ ભેટ્યા ને બિહારીની આંખોમાંથી સ્નેહનાં આંસુ સરી પડ્યાં.

" આ શું બિહારીભાઈ ? "

" કંઈ નહિ પ્રેમળભાઈ, આવજો કોઈ દિ.' "

" તમે જ આવજો ને ?" હું જઈને તમને કાગળ લખીશ. તમે ત્યાં આવજો. "

ચેલૈયાના પિતાના શબ્દો—" પ્રભુ આવી કસોટી કોઈને ન દેશો." બિહારીભાઈને યાદ આવ્યા ને ભારે હૈયે બધાં છૂટાં પડ્યાં.

પ્રેમળે પ્રવાસનો વિચાર પતાવી દીધો ને સીધો અમદાવાદ આવી પહોંચ્યો. પ્રેમળને એક માતા સિવાય કોઈ જ નહોતું. માતાને આ એક આશા સિવાય જીવનમાં રણ બળતાં હતાં.

પૈસા પ્રાણને ચેતન આપી શકતા નથી. માદીકરો ગાડીઘોડે સુખી હોવા છતાં અગમ્ય સંકોચ અનુભવતાં હતાં. માતાને બીજું કોઇ નહોતું ફક્ત આ એક દીકરા ઉપર લાખ આશાના અમૂલખ કોડ કલ્પનામાં હતા.

પ્રેમળે આવીને બિહારીના પરિચયની વાત કહી. સંકોચ તો થયો છતાં જ્યોતિની વાત પણ કહી નખાઈ ને બિહારીને કાગળ પણ માતાની આજ્ઞા લઈ લખી નાખ્યો.

હજુ તો આરામ લીધો નથી ત્યાં પ્રેમળનો મિત્ર આવી પહોંચ્યો. મિત્રોએ પ્રવાસની વાતોમાં મઝા લૂંટવા માંડી.

"પ્રેમળ! પણ તું આમ અસ્વસ્થ કેમ છે?" એના મિત્રને કૈં શંકા થવાથી એણે પ્રશ્ન કર્યો.

"કૈં નહિ."

"ખરું કહે. કૈં નવાજૂની તો નથી ને?"

"જા, જા, હવે. તને તો બીજું કૈં સૂઝતું જ નથી."

"પણ તને ક્યાં અત્યારે કૈં સૂઝ પડે છે?" પ્રેમળની માતા જોડે માતા જેવો સંબંધ થઈ ગએલો હોવાથી પ્રેમળના દેખતાં આ વાત થઈ ને માતાને પણ શંકા પડી.

બે દિવસ ગયા ન ગયા ત્યાં તો પ્રેમળે માતાને મિત્રદ્વારા વાત પહોંચાડી. માતાની એક જ આશા પ્રેમળ. તેથી સંકોચસહ એણે પણ સમભાવ દેખાડયો. પ્રેમળે બિહારીને સહકુંટુંબ અમદાવાદ આવવા કાગળ લખ્યો.

"મુરબ્બી શ્રી.

તમારા આતિથ્યની મેં મારાં માતાજીને વાત કરી ને તમે આવો એમ તેઓ ઇચ્છે છે. તમે સહકુંટુંબ અમદાવાદ ન આવો? માતાજીનો આગ્રહ છે. ખાસ આવી જજો. બધાંને મારી યાદ દેજો.

વન્દે

પ્રેમળ"

થોડા દિવસ પછી બિહારી એકલા આવી પહોંચ્યા. પ્રેમળનો ઉત્સાહ મરી ગયો. જ્યોતિને મળવાની, પોતાનો બંગલો, ગાડી, વૈભવ દેખાડવાની કલ્પનાઓ માત્ર કલ્પનાઓ જ રહી ગઈ.

એક બે દિવસ ગયા. બિહારી ઘણે મહિને આવ્યા હોઈ શહેરમાંથી ખરીદી કરીને પરવાર્યા.

એક દિન પ્રેમળની માતા ને બિહારી બેઠાં છે. પ્રેમળ કોલેજ લાયબ્રેરીમાં ગયો છે.

"બિહારીભાઈ, આપનાં સંતાન ન આવ્યાં કે તમે ન લાવ્યા?"

"ક્યાં બધાંને લઈને ફરીએ બહેન! તમે એક વેળા આવી જાઓ. પછી અમે ય આવશું. વસ્તારી માણસ. ઘર કોણ સંભાળે?"

"હા. એ ય ખરું. પણ બધાંને લાવ્યા હોત તો ઠીક પડત."

"ચાલો, હજી ક્યાં વહી ગયું છે?"

"એ તો છે સ્તો!!!

"તમારાં બાળકો તો ભણતાં હશે?"

"હા, એક પુત્રી સિવાય બધાં—"

"પુત્રીને કેમ ભણાવતા નથી?"

"ભણાવી તો છે થોડુંક. પણ ગ્રામજીવન જાણો જ છો ને? એ છોકરીનો...?"

"શું છે!" "કેમ અટક્યા બિહારીભાઈ! તમે આટલી જુદાઈ રાખો છો?"

"ના રે."

"ત્યારે?"

"પણ એ જ મારી જ્યોતિ—અમારા જીવનની જ્યોતિ હતી. આજે અંધારું છે."

"આમ શું બોલો છો? વારુ, ઉમ્મર કેટલીક હશે?" બિહારીની વિષાદ છાઈ મુખમુદ્રા જોઈ પ્રેમળની માતાએ વાત બદલી.

"ઉમ્મર કેટલી હશે? અઢારેક."

"પરણાવી નથી?"

"પરણાવવી તો છે. પણ લાયક મળે ત્યારે ને. તમે કોઈ શોધી આપો તો? એ તમારે માથે લ્યો."

એટલામાં પ્રેમળ ને પ્રેમળનો મિત્ર આવી પહોંચ્યા ને બધાં ય ચાનો વખત થયો હોવાથી ચા પીવા સાથે બેઠાં.

"બિહારીભાઈ! તમે આટલા સુશિક્ષિત ને સજ્જન છો તો અહીં આવીને રહોને?"

પ્રેમળનો મિત્ર બોલી ઊઠ્યો.

"કેમ ભાઈ! ગામડાંમાં શું સુજનતાને ડંખ લાગે છે?" બિહારીએ જવાબ આપ્યો.

"ના. એમ નહિ. પણ અહીંની સોસાયટી ક્યાં ને......"

"હવે તને શી ખબર! ગામડામાં શું છે તે?" પ્રેમળે એના મિત્રને શહેરી પોત પ્રકાશતો અટકાવ્યો.

"બહેન, આ પ્રેમળભાઈને હવે ક્યારે પરણાવશો?" બિહારીએ પૂછ્યું.

"ભાઈ! પરણાવવાનું મને પૂછો છો? એનું જોડું જોવા તો મારી ઊંઘમાં પણ આંખ ઊઘડી જાય છે. પણ આ જવાનીઆ કોઈના વાળ્યા વળ્યા છે?......"

"......તે હાર્યા વળશે એમ કહી દેને?" પ્રેમળ વચમાં જ બોલી ઊઠ્યો.

"ના, એમ નહિ. પણ બિહારીભાઈ, એની નજરમાં કોઈ છોકરી જ વસતી નથી."

બિચારી માતાને ખબર પણ નહોતી કે નજર કરતાં પ્રેમળના હૃદયમાં કોક વસવાટ કરી રહ્યું છે.

"કેમ એવું શું છે?"

"તો તમે જ કહી જૂઓ. તમારું માને તો. કન્યાએ તમારે ખોળવી ને એ બધું તમારે માથે! છે પછી કૈં?"

"તો તમે કહી જુઓ તમારું માને તો." એ શબ્દોએ બિહારીના મગજને ઘૂમાવી દીધું.

"અરે, એવાં મ્હારાં સદ્ભાગ્ય ક્યાંથી?"

"ના, ના, હું મજાક નથી કરતી. એને પરણાવો તો તમે જ મારા સાચા ભાઈ."

"કેમ પ્રેમળભાઈ! શો વિચાર છે?" બિહારીએ પૂછ્યું.

"તમે કહો તેમ." પ્રેમળથી કહી દેવાયું.

"જુઓ બેન! સાંભળ્યું. તમે જ નકામું એમને હેરાન કરો છો. એ ક્યાં ના પાડે છે?"

"તો એ જવાબદારી તમારે શિર.' એટલામાં ટેલીફોનની ઘંટડી વાગી; ને પ્રેમળ મિત્ર સાથે બ્હાર ગયો.

બિહારી પણ એકાંત જાણી જ્યોતિ માટે માગું કરી બેઠો.

પ્રેમળની મા ખચકાણી. ગામડાંનાં માણસ–કન્યા કેવી હશે વગેરે વગેરે વિચારોએ એના મગજને ચગડોળે ચઢાવી દીધું.

"જોઈશું" કહી પ્રેમળની માએ પતાવવા માંડયું.

"ના. બેન એમ નહિ. આપણે બન્ને અમૂંઝાયેલાં છીએ."

"હું પ્રેમળને પૂછી જોઈશ."

"તો હમણાં જ પૂછો ને. શુભ કામમાં વળી ઢીલ કેવી?"

પ્રેમળના ઓરડામાં જઈ માએ 'નકારની' જ આશાથી બધી વાત કહી, પણ પ્રેમળે તો સંતોષથી અનુમતિ આપી. માતાએ ફરી વિચાર કરવા કહ્યું, ત્યાં પ્રેમળનો મિત્ર બોલી ઊઠયો.

"જુઓ બા, હજુ સુધી તમે પ્રેમળનો વાંક કાઢતાં હતાં. હવે એ હા પાડે છે ત્યારે તમે આડાં થાવ છો!"

"મારે શું લેવા આડું થવું પડે? પણ આપણી સમાજ-સ્થિતિ......"

એનો વિચાર મારે કરવો નથી." પ્રેમળે ગુસ્સામાં કહી નાખ્યું."

"વારુ ત્યારે જા. હા પાડી આવ તું જ."

"હા, હું જ જઈશ."

માતા–પુત્ર વચ્ચે આમ ઠીક નહિ જાણી પ્રેમળના મિત્રે પતાવટ કરી. પોતે જ જઈ બિહારીને પ્રેમળની ઇચ્છા જણાવી.

બિહારીને તો અહીં જ મરવાનું મન થયું. કારણ આટલા સંતોષથી મરવાને બીજી તક મળશે કે કેમ એ એને શંકા હતી.

બિહારી, પ્રેમળ ને પ્રેમળની મા એકમત થયાં ને પ્રેમળ જ્યોતિનું નક્કી કરી નાંખ્યું.

બીજે જ દિવસે બિહારી ઘેર ગયા.

થોડાક દિ' આમ ગયા ત્યાં તો પ્રેમળની માથી રહેવાયું નહિ. તેણે ઓચિંતાં જ બિહારીને ત્યાં જવાનું નક્કી કર્યું.

બિહારીને ગામ જઈ એ ચારે એક દિન રહી.

એકવેળા વાત કરતાં એણે બિહારીને પૂછ્યું:

"બિહારીજી, તારી જ્યોતિ કેવી છે ?"

"કેમ ? બિહારીએ જરા ગભરાઈ પ્રશ્ન કર્યો."

"મારાંય આંગણાં પાવન થશે."

"અરે એ શું બોલ્યાં ?" કૈંક વિરુદ્ધ લાગણીની કસોટીએ ચઢી ઉતર્યો જેમ એ બોલ્યો.

"તમ જેવાં અમને મળે ક્યાંથી ?" આ તો નાને માથે મોટી પાઘડી થઈ ગણાય."

"વારુ. પણ તમે ગામડાંનાં ને છોકરીને આટલી મોટી કરી કંઈ ?"

"શું કરીએ બ્હેન ?"

"કેમ ! એવું શું હતું ?"

"બ્હેન જુઓને. જ્યોતિની અહીં કોણ પરખ કરે ? ઝવેરાત તો ઝવેરી જ મૂલવેને ?" બિહારીનાં એક પાડોશણ ડોશી બોલી ઊઠ્યાં.

આમ વાતો થતી હતી ત્યાં બિહારીને પંચકચાસ કરવા જવાનું તેડું આવ્યું. બિહારી ગયા ને બિહારીની પાડોશણો પ્રેમળની માતા જોડે વાતે ચઢી.

"......તે બ્હેન ! જુઓને, તમારા ચિરંજીવ તો અહીં આવ્યા હતા નહિ ?"

"કેમ, ગયે ઉનાળે આવ્યા હતા ને ?" બીજી પાડોશણ બોલી ઊઠી.

"......ને પેલા મંદિરમાં ઊતર્યાં હતા ને બિહારીભાઈ જમવા તેડી લાવ્યા હતા."

"હા. એ જ કે? વાહ એ તો રાજાના કુંવર જેવા હતા. બિહારીભાઈનાં ભલાં નસીબ! પણ બિચારી જ્યોતિ...?"

"કેમ બહેન એમ?" પ્રેમળની માતાએ પ્રશ્ન કર્યો.

ઠીક છે બહેન બધું. તમારાં જેવાં મોટાં માણસ આગળ શી વાત કરવી!"

"ના બહેન તો ય કહો. તમારો ઉપકાર થશે બહેન!"

"આ જુઓને બહેન, પ્રેમળભાઈ લાખેણું માણસ; ને તમેય દેવી જેવાં. બિહારીભાઈ પણ ઓછા થોડાક જ છે! પણ જ્યોતિનું કોઈ માગું જ નહોતું ઝીલતું તે તમે ઝીલ્યું."

પ્રેમળની મા ભરદરિયે તુફાનમાં સપડાઈ ગયાં વહાણ જેવાં ગભરાયાં. વિચાર, ભય, આશંકા, કુશંકા, ક્રોધ, ઉતાવળ વગેરેની તરંગામાળા એમના હૈયાને ગુંગળાવવા માંડી.

"તે શા માટે કોઈ માગું ઝીલતું નથી! છોકરી તો રૂપાળી ભણેલી ગણેલી ને બધી વાતે ઠીક છે આમ તો!"

"એની તે ક્યાં મણા છે. પણ...!"

"શું પણ? બહેન મને છાનું તો કહો. હું અંધારામાં ન રહી જાઉં. કહોને બહેન?"

"બહેન, વાત જાણે કે એમ છે કે આ તમારો આટલો પ્રેમ છે ને એક ખોટનો દીકરો છે તો મારે કહેવી જ જોઈએ. આપણે શું કોઈનું ભલું થાય એટલી જ આપણી તો માયા. બહેન, ખોટું ન લગાડશો આ તો જોઈ જાણી વાત છે.

આ જ્યોતિની માનાં જાણે કે પગલાં ખરાબ.

આ બિહારીભાઈ પરણ્યા ને તરત જ ઘરનાં સૌ–નાનાં મોટાં–બધાં એક એક કરી પરવારી ગયાં. ઘર–મેળા જેવું ઘર, ખાલી થઈ મસાણ જેવું થઈ ગયું બા. એની જ આ છોકરીને?

એનાય કે અહ એવા હશે...પાંચેક વરસ ઉપર સ્હેજ–એક કુંવર જેવા છોકરા સાથે બિહારીભાઈએ વાત કરવા માંડેલી.

છોકરો પણ પેલા કાન્તિલાલનો એકનો એક જ–લાડકો. પૈસાની તો નદી વહે. જેની આ વીસ ગાઉમાં તો વાહ વાહ બોલાય. ગાડાં, ગાડી બધું ય ખરું. પણ જ્યોતિની વાત થઈ ને કોણ જાણે એક અઠવાડિયાંમાં જ ફાટી પડ્યો ભા ! ને આજ કાન્તિલાલને ઘેર ખોટ પડી. એ વાત સંભારતાં તો મારાં રૂવાં ય ઠરી જાય છે. પ્રભુ દુશ્મને ય એ ઘડિ જોવા વારો ન આપે. "

સ્ત્રી સ્વભાવ !

પ્રેમળની માતા કોઈ તિરંદાજના તીરથી બચી ગયા જેવી ગભરાઈ ને હરખાઈ.

તેણે બીજે જ દિવસે વિદાય લીધી.

અમદાવાદ જઈ બે ત્રણ વડિલોને ભેગા કરી–પૂછી બિહારીને ના લખી નાખી.

પ્રેમળનું કલ્પાંત શહેરમાં જ રહ્યું. માતાનાં આંસું આગળ પ્રેમળ નિષ્પ્રાણ થઈ ગયો.

આમ ગામ ને શહેર વચ્ચેનું અંતર પ્રેમળ જ્યોતિનાં હૈયાં વચ્ચે આવી ઊભું.

આવી કેટલીય પ્રેમળ–જ્યોતો અકારણ બૂઝાતી હશે?

★

પારેવું ઊડી ગ્યું!

મલિનતાથી પુણ્ય દૂર વસે છેઃ પાપથી પ્રેમ દૂર વસે છેઃ ને સ્વાર્થથી સૌન્દર્ય દૂર વસે છે; તેમ એકાદ નાના ગામડાથી દૂર હરિયાળાં ખેતરોની હારની હાર લાગી ગઈ છે. સ્નેહને સૌન્દર્ય હોય ત્યાં કાંઈ અજબ સર્જન પણ હોય છે. તેમ આ નિર્દોષ કૃષિકારોની ભૂમિ સર્જનનું સંગીત ગાતી હતી. સૃષ્ટિ આજ સુંદર લાગતી હતી.

એકાદ ખેતરની અંદર કોક વાત કરતું હતુંઃ

" અલ્યા કરહણ ! "

" કેમ રૂપલી ! "

" આ જોને, અહીં છોડું રહી ગયું લાગે છે. તારા બા જોશેને તો..."

" અરે ખરું કહ્યું હો, લાવ થોડા કાંટા નાખી દઉં." રાતે જાનવર પણ ખાઈ જાત કદાચ ! "

" એ...તે પણ તારું ચિત્ત ક્યાં ભમે છે તો !"

" આ વાડીમાં જ બીજે ક્યાં...વળી ? "

" ના. ખોટું ના બોલ્ય."

" હું ખોટું બોલું ! જોઈ ના હોય મોટી હાચની દીકરી."

" જો, એક તો ખોટું બોલે છે ને પાછી મને જૂઠી પાડે છે તે નફામાં."

" ત્યારે હું તો તને નફો જ કરાવું છું ને! તોય ક્યાં..."

" જા, જા હવે. આ માથા પર દન આવ્યો ત્યારનું કામ પૂરું થયું'તું. પછી શા સારું અહીં ઝૂરે છે ? "

"ઝૂરતો હઈશ તારા મનથી તો !"

"નહિંતર !–પણ અલ્યા કરહણ, તે કોના વાસ્તે તું આટલાં વાનાં કરે છે ?"

"કયમ, તને નથી ગમતું કે ?"

"મને શું કામ ન ગમે ?"

"પૂછ તારા મનને !"

"મારા મનને વળી તું પૂછાવે છે ? વાહ !"

"પણ કહે તો કોના...?"

"વળી બીજા કોના ?–આના–"કહી રૂપલીને એક ટપલી મારે છે.

"લે હવે ભૂંડો ન થા ભૂંડો. ચાળો મેલ્ય ચાળો. હવે હું કૈં નાની થોડીક જ છું ? ને તું ય મોટો ભાયડા જેવડો !"

"ત્યારે જ કહું છું ને !"

"લે હવે, કહ્યાં કહ્યાં ! કહેનાર મોટા ન જોયા હોય તો !"

આમ તો કેટલીય ઋતુઓ આ જુવાન મિત્રોએ જંગલમાં ગાળી. ઘેન ચરાવ્યાં, હળ હાંકયાં ને ખેતર ખેડયાં.

હવે તો એમનાં જીવનનાં ખેતર પાકવાની ઋતુ આવી.

આજે પણ રોજની માફક રૂપલીની રાહ જોતો કરહણ બેઠો છે. બાપનું ભાત લઈને, કૈંઈ મોડું થયું હશે તેથી રૂપલી ઝપાટાભેર ચાલી જાય છે.

"અલી રૂપલી !"

"એ હું વળતાં મળીશ; આ બા વાટ જોતા હશે."

"અલી પણ સાંભળ તો ખરી."

"એ...સાંભળ બાંભળ પછી–" એમ કહેતીક રૂપલી પવનની લહરી જેમ શીત આપી ચાલી ગઈ ને આંખો ચોળતો કરહણ વાટ જોતો જ બેઠો ત્યાં–

"એ કરહણ ભાઈ ! પેલાં ઢોર પેઠાં.–એક કરજે તો હોકારો." કોક ખેડુ બોલ્યો.

"અરે. હવે બલેને પેઠાં તો—એમાં તારી તે શી પુંજી ગઈ?" કહેતો કરહણ ઊઠયો ને ઢોર હાંકવા પ્રયત્ન કરવા માંડયો. ઢોર ગયાં ને એ થાકીને બેઠો.

"એ કરહભાઈ, પેલાં હોલાં આવ્યાં—ઉડાડજો તો જરી,આ પાક ખાધો દેખું."

"ખાધો તો છો ખાધો. તું મારો કયાં જીવ ખાવા મંડયો છે? રાખ્ખશ કઈનો! વેળ કવેળ જોઈને તો બૂમ પાડ, ભૂંડા. કરહણ, કરહણ, તે શું છે?"

થાકેલાં માણસો બીજાંને પણ થાકેલાં માને છે. હવે પશુપંખી તે કૈં વખત જોઈને આવે છે કે ખેકુ વેળ કવેળ જોઈને બૂમ મારે? આવી બૂમો કરહણના કાનમાં વસતી જ નહિ તેથી "હેં" કહી કરહણ પાછો શૂન્ય થઈ ગયો.

દૂરથી રૂપલીને આવતી જોઈ કરહણ ઊભો થઈ ગયો ને તેના તરફ જોવા મંડયો.

બિચારો ખેકુ પોતે બળદ મૂકી પંખી ઉડાડી ગયો ને તેને જોઈ રૂપલી પણ રસ્તે જ ચાલી ગઈ આવી હતી તેમ.

"અલ્યા મૂવા કયાંથી ફાટી નીકળ્યો વળી અત્યારે?" કરહણ ખેકુ ઉપર ચીઢાયો.

"આ ભાઈ, પંખી ખેતર સાફ કરી નાખત ને! તે..."

"તે, તે શું? બોલને કરહણ અજાય છેડાયો."

"તે મેં ઉડાડી દીધાં."

"પણ મૂરખા, પેલી ઢેલ ઉડાડી તેનું શું?

"એ વળી શું શું બોલો છો ભાઈ? આવું જ ને! શી દુનિયા છે? છે ને જશને માથે જૂતીઆં!"

"બેસ, બેસ હવે, લાંબું ટૂંકું કર્યું છે ના તો એક બે આંગળ ભરી જીભ જ કાપી નાખીશ!"

"લો, તે મેં હું કયું ભાઈ!—તે આમ ભડકો છો શેં ના?"

"જા જા હવે, કામ કર કામ. નહિ તો આજ રાતે ભાને કહી પાંસરો કરાવી દઈશ પાંસરો. કામ કરવા આવ્યો છે કે વકીલાત!"

બિચારો ખેડુ મૂંગે મ્હોંયે કામે ચઢ્યો. આકાશમાં વીજળી થાય ને ગધેડી બીંતે લાતો મારે તેમ રૂપાં ગઈ એમાં આ ખેડુને સાંભળવું પડ્યું.

કુકડો બોલે એ વેળાની વાત છે. દેહ ઉપર માંખ પણ ન ઠરે એવા દેહવાળી ગાયોને ડચકારતી આંખ ન ઠરે એવી રૂપાં નદી કિનારે ઊભી છે. ગાયો પેલે તીર પહોંચી ને રૂપાં પણ ઝટ દઈને પાણી કાપી પાર જઈ ઊભી.

વડલાના જૂથમાં બેઠો બેઠો કરહણ આ બધું જુએ છે. જરાક અસ્વસ્થ થાય છે. એના હાલવાથી પાંદડાં હાલ્યાં ને એમની વાચા જાણે રૂપાં ન સમજતી હોય તેમ એ ગોવાલણ કરહણને જોઈ જરા આકાશની ઉષાની સાથે હસી. કરહણ જરા ડોલ્યો ને ડૂબ્યો વિચારમાં.

"અલ્યા કરહણ! ચાલ ચાલ વાડીયે ચાલ. ખેતરે નથી જવું શું?"

"ના રે, જવું છે ને? ચાલ આ ચાલ્યા." કરતો ફાળિયું બાંધી કરહણ રૂપાંની આગળ થયો. આગળ ગાયોનું ટોળું ને પાછળ પાછળ કરહણ ને રૂપાં. જાણે કાન ને રાધા! ખરીઓની પાછળ પાછળ વગડો કાપે છે.

"રૂપાં!"

"બોલ. પણ સબૂર. આજ તો કૈં રૂપાં કહી! કેમ?"

"હશે. જો એક વાત કહું."

"હા તે કહોને ના કોણે કહી તી જ!"

"જો!"

"શું તું યે કરહણ! હું તે સાંભળું કે જોઉં! ઘડીમાં કહે છે સાંભળ ને ઘડિકમાં કહે છે જો!"

"હવે જીભા જોડી મેલ તારી. જરા ડોળો સીધો રાખ સીધો."

"એટલે? શું હું બાડી છું? તું શું મારી મશ્કરી જ કરવા આવ્યો છે! જા ત્યારે, હું તો આ ચાલી આમ મારી ગાયો વાળીને........"

"રૂપાં, રૂપાં જો તને ચીઢ જ ચઢે છે ને તે પણ મારા ઉપર જ. બીજું કોઈ મળતું જ નથી જાણે!"

"ત્યારે તું જ શોધી આપને!"

"તો તમને ગમશે?"

"હુઉ ઉ. શું કામ નહિ?"

"એમ ત્યારે તો! હવે હું સમજ્યો."

"તે તું હવે શું સમજ્યો?"

"કૈં નહિ." એમ કહેતાં તો એના હૃદયમાં ઉલ્કાપાત થતો હોય તેમ એના મોં પર રેશાઓ તરવા માંડી–જાણે લાગણીઓનું યુદ્ધ ચાલ્યું.

"કરહણ, કરહણ." રૂપાં બોલાવે છે.

કરહણ એક ઝાડની નીચી ડાળ પકડી ઊભો રહે છે. રૂપાં ત્યાં જાય છે. એના હાથ પકડી બોલી :

"કરહણ! કરહણ!"

"બોલ, બોલ ને!" રૂપાં પર છણકો કરે છે.

"ઓત્તારીની! શું કરડયું કૈં?"

"હા."

"ઓહો! તો કોણ કરડયું છે ભ'ઈ?"

"નાગણ."

"તો પકડોને એને, જો ડંખતી જ હોય તો."

"એમ?" કહે તે પહેલાં તો કોણ જાણે કરહણે એકદમ એના કમ્મરે હાથ વીંટી પકડી લીધી ને બાજુમાં નમી રહેલી નાની ડાળી ઉપર બેસાડી બોલ્યો:

"બોલ હવે લઈશ અબોલા?"

"અબોલા!"

"હા અબોલા. કાલે નાસી ગઈ. રાત કેમ ગઈ હશે અમારી ખબર છે કૈં તને!"

"હા."

"કેમ?"

"ઊંઘમાં નાચ્યો તો નહોતો ને કૈં?"

જો તું મને હવે ખૂબ જ સતાવે છે રૂપલી."

"એમ! સાચે સાચ? તો તો હું જીતી. નાચ તો ખરો એના માનમાં એકવાર."

કરહણ એના સામું જ જોઈ રહે છે. વાડીની વેલશી રૂપાં હરિણી જેમ કૂદે છે ને કરહણનો હાથ પકડી ચકર ચકર ફૂદડી ફરે છે ને ફેરવે છે ને ફરતાં ફરતાં ઝપ દઈને છોડી દઈ ઢોંગ કરી પડી ગઈ હોય તેમ થડમાં બેસી જાય છે.

"રૂપાં, રૂપાં, તું પડી? વાગ્યું?" કહેતો કરહણ પાસે જઈ બેસે છે.

"છેટા રહો છેટા; હવે કૈં નાના નથી, કાલે જ નહોતું કહ્યું."

"હા. નથી નાનો લે." કહી કરહણ એની સોડયમાં ભરાણો ને કોણ જાણે કેમ રૂપાંએ એને પોતાની સોડયમાં હૂંફ દીધી.

આમને આમ એકાદ કલાક વીત્યો ને બન્ને ઊઠ્યાં.

"કરહણ આપણે પકડાવાનાં તો?"

"તો શું?"

"તો શું પૂછે છે? તારો ભા; મારો ભા; બેય બળીઆ લઢશે ને તો લાખો વાનાં થશે."

"તેથી શું?"

"શું! આ લોકને જોવા જેવું થશે. બીજું તો શું?"

"આપણે બેય લોકોને જોવા જેવાં જ છીએ ને!"

" જોયા, જોયા હવે ન જોયા હોય તો !"

" પણ તેં તો મને જોયો છે ને ? જોઈ લે ફરીને કૈં રહી જતું હોય તો !"

" જોયા જોયા હવે. પાછા જાણે રાજાના કુંવર ન હોય !"

" ઠીક ઠીક હવે. રાજકુંવર હોત તો તારા સામુંય કોણ જોત !"

" છો જાવને ત્યારે; વગડાને થોડાંક ક્યાં કમાડ છે ?"

" ના, ના રૂપાં હું હસું છું."

" હસું છું ! શા સારું હસું છું ? રડોને, કોણ ના પાડે છે ?"

એટલામાં નમતો પહોર થયો ને ધણ વાળી બન્ને પાછાં વળ્યાં. ગામમાં પેઠાં ને એમની પાછળ જ અંધારાં પણ ગામમાં પેઠાં ને કોઈને કંઈ દેખાયું નહિ.

આ બધી વાતો રૂપાંના બાપને મળી ને બાપ ગભરાયો. 'છોકરાં છે જંગલમાં એકલાં જાય; ન જાણે કોક દિ' મોં સંતાડવું પડે.'

તેથી આજે રૂપાંને બાપે બોલાવી, કે એકાએક.

" રૂપાં !" બાપે વાત્સલ્યભર્યો સાદ દીધો.

" તે ભા આવી."

રૂપાં જાણે રૂપ જીતી આવતી હોય તેમ ધરતી દાબતી આવી.

સામે ભા ને બા બેઠાં છે. બન્નેના મુખ ઉપર હજાર પ્રશ્નો તરે છે, ને રૂપાં અમૂંઝાય છે. ત્યાં તો ભા બોલ્યા:

" બેટા ! કાલે જ તારા માટે આપણા પેલા ધના પટેલને ત્યાંથી માગું આવ્યું હતું. જોયો છને તેં એમનો પેલો માધો ! તે દન નહિ, આપણે જીવાની જાનમાં ગ્યાં તારે કસુંબા આપતો' તો અમને ! છોકરો આમ ઠીક છે. પાસે બે પૈસાનો જીવ પણ ખરો ને નામ પણ નાતમાં ભલું."

ભાએ યથોચિત પ્રસ્તાવના કરી પોતાની માની સોડયમાં

બેઠી બેઠી રૂપાં ગભરાયેલી હરિણી જેવી કાંક કાંપી તે માએ કળ્યું. એણે વાત પડતી મૂકી: થોડીવાર થઇને પાછું ભાએ પૂછ્યું:

" બેટા ! તારો વિચાર હોય તો હવે હું વધામણી કરું. તે આ ઘડી પછી વિચાર કરી તારી માને કહેજે હોં ભા, આ હું તો જરા વાણિયાને ઘેર જઈ આવું."

× × ×

ભા તો જઈ આવ્યા પણ મા–દીકરી તો તેમનાં તેમ જ બેઠાં છે. નથી તો માએ કૈં પૂછ્યું કે દીકરીએ કૈં કહ્યું; એણે તો આંખથી મટકું પણ ભર્યું નથી.

" રૂપાં ! ત્યારે ઠીક જ ના ! તને ગમે છે ને બેટા ?"

રૂપાં તો કાંઈ બોલી નહિ.

ભલા ભાએ જાણ્યું દીકરી શરમાય છે, ' મારી દીકરી ને !' એમ વિચાર કરી જરા ગર્વ લઈ વાણિયાને ઘેર ગયા ને ધના પટેલને બાનાનો રૂપીઓ આપી આવ્યા.

* * *

આજ ધના પટેલનો માધો વાજતે ગાજતે ગામમાં જાન લઈને બેઠો છે. ઉતારે લોકની ઠઠ જામી છે. વાતો થાય છે ને અમલ કસુંબા ઘૂંટાય છે.

રાત વધવા માંડી ને અંધારાં ઘેરાયાં.

રૂપાંના ઘર પછવાડે કરહણ કાંકરા ગણે છે. એક જ કો પત્થરના કાંકરાં–ને એ જુદા કાંકરા જેમ એના હૈયાની ય રજ રજ જૂદી પડતી હતી.

પાછળથી રૂપાં આવી.

" કરહણ ? "

" રૂપાં ?"

બન્નેની આંખમાંથી ધારો–ગંગા–યમુનાની ધારો વહેતી હતી. મુખને બદલે આંખો અશ્રુદ્વારા વાતો કરતી હતી.

ઘર આગળ ગોર ભાગ્યા તૂટ્યા શબ્દ ભણે છે શ્લોકના—આ બન્નેનાં હૈયાં ભાંગ્યા જેવા.

ઘડી પછી મૌનનો પત્થર તોડી રૂપાં બોલીઃ

" કરહણ ! હું જાઉં છું. દિલ કાઠું રાખજે. "

" રૂપાં ! તેં આ શું કર્યું પણ ? "

" મેં કર્યું ! મારે જ કરવાનું હોત તો આમ કરત ! એટલું જ પારખું કર્યું ને ! "

" ના, રૂપાં પણ ! "

" એ પણ બણુ કૈં નહિ. તે દન પારેવાં ઉડાડવા ગ્યો'તો ને ! તો હવે થોડા દન પાછાં પારેવાં ઉડાડ. એટલામાં આ જીવ પાછો આવી પ્હોંચશે. બન્ને પંખેરું બની મળશું ક્યાંક ... "

" કન્યા પધરાવો...સાવધાન " શબ્દ વાતાવરણમાં ગૂંજ્યા કે તરત જઃ

" જો કરહણ ! આવજે—પાણી આરે પારેવડાં ઉડે ત્યાં—કરહણ આવજે. "

આ સાંભળી રહ્યો ત્યાર પહેલાં વીજળી ગર્જના કરી ચાલી ગઈ હતી. કરહણને અંધારાં આવ્યાં ને પાછું જગત જોયું ત્યારે તો પ્રભાતનો કૂકડો રોજ જેમ ફરી બોલતો હતો ને જાન ભાગોળે વિદાય લેતી હતી તેનું વાજંત્રિ વાજું વગાડતા હતા.

ને એની સાથે કરહણના જીવનનું વાજીંત્ર ને વેણુ ગયાં. ઘેર જઈ લાંબી સોડ્ય તાણી કરહણ સૂઈ ગયો. રૂપાં લાંબી વેલમાં બેસી લાંબે પન્થે વળી. ભવભવની લાંબી વાટ રૂપાં–કરહણનાં હૈયાં વચ્ચે આવી ઊભી કાળની મેખ જેવી !

*

તણખા

કુતૂહલ પણ કોઇ અજબ આકર્ષણ છે. કોઈ એને નિર્બળતા કહે છે તો કોઈ એને પ્રલોભન કહે છે—લેખે છે. કુતૂહલથી પ્રેરાયેલા મનુષ્યને યશ કે પરાજય પછી પણ કોઈ અજબ કુતૂહલનું પરિણામ લાગે તો કુતૂહલ ન કહેવાય!

જીવનની સીમાઓ વટાવી જતા પથિક જેમ હું એક પંથે ચાલ્યો જતો હતો. રાત અંધારી હતી અને અમાવાસ્યા હજુએ અંધારઘેરો કરી રહી હતી.

મારી આંખોની તારલી કોક કલાકારને કદાચ ઊર્મિ પ્રેરે એવી તગતગતી હતી; ઘોર અંધકારને લીધે કે ચેતનને લીધે એ તો રામ જાણે!

જીવનમાં તો શું આકાશમાં ય એકે તારો નહતો કે એંધાણ બાંધી આગે કદમ ભરું. ભર્યા ભર્યા જગતમાં આમ એક કુતૂહલ ભર્યું વાતાવરણ બની રહ્યું હતું. અતિ ચેતન કે અતિ શૈથિલ્યમાં ગતિ ચાલ્યે જ જાય છે એમ મારા પગની ગતિ થંભતી ન હતી. આંધળીઆં ખાતા પગ મને ક્યાંક ઘસડી જતા હતા.

દૂર દૂર ક્યાંક મેં બે તણખા જોયા. એ તણખા અને મારી વચ્ચે અંધારનાં પટ, એટલે જાણે કે, અમે કોઈ વિવિધ દુનિયાને કાંઠે હોઈએ એવા.

મરણિયા પગમાં મારા મનોબળનું પ્રાબલ્ય પહોંચ્યું ને હું કેમ કરતોક પેલા તણખા ઉડતા હતા તે દિશા તરફ ચાલ્યો–તે ચાલ્યો જ ગયો.

કુતૂહલ પૂરું થવા આવ્યું ત્યાં તો કૈં અગમ વિચારસરણીનું વમળ ઉઠ્યું ને પાછું કુતૂહલ થયું. અંધારામાં પણ જીવનથી આમ-

જીવનથી જરા પરિચિત હોઈ મેં પરખી કાઢયું–કોઈ માનવ બીડી પી રહ્યો હતો.

હું પાસે ગયો. નાની ઝૂંપડી હતી ને તેની આગળ એક નાની સરખી ઓટલી હતી. વિશાળ જગતને કાંઠે એક બિન્દુ જાણે !

મારો પગરવ પેલા માનવને કાને પડયો ને તણખાની દિશા બદલાઈ. પાણી પાણીમાં મળતાં ધસે એમ દષ્ટે દષ્ટ મળી ન મળી ત્યાં એ ઊભો થઈ ગયો.

હું ગભરાયો. એ ગભરાયો હશે? અમે બન્નેએ કોણ જાણે શા સારું પણ ખોંખારી નાંખ્યું. અમે બન્ને એકબીજાના સામું જોતાં આગળ વધ્યા.

મારા ગભરાટને છૂપાવવા મેં કહ્યું:

"ભાઈ, ગભરાશો નહિ."

પેલો માણસ તો તરત ખડખડાટ હસી પડયો. હું તો હિંમત ન જાળવી શકયો. કંપ દિલમાંથી ભૂમિમાં પસાર થવા માંડયો. ત્યાં તો પેલા માણસે મારે ખભે હાથ મૂકયો.

"આવો." એણે કહ્યું.

એ આવકારે મારો પગ પાછો પાડયો. હું હજુ વિચાર કરું એટલામાં તો એણે મારો હાથ ખેંચ્યો ને બોલ્યો:

"આવો, મને ન ગભરાવાનું તમે કહો છો? જગતનાં માનવી એમ જ કહેતાં આવ્યાં છે. પણ તમે જ ગભરાવ નહિ. આવો, જરા બેસો."

આમ અહીં એણે મને પેલી નાની સરખી ધૂળવાળી ઓટલી ઉપર બેસાડયો ને એ બોલ્યો:

"કેમ ભાઈ! આ ટાણે આ બાજુ કયાંથી ચઢી ગયા?"

"જરા ભૂલો પડી ગયો છું."

"જરા! ઘણું કહો ઘણું. જરા કહેનારાને માથે હદ વીતી ગઈ હોય છે."

તે ફરી હસી પડયો ને બોલ્યોઃ

"જુઓ, હું યે પન્થ ભૂલેલો છું તમારા જેવો. અહં એવો નહિં—જરા નહિ; મોટો પન્થ ભૂલેલો છું.—મોટો મૂરખ છું."

હું તો કોઈ વિવિધ કુતૂહલ અનુભવ કરતો હોઉં એમ અંધાર કાપી એના મોંની રેખાઓ દેખવા-પારખવા પ્રયત્ન કરતો હતો. આમ થોડી વેળા વીતી ને મારા હૈયામાં હામ વળી. ને તરત જ એ બોલ્યોઃ

"હં એમ જરી સ્વસ્થ થાવ."

હું વચમાં જ બોલી ઊઠયોઃ "પણ ભાઈ તમે છો કોણ?"

"કોણ? —હું કોણ?—માણસ—"

"એમ નહિ.—"

—"હો હું સમજ્યો. જાણવું છે તમારે હું કોણ છે? ક્યાંથી આવ્યો છું! વગેરે વગેરેને?"

આમ એ માણસ આખી પ્રશ્નાવલી લલકારી ગયો. આ માણસ તો મારી માનવતા હણતો હતો.

મને લાગ્યું આ માણસ આમ જ કરશે. તો હું કદાચ મૂઢ થઈ જઈશ એની વાત પૂરી થતામાં જ. ત્યાં તો એ બોલ્યોઃ

"જુઓ બહુ દિવસનું મૌન. બહુ દિવસનું એકાન્ત, બહુ દિવસનું—"

એ એકદમ અટકી ગયો; ને હું બોલ્યોઃ

"કેમ ભાઈ અટકયા?"

"કેમ અટકયો? અરે ચાલ્યો જ કયાં હતો તે?"

વળી પાછો હું સંભ્રમમાં પડયો. મને લાગ્યું આ માણસનું કૈં ફર્યું લાગે છે. મારું કયાં ભાગ્ય ફર્યું કે અહીં આવી પહોંચ્યો!"

"જુઓ," તે બોલ્યોઃ "શો વિચાર કરો છો?"

"મારી વાત સાંભળો. વિચારવા કે વિમાસવા જેવું કૈં જ નહિ રહે. આખી...આખી—આ...ખી આલમનો ઈતિહાસ કહું છું. સાંભળો—

"એક એવો દિન હતો—જીવન, પ્રવૃત્તિ, ચેતન, શબ્દોથી હું રાચતો ને એમાં જીવતો. એક દિન એવો પણ હતો જ્યારે હું શૈશવ યાદ કરતો, બાલ્યાવસ્થા યાદ કરતો—એની નિર્દોષતા માટે. પછી આવ્યો લોકો કહે છે એવો મારા જીવનનો ઉષઃકાળ ને—"

તે જરા થંભી ગયો. મારી આંખમાં અધીરપ ને કુતૂહલ જોતો તે ફરી બોલ્યો:

"ગભરાવ નહિ. કહું છું. ઘણું બધું કહું છું. હજી મારે કહેવાનું છે. મારા જીવનમાં ઉષા ઊગી—નિર્મળ ને સુરેખ, રમ્ય ને મધુર—આકાશની ઉષા જેવી બરોબર.

પ્રભાતનાં પંખીને ગાન કરતાં સાંભળ્યાં છે? જોયાં છે તમે પ્રભાતમાં પ્રવાસે પડતાં પેલાં ગોવાળ ગોવાલણો? એ બધું—એ બધું પ્રફુલ્લ પ્રવાસી જગત! જોયું છે ને તમે એ બધું—એ ઉષાનાં અંજન આંજ્યું જગત! શો અમલ હોય છે જગતના જીવ ને જીવનમાં? એવો જ મારી આંખમાં ને અંગ અંગમાં અમલ ચઢ્યો હતો પેલી ઉષાના પ્રતાપે!

મારે મન એ ઉષા હતી. મારા અંગને એ ચાંદની હતી; મારા જગતની એ શોભા હતી: ક્ષિતિજ હતી: ધ્રુવતારલી હતી.

ધ્રુવતારલી જીવનની સમીપ! હર્ષની કૈં સીમા રહે પછી! તમે જ જાણી લેજો, હું તમને એ નહિ કહું. મારી વાતની વેળ જશે."

નિર્મળ પ્રભાતમાં ને નિર્મળ ચાંદનીમાં એ ઉષા-ચંદ્રા સાથે હું રમતો ને ખેલતો.

જીવનનો મધ્યાહ્ન હું ભૂલી ગયો હતો મારા જીવનમાં મધ્યાહ્નને માર્ગ નહોતો.

હું તો ખીલતા પુષ્પ જેમ ખીલતો હતો એ મારી ઉષાની સોડ્યે.

પછી શું થયું જાણો છો? પણ સબૂર! એ ઉષા તે

જગતની ઉષાની જાતની હશે. જગતની ઉષા જાણો છો ને ઘડી ઘડી ને વિલોપ!

એમ મારી ઉષા મારા ઉરથી તો શું પણ મારા ઉંબરમાંથી ય પસાર થઈ ગઈ.

ને હવે કહો મારામાં શું રહ્યું? ભર્યા ભર્યા આકાશમાં ઉજાશ ન હોય, ભર્યા ભર્યા સાગરમાં ચેતન ન હોય, ભર્યા ભર્યા યૌવનમાં ઊર્મિ ન હોય, એવો હું ભર્યા ભર્યા જગતમાં ભૂલો પડ્યો. ને પછી?"

મને સ્તબ્ધ થતો જોઈ એ બોલ્યો.

"તમે પંથ ભૂલ્યા છો ખરું? ને ગભરાવ છો ખરું? પણ મારી ભૂલભૂલામણી!" કહેતાં એણે એક નિષ્ઠુર હાસ્ય કર્યું. કોના ઉપર? એના ઉપર કે મારા? એમ વિચાર કરું ત્યાર પહેલાં તો તે બોલ્યો:

"ભાઈ! વો દિન ગયે. હું ભટકવા માંડ્યો. ગામે ગામ અને ક્યાંક ક્યાંક ઝૂંપડીએ ઝૂંપડીએ ને શું માગ્યું? બધે મધ્યાહ્ન મધદરિયા ને મોત.

હૃદયમાં મૌનનું મોત ને જગતનાં માનવનાં મૃત્યુ મને ડંખવા માંડ્યા. મને ન જાણે શું એ થવા માંડ્યું—

મેં ગાવા માંડ્યું, કવિઓની જેમ નહિ. હું ચિત્રો દોરવા લાગ્યો, ચિત્રકારોની જેમ નહિ, ધૂનમાં હું વિચારમગ્ન થવા માંડ્યો, તત્ત્વવેત્તાઓની જેમ નહિ. જાણો છો કેમ? લોકો કહે છે એમ—ગાંડા જેમ.

જગત મને ગાંડો માનવા લાગ્યું, મારામાં ઘેલપ પણ હતી ખરી. શેની? તમે જાણો છો એ તો. આગળ ચાલો."

એણે આંગળી ચીંધી ને જરાક દૂર દખ્ખણના આકાશમાં ક્યાંક ઝબૂકતા તારાને તેજે કોક શિવાલયનો કળશ ચમકતો હતો તે એણે મને બતાવ્યો. મેં જોયો.

"જોયું એ ? કેવું ચમકે છે ? ત્યાં એક ગામ છે. એ ગામનો હું એક હતો; ત્યાં મારું એક કોક હતું ને અનેકનો હું હતો.

આજે એ શિખર જેવો એકલો જ હું પણ છું, શિખર હવામાં છે, હું જંગલમાં છું.

હજી તો નજીક છું હમણાં જ આવેલો છું. પહેલાં તો એ શિખરની સીમથી યે દૂર હતો. ત્યાં એક સ્ત્રી રોજ આવે છે.

એને પસાર થતી હું જોઉં છું ને હૈયામાં આગ ભરી લઉં છું. દિનરાત એનાથી જળ્યા કરું છું."

એની આ વાતના તાર મેં સાંધી દીધા ને બધું સમજી લીધું. ત્યાં તો એણે વાતો જોડી.

"એ મારી ન થઈ ને હું અનેકનો–કોઈનો ન રહ્યો ને હવે હું કશાનો રહ્યો નથી.

જીવન સૂકવ્યું. આશા સૂકવી. હવે રહી આગ...પણ તે આગ સૂકાય કેમ ? એને તો ઠારવી પડે ને ! પણ આગ ? આગ ત્યાં ઠારે શે વળે ?

તમને આ અગમનિગમની વાતો લાગે છે ? પણ સાંભળો માતપિતા હતા, ભણ્યો હતો, કવિતા લખતો, ચિત્રો દોરતો ને શું ન કરતો ?...બધું. પણ બધું એ ઉષાના ઉજાસમાં અંજાયો ને વિસારે પડયું. આજે એ બધાંએ મને વિસાર્યો છે, કોઇનો દોષ નહિ ને ?

બધું ભૂલવા મથું છું પણ બધું યાદ આવે છે. શું યાદ આવે છે ? કૈં નહિ—"

તે અટકી ગયો. મેં જાણ્યું આ પાછો ગાંડો થતો ચાલ્યો. ત્યાં તો—

"ખબરદાર, અરે ભાઈ મારી ભૂલ થઈ. ખબરદારી ન રાખી તે આજ મારી ખબર લે છે.

"એક વેળા હું ઊંડું કવ્વાલીઓ ગાતો ને સાંભળતો. એ વેળા એક કવિએ કહ્યું: 'તેરે દુવાર ખડા હું તેરા કયા લેતા હું? ને મેં?—એના પર ક્રૂર હાસ્ય કરેલું. એ કવિ કદાચ મારી કહાની કહી રહ્યો હતો એમ આજે મને લાગે છે. આજે ન તો કોઈ મને પોતાને દુવાર બોલાવે છે કે ન તો કોઈ મને દુવાર આપે છે—'

કોઈ વેળા વાંચેલું— 'રોએંગે હમ હજાર બાર, કોઈ હમે સતાય કયા?' મેં એને મૂર્ખાઈ—કેવળ મૂર્ખાઈ કહી મોં ફેરવેલું ને આજ? એ મોં પણ નથી રહ્યું. આજ તો 'કોઈ હમે સતા કયું!—' એજ ગોખ્યાં કરું છું. કોઈ સતાવતું નથી. હું જ મેં પોતાને સતાવી રહ્યો છું. ચાંદની તો પોતાને ઉજાળે છે. હું પોતા બાળું છું. હું જ મારો પોતાનો દાવાનળ છું. જગત પોતાનું જહાન્ન છે, એ હું આજ બરાબર સમજું છું."

આમ કહેતાં કહેતાં એ થાકી ગયો ને ઢળી પડ્યો. મેં એન શિર પર હાથ મૂકયો ને એણે એક ઊંડો નિશ્વાસ નાંખ્યો ને બોલ્યો:

"આજે મને માનવતા સાંપડી." તેણે મારા હાથ પર હ ફેરવતાં ઉદ્દગાર કાઢ્યા:

"કેં નહિ ભાઈ!" મેં કહ્યું. "જગતમાં સ્ત્રી જ સર્જા ન હોત તો?"

ત્યાં તો એણે નિશ્વાસ સાથે હાસ્ય કરી મૂકયું. નિશ્વાસ ઉ હાસ્ય—હાસ્ય ઉપર નિશ્વાસ! કોણ જાણે શું હશે? હું તો કુતૂહલ કેં જ કળી શકયો નહિ.

"—સ્ત્રી! અરે ભલા ભાઈ, સ્ત્રી ન હોત ભગવાન બી બનાવતે પણ શું?" કહી એ મારા ખોળામાં લળી પડ્યો.

આકાશમાં ઉષા નીકળી ને એને ખભે કરી હું આથ નદીને તીર જઈ ચિતા કરી એના મનની ને દેહની છેલ્લી અ જોતો હું બેસી રહ્યો.

જગતના કુતૂહલમાં એક અગમ્ય કુતૂહલ જેવો!

★

ધૂળો ટપાલી

ધૂળો એક ગરીબ વિધવાનો છોકરો હતો. એણે પાટી ઉપર પહેલી ધૂળ નાંખી, ત્યારથી એ શરમાળ છોકરો ગામની નિશાળના હેડમાસ્તરને ગમી ગએલો.

ધૂળાની મા મજૂરી કરી જેમ તેમ બન્નેના પેટ ભરતી. આવી ગરીબીમાં છોકરો રવડીને બગડી ન જાય એટલે એણે એને નિશાળે મૂકયો હતો. નિશાળે મૂકવા ગઈ ત્યારે એણે માસ્તર આગળ રડીને કહેલું:

" બાપજી ! આ તમારો જ છોકરો છે એમ માનજો. ન ભણેને તો ફટકાવજો હોં. તમને કોઈ પૂછે એમ નથી. "

ધૂળાએ માતાનું આ કથન સાંભળેલું તેથી નહિ પણ માના સંસ્કારથી જ એનામાં અમુક ગૃહસ્થાઈ હતી.

પોતાનું ' લેસન ' એટલું જલદી કરી લેતો કે એને કામમાં રાખવા ખાતર માસ્તર એને બીજા વિદ્યાર્થીઓના આંક વગેરે જોવા કહેતા. માસ્તરને એ આમ ઉપયોગી થઈ પડતો.

નિશાળનું કામ કર્યા પછી એ માસ્તરનું પોતાનું પણ કામ કરતો. પણ એતો ધૂળાની માએ જ કહેલું: ' કામ પણ લેજો હોં માબાપ—તમ સોબતમાં કાંઈ શીખશે તો એનો મનખો સુધરશે. '

ધૂળો મોટો થતો ગયો તેમ એના સૌમ્ય સ્વભાવથી માસ્તરને વધુ ને વધુ પ્રિય થતો ગયો.

ધૂળો વહેલો ઊઠી માસ્તરને ત્યાં જતો. એમને ઘેર કામ કરતો ને નિશાળ ટાણે ભણતો.

એ અરસામાં ગામમાં પહેલી જ વાર ‘ પોસ્ટ ’ ઊઘડી. નાના એવા ગામડાઓમાં પોસ્ટનું કામ નિશાળના માસ્તરને જ મળે છે. એમ આ નિશાળના માસ્તરને પણ પોસ્ટખાતાનું કામ મળ્યું. ધૂળો અત્યાર સુધીમાં વાંચતાં લખતાં શીખી ગયો હતો. તેથી એ માસ્તરને આ નવા કામમાં પણ મદદ કરવા લાગ્યો.

માસ્તરની એના પર રહેમ નજર હતી તેથી તેમણે ધૂળાની ભલામણ કરીને ધૂળાને રૂપિયા પાંચના માસિક પગારથી ટપાલની નોકરી મળી.

જે દિવસે ધૂળાને નોકરીમાં રાખવાનો હુકમ મળ્યો તે દિવસે ધૂળાની મા માસ્તરને આવી પગે લાગી ગઈ.

ધૂળો આમ પોસ્ટનું સર્વ કામ સંભાળવા લાગ્યો. એકવાર કાગળ ભેગા કરવા ને બહારથી આવેલા કાગળ વહેંચવા એટલું ધૂળાનું મુખ્ય કામ.

ગામમાં આમ બેવાર ટહેલ મારતો ધૂળો સર્વની આંખે ચડતો. ધૂળો ગામમાં નીકળતો ત્યારે એને એ ગામનું છોકરેછોકરું ઓળખતું. ‘ ધૂળો ટપાલી ’ જ હવે તો એને સૌ કોઇ કહેવા લાગ્યું.

ધીરે ધીરે પોસ્ટખાતાનું કામ વધ્યું ને આજુબાજુના બે ત્રણ ગામની પોસ્ટ પણ ધૂળાના જ ગામમાં આવવા માંડી. એ સર્વ ટપાલ પણ વહેંચવાનું કામ ધૂળાને જ માથે આવ્યું. ને કામના પ્રમાણમાં એનો પગાર પણ પાંચથી વધી રૂપિયા દશ થયો.

ધૂળાને જોતાં જ ગામના સર્વ લોકની આંખ ઉલટતી. કાગળ મળતો તો ઠીક ! નહિ તો ‘ ધૂળા, શી નવાજૂની ? ’ એમ સર્વ કોઈ કોઈ એને પૂછતું. ટપાલ લાવનાર ગામનો જ હોવા છતાં બહારના સમાચાર પણ એ જાણતો હશે એમ ગામનાં લોક માનતા. આમ ધૂળાનો ગામને શહેરનો મધ્યપુરુષ સૌ માનતાં. ધૂળો જાણે શહેરમાં જઈ આવીને ટપાલ લાવતો ન હોય એમ કેટલીક ડોશીઓ તો

એને જાતજાતની વાતો પૂછતી. ધૂળો સૌને પોતાને એ ટાણે જવાબ સૂઝતા એમ ધૂળો આપી દેતો ને રાજી રાજી કરતો.

ટપાલ માત્ર શું ? મનીઑર્ડર, રજિસ્ટર વગેરે પણ હવે તો ધૂળો જ લાવતો. સો સો રૂપીઆનાં મનીઑર્ડરો પણ ધૂળો જ લાવી આપતો. માસ્તરને એના ઉપર વિશ્વાસ હતો. આથી તો ધૂળાની શાખ પણ ગામમાં વધી હતી.

આટલા દિવસ આમ કામ કરતો હોવાથી ધૂળાનો ને માસ્તરનો જીવ પણ ઠીક મળી ગયો હતો.

ધૂળો મોટો થયો છે. પાંચ પૈસા કમાય છે. નાતજાતમાં આબરૂ છે વગેરે જોયા પછી જાણે કે કાંઈ બાકી ન રહેતું હોય, એમ જાણી એક દિવસ ધૂળાની માની આંખ મીંચાઈ ગઈ. ધૂળો એકલો પડયો.

ધૂળાની ડોશી મરી ગયાની વાત જાણી માસ્તર પણ ધૂળા આગળ ઢીલા થઈ ગયેલા ને બે આંસુ પણ પાડેલાં.

“ધૂળા !” થોડાક દિવસ હજી એની માને મરી ગયે થયા હતા ત્યાં—એના માસ્તરે કહ્યું:

“હવે ઘેર એકલો શું કામ પડી રહે છે ? અહીં મારે ત્યાં રોટલા ભેગો રોટલો થશે તે ખાજે ને આ તારી નિશાળનો ઓટલો તો મોટો છે તે રાતે સૂઈ રહેજે.”

માસ્તરનું આમંત્રણને ઘરમાં એકલવાયું જીવન ! બન્નેમાંથી ધૂળાએ માસ્તરનું ભાવભીનું આમંત્રણ સ્વીકાર્યું ને કહ્યું: “માબાપ હવે મારે વળી કોણ છે ! તમારા જ પગમાં છું, તે અહીં જ પડી રહીશ.”

ને ત્યારથી ધૂળો આખો દિવસ કામ કરી માસ્તર સાથે રાતે બે વાત કરી નિશાળને ઓટલે જ સૂઈ રહેવા લાગ્યો.

ધૂળાનું આ સુખ કેમ જાણે વિધાતાને ગમ્યું નહિ તે માસ્તરની બદલીની વાત ઊડી. અને જ્યારે ખરેખર જ માસ્તરની બદલી થયાનો

કાગળ આવ્યો ત્યારે તો ધૂળો રડી જ પડયો. માસ્તરે એને ખૂબ સમજાવ્યો પણ એ કેમે કરી માને નહિ. એકલો એકલો માસ્તરથી આડો આડો દૂર રહી એ રડી લેતો :

"માસ્તર ! તમને મારે જવા દેવા નથી " રોજ જેમ વાળું કરી વાતો કરતા તે વખતે ધૂળાએ માસ્તરને કહ્યું :

"અલ્યા ગાંડા !–પણ સરકારી હુકમ તે કાંઈ પાછો કઢાય છે ? કાલ ઊઠીને તારી જ બદલી થઈ તો ? "

'તો તો હું નોકરી જ છોડી દઉં સા'બ.' ધૂળો વચમાં જ બોલી ઊઠયો.

"પછી શું કરીશ ?" માસ્તરે પૂછયું.

"તમારા જેવા છે ને ! તેમની ચાકરી કરું બીજું શું બાપ!"

ધૂળાની આ નિર્દોષને લાગણી ભરી વાતોથી માસ્તર જરા ઢીલા થઈ ગયા. એમણે માત્ર એટલું જ કહ્યું:

"ધૂળા ! જ્યારે જીવ ન્હાય ત્યારે મારે ત્યાં આવજે. મારું ઘર તારે માટે હંમેશ ઊઘાડું જ છે હોં. "

"એ તો બાપ તમે ન કહો તોય હું ક્યાં જાણતો નથી ? જનમ ધરીને મારી મા કે તમારા સિવાય બીજા કોઈની મને ઓથ પણ ક્યાં છે ? મા તો ગઈ–હવે તમારા પગમાં રહી શકું તો બસ."

ધૂળાનો જીવ માસ્તરની સાથે તો ઠીક પણ એમના ઘરનાં સર્વ સાથે મળી ગયો હતો. માસ્તરના વહુ, એમના છોકરાં વગેરે પણ એને ઘરનું જ માણસ લેખતા. ધૂળો માસ્તરના નાના કુટુંબમાં કુટુંબી જેવો ભળી ગયો હતો.

માસ્તરને જવાને દિવસે નવા માસ્તર આવ્યા. માસ્તરે હવાલો આપતાં ધૂળાની ભલામણ કરી. પણ ધૂળાને એ ન રૂચ્યું. માસ્તર ગયા તેમને સીમ સુધી વળાવી આવી ધૂળો પોતાને ઘેર ઘણે દિવસે ગયો ને ધરાઈને રાતભર રોયો.

ધૂળાના દિલને માસ્તર આટલે વર્ષે પોતાના ગામમાંથી જાય એ ગમ્યું નહિ. એણે તો બીજા જ દિવસથી ઘેરઘેર વાત કરવા માંડી ને ઘેરઘેર માસ્તરની વાત કરતા એ રોઈ પણ પડતો. એણે તો એવું જાણે કે તપ માંડયું! ત્યાં કોકે ધૂળાને વાત સૂઝાડી.

"ધૂળા! ગામ લોક પાસે અરજી કરાવ. માસ્તરની તરત પાછી બદલી થશે."

ધૂળાને આ વાત એટલી ગમી કે જાણે સર્વ કાંઈ થઈ જ ગયું એમ માની ધૂળો હર્ષ ઘેલો થઈ ગયો. એના હૈયામાં ને પગમાં કાંઈ નવું જ જોર આવી ગયું.

ધૂળાને આ ગામમાં ને બીજા ગામમાં પણ સર્વ કોઈ ઓળખતું. સૌ કોઈ એના મીઠા સ્વભાવથી એને ચહાતાં. એણે તો તરત ગામના એક ભણેલા જુવાન પાસે અરજી કરાવી. ઘેર ઘેર જઈ સહીઓ લીધી. તે અરજી નવા માસ્તરને પૂછી ઠેકાણા પર બીડી પણ દીધી. એક અરજીએ કાંઈ કોઈનું કામ કંઈ થયું છે? પણ ધૂળો હારે એમ ન હતો. એણે બે ચાર પાંચ અરજીઓ કરી.

આખરે એક દિવસ ધૂળાના નામનો કાગળ આવ્યો. ધૂળાના જીવનમાં આ ટપાલ પહેલી જ વાર હતી. એણે બીજા લોકોના તો ઘણા કાગળ વહેંચેલા પણ પોતાને નામે પોતાનો કાગળ આજ આ પહેલો જ હતો. ધૂળો જરા હરખઘેલો થયો.

કાગળ જૂના માસ્તરે લખેલો હતો. આજ ધૂળાને મન આ પ્રથમ કાગળ! ને તે પણ એના બાપ જેવા માસ્તરનો! ધૂળાને મન એ મોટી કમાણી હતી. પણ કાગળમાં શું હશે એ વિચારે ધૂળો અકળાયો. વિચારમાં ને વિચારમાં બે ત્રણ મિનિટ તે એણે કાગળ ફોડયો પણ નહિ.

કાગળ ફોડી વાંચતો વાંચતો ધૂળો રડવા લાગ્યો. કાગળમાં લખ્યું હતું—"ધૂળા, ગામનાં લોકોની અરજીથી મારી પાછી બદલી

થઈ છે. બેચાર દિવસમાં ત્યાં પણ ખબર આવશે ને અહીંનું કામ સંભાળનાર માસ્તર આવતાં હું ત્યાં આવી પહોંચીશ."

ધૂળો તો કાગળ માથે મૂકી નાચ્યો. ટપાલ વહેંચતાં એણે એ કાગળ ઘરઘર વંચાવ્યો.

ધૂળાના હર્ષનો આજ પાર ન હતો. સાંજ પડયે કામ પતાવી ધૂળો ગામની સીમે હનમાનજીનું મંદિર હતું ત્યાં ગયો. એક નાળિયેર વધેરી તેલ ચઢાવ્યું. મંદિરે બાવાજીને સીધું આપ્યું ને ગામનાં છોકરાં રસ્તામાં મળતાં ગયાં એમ નાળિયેરનો પ્રસાદ પણ વહેંચતો ઘેર ગયો.

લોકોને આ ભોળા દિલની વાત કરી. માસ્તર આવવાના હતા તે દિવસે તો એણે પોતાને ઘેર ને નિશાળે ખાસું મોટું એવું તોરણ બાંધ્યું. સવારથી ગામને નાકે જઈ જાણે સામૈયું કરવું હોય તેમ માસ્તરની રાહ જોતો બેઠો.

દૂરથી બળદના ઘુઘરાના અવાજ આવ્યા ને ધૂળાના કાન ને હૈયું બન્ને જાગી ઊઠયાં. ગાડું પાસે આવતાં વાર થશે એમ માની ધૂળો સામો દોડયો. માસ્તરને પગે પડયો. માસ્તરે ઊઠી એને હૈયા સરસો ચાંપ્યો.

માસ્તર આવ્યા. ધૂળાને જાણે કે મનનું માનવી મળી ગયું. માણસ પોતાની મુરાદ લઈ આવતા હોય તેનાથી વધારે સૌમ્ય બને છે; તેમ ધૂળો વધુ સૌમ્ય બન્યો.

ને કોઈ માસ્તરને મળવા આવતાં તેમની સાથે માસ્તર કરતાં વધુ વાત તે કરતો.

ધૂળો આમ ગામના સર્વના દિલમાં વસતો ગયો. એની ટપાલ તો જાણે નાનું સરખું રાજ બની ગયું. હવે તો ધૂળાને એક આસીસ્ટન્ટ પણ મળ્યો. ગામની ટપાલ માત્ર પોતે વહેંચતો ને નવા ટપાલીને બાજુના ગામમાં મોકલતો. કોકવાર લોકના કાગળ આપતા કોક વિધવાને વાંચી પણ દેતો.

એની ગરીબ વિધવા મા એને યાદ આવતી ! ને તેથી ગામની સર્વ વિધવા કે ડોશીઓને એ પોતાની મા જેમ ગણતો.

ટપાલ વહેંચતાં કોક તો એને કહેતાં: "ધૂળા ! અમારા કાગળ તો તું લાવતો જ નથી કદી ?"

"તમે લખો તો તમારા ય કાગળ આવશે."

ધૂળાને ગામની રજેરજની ખબર રહેતી. કોણ કેટલા કાગળ લખે છે, કોને લખે છે વગેરે સર્વ ધૂળો જાણતો.

એક વેળા ટપાલ વહેંચી પાછો વળતાં એક વિધવાને એણે પૂછ્યું સ્હેજ જ—

"કેમ મા !"

"ઠીક બાપા !"

ધૂળો ચાલતો થયો.

બીજે દિવસે ધૂળાને પેલી ડોશીએ પૂછ્યું:

"કેમ ધૂળા !"

"ઠીક મા." કહી ધૂળો ચાલતો થયો.

ધૂળાને આ ડોશીની વાત ખબર હતી. એનો એકનો એક દીકરો શહેર ગયો હતો. ત્યારથી માને એ એક કાગળ માંડ એણે લખેલ એ ધૂળાને ખબર હતી.

ધૂળો આ ડોશી રહેતી તે શેરીમાં અનેકવાર આવતો. તે શેરીમાં સર્વના લગભગ અવારનવાર કાગળો આવતા ને ધૂળો વહેંચતો. માત્ર આ ડોશીને જ કોઈનો કાગળ ન આવતો તે ધૂળાને ખબર હતી ને તેથીજ તો તે દિવસે તેણે એ ડોશીને "કેમ મા !" પૂછેલું.

ધૂળાએ જ્યારે 'કેમ મા ?' પૂછ્યું હતું ત્યારે તે ડોશીને પણ જાણે પોતાના દીકરાનો કાગળ આવ્યો હોય તેવો હરખ થયેલો.

તેથી જ તો બીજે દિવસે ડોશીએ પણ "કેમ ધૂળા ?" એમ ઉત્તરમાં પૂછેલું.

ઘણા સંબંધો અજાણે બંધાઈ જાય છે. ક્યાંક લાગણીની ગાંઠ વળી જાય છે. રેશમની ગાંઠ જેવી સાંખ્ય કોમલ ને સુંદર છતાં સખત. ધૂળા ને ડોશી વચ્ચે એવો એક સંબંધ બંધાવા માંડ્યો.

ધૂળો જાણે પોતાનો દીકરો હોય એમ ડોશીને થતું ને આંખ આગળ રહેતાં છોકરાનો કાંઈ કાગળ આવે ! એ વિચારે, સર્વ કોઈ ધૂળાને કાગળનું પૂછતાં પણ આ ડોશી માત્ર કાંઈ પૂછતી નહિ.

ધૂળાને એ ખબર હતી તેથી જ તો એ ડોશીના ઘર આગળથી જતાં ડરતો ડરતો પગ પાડતો. ડોશી કાગળનું કાંઈ ન પૂછતી ત્યારે પસાર થઈ જઈ ગંગા નહાયા જેટલો સંતોષ અનુભવતો. ખબર માત્ર પૂછવાનો ટૌકો કરી એ ઝટ ચાલી નીકળતો. ઉતાવળ તો એના પગને સદી ગઈ હતી.

એટલામાં એક નવી આફત ઊપડી. ધૂળાને બોલાવી માસ્તરે કહ્યું: "ધૂળા મારે પાછું જવું પડશે." ધૂળાને માથે તો વીજળી પડ્યા જેવું થયું.

"જો પણ આ વખતે તો હું નગરમાં જાઉં છું. તેં જે અરજીઓ કરાવેલીને એનાથી ખાતામાં એમ જણાવ કે હું બહુ ભલો ને ઉપયોગી માણસ છું."

"તે એ તો છો જ ને બાપ. એ વાત તો ગામનું કૂતરું ય જાણે છે."

"પણ સાંભળતો ખરો ! એ કારણથી જ મારી બદલી—બદલી નહિ 'પ્રમોશન' મળે છે. મારો પગાર વધારી એ લોકો ત્યાંની મોટી નિશાળમાં મોકલે છે."

ધૂળાથી કાંઈ બોલાયું નહિ. બદલી નહિ, પણ પ્રમોશનની વાત આવી ત્યાં ધૂળો લાઇલાજ થયો.

"વારુ" એટલું જ બોલી એ ચાલ્યો ગયો. માસ્તર દુ:ખી થયા પણ આ વાતમાં એ પણ શું કરે ?

માસ્તર પાછા ગયા. તે વખતે એમણે નોકરી છોડી પોતાની સાથે રહેવા ધૂળાને કહ્યું પણ ધૂળાએ ના પાડી.

"ના બાપા ! નગરમાં હવે મારે જઈ શું કરવું છે ? ગામની માટી ગામમાં જ સારી. કામ હોય તો બોલાવજો. આપની સેવા કરવા હાજર થઈશ." કહી ધૂળો પોતાના વિચારને વળગી રહ્યો.

"વારુ. તારું મન માને ત્યારે આવજે." કહી માસ્તરે ગામ લોકની વિદાય લીધી. આ ફેરા તો ગામના સર્વ લોક ભેગા થયા હતા. પાદરે માસ્તરને સર્વ કોઈ વળાવવા આવ્યા હતા. ગાડીમાં સામાન મૂકી ધૂળાએ માસ્તરને પ્રણામ કર્યાં ને માસ્તરના પગ ઉપર એ વેળા બે આંસુ પડયાં એ ધરતીએ ઝીલી લીધાં.

ગળગળા માસ્તરે ધૂળાને છાતી સરસો લીધો. ગામના બે લોકની સાથે વાત કરી. માસ્તર વાતમાં હતા ત્યાં ધૂળો અલોપ થઈ ગયો.

માસ્તરે જતાં 'ધૂળા' 'ધૂળા' બૂમ મારી. સર્વે તપાસ કરી પણ ધૂળો ન હતો. રેલનો વખત થતો હતો તેથી ગામના બે સજ્જનને ધૂળાની ભલામણ કરી 'ધૂળાને' યાદ કરી માસ્તર રવાના થયા.

ધૂળાએ ઘેર જઈ સોડચ તાણી લીધી. સવારથી કામ પર ચઢ્યો. પણ હવે એના જીવમાં કામની માયા ન હતી. મશીન માફક 'ધૂળો' ગામમાં ફરતો. એના મોં ઉપર પહેલાંની મુસ્કાન ન હતી કે ન હતી પહેલાંની ચપળતા.

એક દિવસ ધીરે ધીરે ધૂળો ટપાલ વહેંચીને જતો હતો ત્યાં પેલી ડોશીએ એને બૂમ મારી: 'ધૂળા, કેમ દેખાતો નથી ?'

"અહીં જ છું ને મા !"

ત્યારથી જતાં આવતાં ધૂળો ડોશી પાસે બેસતો. એને અહીં એકઠામ ગમતું.

એકવાર ડોશીએ પૂછ્યું: "ધૂળા! મારા દીકરાનો કાંઈ કાગળ?"

કદી દુ:ખી ન થયેલો એટલો આજ ધૂળો દુ:ખી થયો. એને થયું ક્યાંથી આ ડોશી પાસે બેઠો!

"આવશે મા!" કહી એણે ડોશીને સાન્તવન આપ્યું. ડોશીને પણ થયું ધૂળો કહે છે તો જરૂર એનો કાગળ આવશે.

આમ તો ડોશી રોજ પૂછતી ને રોજની જેમ જ ધૂળો એનો ઉત્તર આપતો.

આશાથી મન પોચું થતું જાય છે ને નિરાશાને સહન કરવા નિર્બળ બને છે.

એકવાર તો ડોશીએ કહ્યું: "અલ્યા ધૂળા! તારી ટપાલ ભૂંડી છે. કદી મારા દીકરાનો કાગળ જ નથી લાવતી!"

"પણ મા એ ન જ લખે તો ટપાલમાં ક્યાંથી આવે?"

"એ લખતો નહિ હોય એમ?" ડોશીએ નિર્દોષતાથી પૂછ્યું.

"હાસ્તો."

"ત્યારે હું લખું તો?"

"તો એને પહોંચશે."

"પછી તો એ ક્યાં જશે કેમ? એને લખવો જ પડશે ને ધૂળા?"

"હાસ્તો મા." ધૂળાએ શ્રદ્ધાથી કહ્યું.

ડોશીએ બીજે જ દિવસે ધૂળા પાસે જ કાગળ લખાવ્યો.

ત્રીજે દિવસે ધૂળો ટપાલ વહેંચવા ગયો કે તરત ડોશીએ પૂછ્યું: "ધૂળા, કાગળ?"

"પણ મા! પેલો કાગળ તો પહોંચવા દો! તમારો કાગળ પહોંચશે પછી એ લખશે ને આવશે એટલે પહેલો તમને જ આપી જઇશ. ગામની ટપાલ પછી વહેંચીશ."

આમ દિવસ પર દિવસ વહેતા ગયા પણ ડોશીનો કાગળ ન આવ્યો. એક દિવસ તો ડોશી ચીઢાઈ ગઈ ને બોલી:

"ભૂંડા ધૂળા, તું જ કાગળ નથી લાવતો."

"મા કાલે જરૂર કાગળ આવશે જો જો."

"જોઈશું." કહી ડોશીએ તરત મોઢું ફેરવી લીધું.

ધૂળાએ આવું દુ:ખ તો કદી જોયું ન હતું. ડોશીએ મોં ફેરવી લીધું ને એના પરની વેદના જોઈ ત્યારથી ધૂળો ખૂબ અમૂંઝણમાં પડ્યો હતો. પોતાની મા મરતી હતી ત્યારે પણ એ જ મોં પર એવી જ રેખા હતી ને! એના સમાચાર સંબંધ તૂટવાના હતા તેની! ધૂળાને એ યાદ ને આ ડોશીની સ્થિતિ સતાવા માંડી.

હવે કાગળ ન આવે તો પોતે જ લખી ડોશીને એક કાગળ આપવો એવો નિશ્ચય ધૂળાએ કર્યો. ડોશીનું દુ:ખ એનાથી હવે જોવાતું ન હતું. તે જ સાંજે માસ્તરને એણે વાત કહી ત્યારે માસ્તર પણ જરા ઢીલા થયા.

"પણ ભૂંડા, તેં ડોશીને એવી આશા જ શા માટે આપી? ટપાલ તે શું આપણા ઘરની છે?" માસ્તરે જરા ઠપકામાં કહ્યું.

"પણ હવે શું થાય? હવે તો ડોશીના દિલમાં કાગળની વાત વલોવાતી હતી. ધૂળાને એ વાત ડંખતી હતી. બીજે દિવસે ધૂળાએ પોતે જ કાગળ લખ્યો. ઉપર ખોટી છાપ મારી ને ટપાલ લઈ વહેંચવા ચાલ્યો.

ધૂળો ડોશીના ઘર આગળથી પસાર થયો કે તરત જ ડોશીએ બૂમ મારી. "એ ધૂળા પીટયા! ક્યાં છે મારો કાગળ?"

ધૂળો હસ્યો. "ભૂંડા હસે છે શું? નફ્ફટ!"

"અરે મા! ભૂલી જ ગયો. તમારો કાગળ તો છે પણ પેલ
ટેવ નહિ ને! તે આપતાં જ ભૂલી ગયો."

"હા તે અમ ગરીબના કાગળ તું શા સારું આપે?"

ધૂળાએ બધા કાગળ ઊથલાવ્યા. જરા વાર લગાડવા માં
ત્યાં ડોશી બોલી: "આટલા કાગળમાં મારો એક કાગળ જડ
તો નથી તને! આખી જિંદગીથી કામ કરે છે તે આવું ધીમું જ કે!
એમ કહી ધૂળાને જરા ધમકાવ્યો ને હસ્યાં.

મનમાં ને મનમાં હરખાતાં ધૂળાએ કાગળ કાઢી ડોશી
હાથમાં મૂક્યો.

"ડોશીને શું થશે? કેવી સ્થિતિ થશે!" એ નહિ જોવાય તે
ધૂળો ત્યાંથી ચાલી નીકળ્યો. ત્યાં ડોશીએ પાછી બૂમ મારી:

"એ ધૂળીઆ! આ કાગળ તો વાંચી દે બાપ! આપ
ચાલ્યો તે અહીં વળી મને કોણ વાંચી દેશે?"

ધૂળાએ પાછા વળી કાગળ વાંચવા માંડ્યો.

"મા, હું ખુશીમાં છું. ઘણા દિવસથી મિલમાં કામ ખૂ
જ હોઈ કાગળ લખી શક્યો નથી. તને ચિંતા થઈ હશે, પણ મ
કરજે હોં. હવેથી તને દર અઠવાડિયે કાગળ લખીશ. જોઈતું ક
મંગાવજે. વ. વ. તારો બ

ડોશી કાગળ સાંભળતાં સાંભળતાં આંસુ સારતી હતી પ
પોતાના છોકરાનું નામ ધૂળિઆએ વાંચ્યું ત્યાં તો એ મોટેથી જ
રડી પડી. તેણે કાગળ વાળી ડોશીના હાથમાં દીધો. મો
એવી થાપણ સ્વીકારતી હોય એવા હર્ષથી ડોશીએ કાગળ લ
લૂગડાને છેડે બાંધ્યો ને આંખે લગાડી કમ્મરને છેડે ખોસ્યો.

"મા હું જાઉં?"

"હા ભા, જા હોં—જીવતો રહેજે મારા દીકરા. ખરો તા

માતા જેવો જ દયાળુ છે હો બાપ." ધૂળો પાછો ફરી, આંખ લુછી પોતાને ઘેર ગયો.

આજે ધૂળાને ખાવું ભાવ્યું નહિ. આજથી એ પોતે જ ડોશીનો છોકરો બની ગયો હતો તેના હર્ષથી કે પછી પોતે કરેલી મીઠી છેતરપીંડીથી. તેને રાતભર ઊંઘ ન આવી. પોતાની મરેલી મા ને આ જીવતી ડોશીનો દૂર વસેલો છોકરો એ બન્નેના વિચારે એણે આંગણામાં ખાટલામાં પડયા પડયા આકાશના અગણિત તારા તરફ તાકી તાકી રાત વીતાવી.

હવે તો દરેક અઠવાડિયે ધૂળાએ ડોશીએ કાગળ પહોંચાડવા માંડયો. એકવાર ભૂલી ગયો હતો પણ તે દિવસે ડોશી એવી તો રડી હતી કે તેનાથી એ જોયું ગયું નહિ. ધૂળાએ આમ છ છ મહિના ચલાવ્યું. એને એકવાર થયું કે હવે ભરમ ફોડું તો? પણ ઘણો વિચાર કર્યા પછી એ ખમી ગયો. હંમેશની માફક ધૂળો ડોશીને કાગળ વાંચી સંભળાવતો હતો ત્યાં ડોશી બોલી ઊઠી: અલ્યા ધૂળા! આ પીટયો રાજીખુશી–રાજીખુશીના સમાચાર લખ્યા કરે છે પણ એને કદી આ ગરીબ માને પાંચ પૈસા મોકલવાનું સૂઝે છે? વરસે ખેતરના દાણા મળે છે. કાગળ મળે છે એટલું નસીબ બાપ. શહેરના લોક!" કહી ડોશીએ નિસાસો નાખ્યો.

"હા મા! શહેરનો વા એવો છે. ત્યાંની હવા જેના પેટમાં ગઈ એનું હૈયું જ કાડું જ થઈ જાય છે. તેથી તો હું પેલા માસ્તરે મને કહ્યું છતાં હું નગર ન ગયો ને?"

"જીવતો રહેજે બેટા. ભગવાને તને બોલાવ્યો છે. નહિ તો આ ડોશીનો એકનો એક દીકરો પાંચ પૈસા ય ન મોકલે! આ જોને કેરીઓ દા'ડે કેરીઓ ય જોવા નથી મળતી."

ધૂળાને આ શબ્દો પોતાના હૈયામાં વાગ્યા: 'આખું ગામ કેરીઓ ખાતું ને એક આ ડોશીને જ નહિ!' બીજે દિવસે ધૂળાએ

ડોશીને પાકી કેરીઓ લાવી આપી. ડોશીએ ઘણી આનાકાની કરી. 'મેં તો મશ્કરીમાં કહ્યું હતું ભૂંડા! કાલ કેરીઓવાળો આવશે એટલે દાણા આપી કેરીઓ લઈશ."

"હવે કાલ બીજી લેજો! આટલી તો ખાવ!" ડોશીએ ધૂળાના અતિઆગ્રહથી એ દિવસે કેરીઓ રાખી.

ધૂળાએ ત્યાંથી જઈ એક કેરીવાળાને કહી દીધું કે એ ડોશીને ઘેર અવારનવાર થોડે દાણે વધુ કેરીઓ આપે. બાકીનું મૂલ પોતે ચૂકવતો. પણ આમ ક્યાં સુધી ચાલે! એકવાર ડોશી માંદી પડી. ધૂળાના દુઃખનો હવે પાર ન રહ્યો. ટપાલનું કામ, ડોશીની આરવાર ને ઉપરથી દુઃખનું દુઃખ!—તો એ કે ડોશીના લખાવેલા કાગળ ઘેર જઈ ફાડી નાખવા. ડોશીના છોકરાનું ઠેકાણું હજી સુધી એને ખબર નો'તું.

ગામમાં ફરી ખૂબ મહેનત કરી ત્યારે શહેરથી આવેલા કોક જુવાન પાસેથી એને ડોશીના છોકરાનું સરનામું મળ્યું. એના હરખનો હવે પાર રહ્યો નહિ. તરત જ માસ્તરને કહી એણે ડોશીના છોકરાને તાર મૂકાવ્યો.

"ડોશી હવે ઘડીઓ ગણી રહી છે. હોય ત્યાંથી ભેરી નીકળજો. પાણી પીવા પણ રોકાશો નહિ." માસ્તર પણ જરા હસ્યા ને મનમાં દુઃખી થયા. એણે ધૂળાનો વલોપાત સાંભળી લીધો ને તારને રીતસર કર્યો.

ડોશીનો છોકરો પોતાના શેઠના છોકરા સાથે હિંદુસ્તાન જોવા નીકળેલો તેથી તાર જરા મોડો મળ્યો. કાગળ પણ તેથી જલદી મળી શક્યો ન હતો.

તારના જવાબમાં તાર આવ્યો છે એમ ધૂળાએ ડોશીને કહ્યું. ખોટું જ હોં. "ભાઈ આવશે" એમ કહ્યું.

ડોશી કરતાં તો ધૂળાની સ્થિતિ હવે નાજુક થવા માંડી હતી.

ડોશીની અંતઘડી ને છોકરાનો કાંઈ પત્તો નહિ, આ વિચાર ધૂળાને અસ્વસ્થ કરી મૂકતો હતો.

એક રાતે મંદિરે જઈ ધૂળાએ આખી રાત જાગરણ કર્યું. ખૂબ રડી પોતાના પ્રભુને વીનવ્યા :

" માબાપ, આજ લગી મુજ ગરીબની લાગણી જાણી હોય તો હવે આજ લાજ રાખજો." એણે આ મંત્ર આખી રાત ગોખ્યો.

× × ×

ડોશીના છોકરાને મોડો મોડો તાર મળ્યો તો તે તરત ત્યાંથી ઊપડયો તે બીજે દિવસે ખરેખર આવી પહોંચ્યો.

ડોશીએ પોતાના દીકરાનો હાથ હાથમાં લીધો ને 'ધૂળા' કહી બૂમ મારી. માદીકરાની વાત ધૂળો બારણા આડે ઊભો રહી સાંભળતો હતો. માદીકરાના પત્રવ્યવહારનો ભેદ ખૂલ્યો ને તેથી જ ડોશીએ બૂમ મારી હતી. ધૂળાનો જવાબ ન વળતાં એણે ફરી બૂમ મારી.

" ભૂંડા ધૂળા ! મને આમ છેતરી ! " કહી ડોશીએ હરખનાં આંસુ પાડયાં તે ધૂળાએ આવી લૂછ્યાં.

બીજા હાથે ડોશીએ ધૂળાનો હાથ લીધો ને ખૂબ ચૂમ્યો. " આજ મારે તો એકના બે દીકરા થયા." કહી ડોશી આંસુ ગાળી હસી પડી.

ડોશીની બગડેલી તબિયત સુધરવા માંડી પણ ત્યારથી ધૂળાને નિશાળ છોડી ડોશીને ત્યાં રહેવું પડતું.

ડોશીને ઘડપણે એક દીકરો મળ્યો ને ધૂળાને મરેલી 'મા' મળી.

★

કોનું કોને ત્યાં !

મફતલાલ ને ગુણગૌરી બહુ સુખી છે એમ એમને જાણનાર સર્વ કોઈ કહેતું.

મફતલાલનો વેપાર લોખંડનો હતો. વેપારમાંથી થોડો લોખંડનો સામાન બનાવવાનું પણ એમણે કારખાનું કાઢ્યું.

કારખાનાનાં કામમાં શેઠને વધુ સમય આપવો પડતો. બપોર સાંજ બીજા વેપારીઓની જેમ શેઠ જે ઘેર આવતા તેમાં હવે નિયમ ન રહ્યો.

કામની ધમાલ જોતાં શેઠની બરદાસ્ત રાખવામાં ગુણગૌરીએ મણા રાખી નહિ. કોકવાર તો શેઠ ઘેર આવી શકતા જ નહિ. ગુણગૌરી એમને કારખાને જ 'ડબ્બો' મોકલતાં.

શેઠને આ બધું અનુકૂળ આવી ગયું. હવે તો શેઠનું કારખાનું મોટું થતાં થતાં ખાસુક મોટું થઈ ગયું હતું. નોકરવર્ગ પણ ખૂબ મોટો. આથી શેઠ કામમાં પહોંચી શકતા નહિ. બીજા શેઠીઆઓની રાહે એમણે પણ એક અંગ્રેજ બાઈને પોતાના કામ માટે રોકી. મોટી મોટી કંપનીઓ સાથે લેવડદેવડ તેથી પત્રવ્યવહાર કરવામાં આ બાઈ એમને ખૂબ જ ઉપયોગી થઈ પડી.

શેઠનું સર્વ કંઈ કામ આ બાઈ કરવા લાગી. છેવટ છેવટ તો શેઠના હાથમાં માત્ર કલમ જ મૂકવામાં આવતી ને શેઠ સહીઓ તાણતા.

કારખાનામાં ધાંધલથી બચવા શેઠે કારખાનાના એક સ્વતંત્ર ખૂણામાં પોતાની ઓરડી બનાવી હતી. કારકુન વર્ગ બહાર બેસતો. પેલી બાઈનું કામ ઘણું જ હોવાથી શેઠે એને માટે પણ પોતાની જ ઓફિસમાં ટેબલ નંખાવી આપ્યું.

પરિચય—એકાંત ને પૈસો ! તેમાં વળી શેઠની પોતાના નવા સેક્રેટરી ઉપરની મમતા ! કયા કારણથી એ તો કોઈને ખબર ન્હોતી પણ એટલી તો કારખાનાનાં માણસોને ખબર પડી કે શેઠને ને તેમની મંત્રી–બાઈને ખૂબ જ બને છે.

શેઠને માટે જે ભાણું આવતું એમાંથી અવારનવાર આ મંત્રીને પણ શેઠ ખવડાવતા. આમ ઘણીવાર સાથે ખાવાનો મહાવરો થતાં હમણાં હમણાં શેઠને એકલું ખાવાનું ફાવતું જ નહિ. શેઠે એમની મંત્રીબાઈને હુકમ જ કર્યો ને એ હુકમ અનુસાર હંમેશ બપોર વેળા શેઠની સાથે જ પેલી અંગ્રેજ બાઈ જમવા બેસતી.

ગુણગૌરી બિચારાં ભોળાં !—તે જ્યારે શેઠે ખાવાનું વધુ મોકલવા કહ્યું ત્યારે રાજી થએલાં. એમને મન એમ કે શેઠ કામ વધુ કરે છે તે એમને ખોરાક પણ વધુ જ જોઇએ ને ? ને વધુ ખાય તો સારું જ ને એમ ધારી શેઠાણી ખાવાનું વધુ ને વધુ તરેહ તરેહનું કરી મોકલતાં.

શેઠનું કામ વધ્યું, ખોરાક વધ્યો પણ શેઠને ઘેર આવવાનો ને રહેવાનો સમય વધુ ઓછો થવા માંડ્યો.

એકવાર શેઠે કહ્યું : ‘ હવેથી રાતપાળી સખત કરવી પડશે. હું ત્યાં જ રહું તો ઠીક. ’

શેઠાણી હા–ના, ખાસ કરતાં નહિ. એટલે શેઠે કારખાના પાસે જ ન્હાનો એવો બ્લૉક લીધો. હવેથી મોડું થતાં શેઠ ત્યાં જ સૂઈ જવા લાગ્યા.

એક બાજુ પૈસા વધવા માંડ્યા ને બીજી બાજુ શેઠાણીને ચિંતા થવા માંડી—શેઠની નહિ પણ છોકરાંની.

શેઠાણીને હજી કૈં સંતાન ન્હોતું. એમણે ઘણી વાતો સાંભળીને અજમાવી જોઈ પણ એમને પેટ સંતાન ન પડ્યું. હવે તો શેઠથી ય લગભગ જુદું જ ઘર જવા માંડ્યું હતું. શેઠાણીની એકલતા વધવા માંડી

એકવાર કારખાનાના મૅનેજરે આવી શેઠાણીને કહ્યું કે 'શેઠ બહારગામ ગયા છે. થોડા દિવસ પછી આવશે.'

શેઠાણીને તો આ વાતની કૈં જ કળ નહિ શેઠની આજ્ઞા મુજબ મેનેજર ઘેર આવી શેઠાણીની જરૂરિઆતોની તપાસ રાખી જતો. શેઠાણીનો ઘરવ્યવહાર પ્રથમ જેમ જ ચાલતો.

શેઠાણી તો ભોળાં પણ આપણી વસ્તી ભોળી નથી હોતી. શેઠાણીનું ભોળપણ આજુબાજૂના માણસોને ન ગમ્યું.

આજ અનેક દિવસોથી પાડોશીઓએ શેઠને ઘેર આવતા જોયા જ ન હતા. હમણાં હમણાં તો ક્યાંય દેખ્યા ન હતા.

વાત ઊડી તે કોઈની બેસાડી બેસે છે? તેમાં કોકે તો કહ્યું. પણ ખરું કે શેઠને તો રાતે રોજ મોટરમાં કોઈ ગોરી બાઈ સાથે ફરતા ઘણાએ જોયા છે.

મૅનેજરને પણ આ વાતની ખબર તો હતી જ પણ નોકરના મોં શેઠની બાબતમાં બંધ રહેવાં જોઈએ એમ સમજતો ને તેથી જ તે બાબત મૅનેજરે શેઠાણીને કૈં જ કહેલું નહિ.

શેઠ બહારગામથી પાછા આવી ગયા. કારખાનામાં પણ આવવા મંડ્યા. પણ કારખાનાનાં નાના માણસોને એક વાત ન સમજાઈ તે એ કે શેઠ આવ્યા પણ પેલી અંગ્રેજ બાઈ કામ પર ન આવી તે. તેના બદલે હવે તો બીજું કોઈ કામ ચલાવી લેતું.

માણસની વાત માણસથી છાની નથી રહેતી. પેલી અંગ્રેજ બાઈ શેઠની સાથે પેલા બ્લૉકમાં રહે છે એવી બાતમી મળી. આખા કારખાનાનાં જીવનમાં એ વાત વણાઈ ગઈ. કોકે તો ભાળ પણ કાઢી કે એ બાઈ બપોરે બારીએ ઊભી બાળક રમાડતી હતી ને બાળક પણ જાણે શેઠનું જ નાનું રૂપ!

હમણાં હમણાંની તો શેઠશેઠાણીની મુલાકાતો પણ ઓછી થવા માંડી. શેઠાણીને જીવતે ધણી રંડાપા જેવું લાગવા માંડ્યું.

એક બાજ સંતાનની લાલસા ને બીજી બાજ ધણીનો જ વિરહ!

એકવાર શેઠાણીએ મૅનેજર આગળ વાત કાઢી. વાત વાતમાં એમનાંથી રડી જવાયું. મૅનેજરનું હૈયું પણ પલાળ્યું ને તેણે શેઠની વાત જેવી જાણી હતી તેવી જ કહી દીધી.

શેઠાણીએ લોકો પાસેથી ઘણી વાતો સાંભળેલી પણ એને તો શેઠની વધતી જતી શ્રીમંતાઈની ઈર્ષ્યાનું જ પરિણામ લેખ્યું હતું. શેઠે પણ એક દિ' એમને એ વિષે કહેલું: ' લોકો તો કોઈનું સારું સાંખી શકતા નથી. પણ હું ઘેર આવી ન શકું તો મૂંઝાતી નહિ. આજ ધંધો જમાવીશું તો કાલ છોકરાંને તો નિરાંત!' શેઠાણીએ આ જ વાક્ય ગોખી રાખેલું ને આજે મૅનેજરના મુખે જ્યારે વાતો સાંભળી ત્યારે તો પોતે પાતાળમાં ઊતરતાં હોય એમ જ લાગ્યું. છેવટે બ્હીતાં બ્હીતાં મૅનેજરે જ્યારે પેલી બાઈને છોકરું છે તેની વાત કહી ત્યારે તો શેઠાણી ખુરશી પરથી પડી જ ગયાં.

મૅનેજર ગભરાયો. નોકરવર્ગ ગભરાયો. આજુબાજુનાં માણસોને ખબર પડી.

એમનાં એક પાડોશી મહેરબાનુએ તો આવી ને શેઠાણીની ચાકરી કરી. મહેરબાનુ આમ ખબરદાર તેથી તેમણે તો મૅનેજર પાસેથી રજેરજ જાણી લીધું. શેઠાણીને ધીરજ આપી.

આ વાત તો અહીં પૂરી થઈ પણ હવે ત્યારે જ્યારે શેઠ ઘેર આવતા ત્યારે કજિયો થતો જ એમ પાડોશીઓ કહેતા. શેઠાણી દિન પર દિન લેવાતાં ગયાં. એક બાજુ શેઠ આવેલા ત્યારે પેલાં મહેરબાનુ પાસે શેઠાણી રડતાં હતાં. શેઠે આવી વાત પૂછી. શેઠ સાચી વાત હઠ કરી પૂછવા લાગ્યા. મહેરબાનુ ના દેખતાં શેઠાણી હૈયું હાથ ન રાખી શક્યાં. એક–બે–ત્રણ વેણ ને ધણીધણિયાની વચ્ચે જે કજિયો થયો તે આખા ગામે લગભગ સાંભળ્યો નહિ તો જાણ્યો તો ખરો જ.

ફક્ત મહેરબાનુના દેખતાં જ આમ બન્યું એટલું શેઠને ખૂંચ્યું. હવે શેઠનું આવવું માત્ર મહેમાન જેવું જ થઈ ગયું. ધીરે ધીરે તે પણ તેમણે બંધ કરવા માંડ્યું. હમણાં હમણાં તો 'શેઠનું જતું ઘર'

એમ જ પડોશી બોલતા.

એક દિવસ શેઠાણી મહેરબાનુ પાસે ખૂબ રડયાં કારણ હવે તો શેઠ ઘર ચલાવવાના કામમાં પૈસા મોકલવામાં પણ બેદરકાર રહેતા હતા.

શેઠાણીની છતે ધણીએ થતી બેહાલી ઉપર મહેરબાનુને દયા આવી. એમણે કહ્યું: 'બેટા! ગભરા ના; હવે હું છું ને એ છે! હું એને પહોંચીશ. તારો હાથ ઝાલીને લાવ્યો છે તે કૈં પાડ નથી કરતો.'

શેઠાણી ગભરાયાં. મહેરબાનુ જેટલાં ભોળાં ભલાં એટલાં ક્રોધી પણ હતાં. શેઠ સાથે રખેને કજિયો કરી આવે! ને એમ થાય તો તો શેઠ મોં પણ નહિ બતાવે. આ વિચારથી શેઠાણીએ કહ્યું : "પણ મહેરબાઈ, મારે મૂઈને તો સંતોષ નથી તે શેઠ શેના ગાંઠે! એને પેલીથી તો છોકરો મળ્યો છે. ધારો કે પૈસા મળે તો ય હું તો એકલી જ તો!" આટલું કહી પાછું શેઠાણીએ હૈયું ને આંખ બન્ને ખાલી કરી નાંખ્યાં.

"તું ગભરા ના! પૈસા પણ મળશે ને બાળક પણ."

મહેરબાનુએ શ્રદ્ધાથી કહી નાખ્યું.

"બાળક?"

"હા—બાળક." મહેરબાનુ જાણે પોતાનું જ બાળક આપી દેવાનાં હોય એટલી શ્રદ્ધાથી તેમણે કહ્યું.

મહેરબાનુ એકવાર ઓચિંતા જ શેઠને મળવાને ગયા. શેઠ મહેરબાનુ, પાડોશમાં હતાં ત્યારથી એમની સચ્ચાઈ, સાદાઈ સેવાપરાયણતા ને કાબેલીઅતથી ગભરાતા.

શેઠ પોતાનો ગભરાટ છૂપાવી વાત કરવા માંડી. શેઠે પહેલાં તો ગરમાગરમી કરવા માંડી પણ જાણે શેઠાણીના વતીથી પોતે સર્વ કૈં કરવા શેઠાણી પાસેથી જ લેખિત પરવાનગી મેળવી છે એવી ધમકી મહેરબાઈએ આપી કે શેઠનાં શસ્ત્ર પડી ગયાં. મહેરબાનુએ તો એવો એક કાગળ પણ શેઠ આગળ ધર્યો. શેઠ તો તદ્દન ઢીલા જ થઈ ગયા.

કારખાનાનાં માણસો પણ આ બાજુ આંખને કાન માડતાં

હતાં એ શેઠને ખબર હતી. મહેરબાનુ સાથે બગાડવાથી ધંધામાં પણ હરકત ઊભી થાય એવી શેઠને ધાસ્તી હતી. એ તો જાણતા જ હતા કે જો મહેરબાનુ ઉગ્ર થશે તો એક પણ છાપું શેઠને છોડશે નહિ ને શેઠને છાપે ચડવું ન્હોતું.

શેઠે કારખાનામાં ઘણો શોરબકોર સહ્યો હતો. મગજના આ શોરબકોરને એમણે ઘડીકમાં કબજે કરી લીધો.

શેઠને પૈસાની પડી ન્હોતી. શેઠાણીએ કૈં બગાડયું ન્હોતુંઃ નવી ગૃહિણીથી સુખ હતુંઃ ફજેતી થવા દેવી ન્હોતી વગેરે કારણોથી શેઠે રૂપ બદલ્યું. શત્રુ એકદમ હથિયાર મૂકી દે એમ શેઠે વાત પલટી. આ પલટાથી તો મહેરબાનુને પણ આશ્ચર્ય થયું.

"બોલો મહેરબાઈ ! હું શું કરું ! તમે કહો તે કરવા તૈયાર છું. પછી કૈં ?" મહેરબાનુ ભોળાં ને સત્યપ્રિય તે આવા નિખાલસ જવાબથી શાન્ત જ થઈ ગયાં. શેઠ આગળ એમણે સર્વ વાત મૂકી. શેઠાણી દુઃખી થાય છે. પણ તે કોણ છે ? શેઠની પોતાની જ પત્ની ને પ્રથમ પરણેતર વગેરે વાતો કહી. શેઠે સર્વવાત ઠંડે કલેજે સાંભળી ને છેવટે બોલ્યાઃ "હું પેલી અંગ્રેજ બાઈને પરણ્યો છું."

"તો ભલે, પણ જુની પરણેતર તરફ પણ જોવું ને !"

"પણ મેં કયાં કશું કહ્યું ? તમે અમારાં લવાદ. તમે કરો તે અમારે કબૂલ છે જાવ." શેઠે આટલું કહી સિગારેટ પેટાવી ખૂબ શ્વાસ લીધો ને કાઢયો.

મહેરબાનુ કાચાં ન્હોતાં. ડાળી હાથ આવી તો બધાં જ ફળ વીણી લેવાં એ ન્યાયે એમણે પણ હામ ભીડી.

"તો શેઠ સાહેબ, રૂપિયા આપો ૨૫ હજાર ભરણપોષણનાં."

શું થાય છે એ જોવા મહેરબાનુએ શેઠના સામું જોયું. શેઠે નીચે જોઈ ટેબલનું ખાનું ઉઘાડી ચેકબુક કાઢી ચેક લખી પાનું ફાડી આપ્યું. મહેરબાઈને તો સમજણ જ ન પડી કે શું થઈ રહ્યું છે.

"લોખંડના કારખાનામાં રહી લોખંડ જેવો થઈ ગયો છે. આ અવાજોએ તને બહેરો કર્યો છે. આ લક્ષ્મીએ તને આંધળો કર્યો છે."

વગેરે જે મહેરબાઈને કહેવું હતું તેતો તેમના મનમાં જ રહી ગયું. “ મહેરબાઈ શું વિચારો છો ? ” શેઠ બોલ્યા. “આ ચેક, ને આજથી તમે ગુણગૌરીનાં ટ્રસ્ટી એની. સંભાળ રાખજો. કોક દિવસ મળવા તો દેશો ને ! ”

મહેરબાનુ જેટલી તૈયારી કડક થવાની કરીને આવ્યાં હતાં તેટલાં જ ઢીલાં થઈ ગયાં.

મંદિરે જવા જેવો અનુભવ થયો. છેવટે એમણે શેઠને અભિનંદન આપ્યાં ને ઘેર આવ્યાં.

મહેરબાઈએ શેઠાણીને પાસે બોલાવી વાત કરી તે સર્વ શેઠાણીએ સત્યનારાયણની કથા સાંભળતાં હોય તેમ સાંભળી પણ જ્યારે મહેરબાનુએ રૂપિયા ૨૫ હજારનો ચેક શેઠાણીના ખોળામાં મૂકયો ત્યારે તો શેઠાણી રડી જ પડયાં.

“ મહેરબાઈ! સંસારનું સુખ જોયું, પૈસા પણ મળ્યા એ છેટે પણ સુખી રહે એટલે બસ ! મેં કાંઇ પૈસા ન્હોતા માગ્યા પણ હવે તો હું એકલી !”

“ગભરા ના બેટા!” કહી શાન્ત કરી શેઠાણી પાસેથી મહેરબાઈ ચાલ્યાં ગયાં.

બીજે જ દિવસે એક અનાથાશ્રમમાં જઈ મહેરબાઈ કેટલાંક બાળકોને જોઈ આવ્યાં. એક સુંદર બાળકને પસંદ પણ કરી આવ્યાં. સારો એવો દિવસ જોઈ મહેરબાનુ ગુણગૌરીને અનાથાશ્રમમાં લઈ ગયાં. “શું મને અનાથાશ્રમમાં મૂકવા લઈ જાવ છો ? ” શેઠાણીથી કહી દેવાયું. “ ના બેટા ના ! જો તો ખરી. તને અપાવું છું દીવો. અજવાળું થશે. ”

પોતે પસંદ કરેલું બાળક મહેરબાઈએ શેઠાણીને દેખાડયું ને દત્તક લઇ શકે એમ પણ કહ્યું. ત્યાં તો ગુણગૌરીને જીવન દોડતું-નાસતું લાગ્યું. સ્વપ્નું કે ભ્રમ ! ગુણગૌરી કંઈ જ સમજ્યાં નહિ.

બાળક બહુ જ સુંદર હતું. શેઠાણીને ખૂબ ગમ્યું. લીધું—ચૂમ્યું-ફરી ચૂમ્યું ને આવા સુંદર બાળકની પોતે માતા કહેવાશે એ આનંદે કોઈને પણ પૂછ્યા વગર આશ્રમની ઑફિસમાંથી શેઠાણી

ટપ દઈને બહાર નીકળી ગયાં. રખેને , આવું રૂપાળું પાછું કોઈ પડાવી લે ! 'કોનું છે ? ક્યાં ? કોણ ? વગેરે પ્રશ્નો શેઠાણીને સૂઝે જ શેના ! પણ મહેરબાનુને આશ્રમના મૅનેજર સાથે લખત વગેરે કરવું હતું તે ત્યાં અંદર ગયાં.

આ સર્વ નાટક થતું હતું ત્યાં એક ખૂણે છૂપાઈને ઊભેલી એક વીશેક વર્ષની સુંદર એવી બાળા આ સર્વ જોઈ માત્ર આંસુ લૂછી રહી હતી.

મૅનેજરે કહ્યું: "મહેરબાનુ સંભાળજો હોં, તમારો આભાર. બાળક ઠેકાણે પડયું. ! એની મા જાણશે ત્યારે સુખી થશે."

"પણ કોનું ? કોને ત્યાં ? જેવી ભગવાનની મરજી !" કહી મહેરબાનુ ઊઠયાં. દરવાજા તરફ જતાં હતાં ત્યાં પેલી બાઈ ને મહેરબાનુએ જોઈ. એનું સૌંદર્ય જોઈ—'આટલી રૂપાળી તું અહીં કયાંથી ?' કહેવા જતાં હતાં ત્યાં તેણે નાક ઉપર આંગળી મૂકી ચૂપ રહેવા કહ્યું. મૅનેજરની આંખ ટાળી એણે માત્ર બે આંસુ ને બે વેણ કહ્યાં.

"મારું છે હોં—સંભાળજો." ને એ ત્યાં ઊભી ન રહી શકી. આશ્રમના નિયમ મુજબ એ પસાર થઈ ગઈ! જાણે બધી વાતનું ભૂત પાછળ પડયું હોય તેમ. ઉદાસ, નિસ્તેજ ને ભૂત શી ! પણ જતાં જતાં મહેરબાનુએ એને પકડી બગલમાં લીધો ને કહ્યું: "તારો દીકરો રાજા થશે બેટા રાજા !"

આશ્રમના જડ બંદોબસ્તમાં પેલી બાઈ જડાઈ ગઈ પણ એમાં ય ચેતન બનાવ બની ગયા. હૈયાંના મણકા જ માત્ર બદલાઈ ગયા.

બહાર ઊભાં ઊભાં શેઠાણીએ આ એક રૂપાળા બાળકને અને બીજાંને પણ અનેક વાર ચૂમ્યાં. એના મિત્રોથી એને છૂટું પાડતાં હતાં ને તેના બદલામાં ? પછી મહેરબાઈને જોતાં બૂમ મારી:

"ચાલોને, હવે અહીં શું છે ?" મહેરબાઈને માત્ર મૅનેજરનું વાકય યાદ આવ્યું ?

"કોનું કોને ત્યાં !" ને નજરમાં પેલી બાળા ને નજર આગળ આ બાળક નમી રહ્યાં ને બોલ્યાં:

"હા બેટા, અહીં કોનું શું છે ? એ તો રામ જ જાણે !"

★

શોભારામ શેઠ

શોભારામ જ્યારે પોતાને જ માટે ટિકિટ કઢાવા ગયા ત્યારે તેમના બાજુના સ્ટેશન માસ્તરે પણ મજાકમાં કહેલું: " કેમ લ્યા શોભલા ! કયાં ચાલ્યો તું વળી ? "

" મમ્બઇ શા'બ !"

" તે ત્યાં શું કરવાના છો તમે !"

" અરે શા'બ શું કરશું શું ? પૈસા કમાશું પૈસા. બીજુ શું ! "

" ઓહો ! " કહેતાંક તો માસ્તરે કપાળ ઉપર બિરાજેલાં ચશ્માંને ઠેઠ નાકની દાડી સુધી તાણીને મૂક્યાં ને શોભારામને એમની બારીમાંથી નિરખાય તેટલા નિરખ્યા ને બોલ્યા: "ત્યારે તો લખમીના આણાં કરવા ઉપડયા લાગો છો !"

આ વાક્ય સાંભળી બાજુમાં બેઠેલા કોક વૃદ્ધે પણ શોભારામને પાછું ફરી નિહાળી લીધા.

આ સંવાદથી શોભારામના મોઢા ઉપર જે સ્મિત ફરકયું તેટલું તો કરોડ કરોડ રૂપિયાની સંપત્તિ ને વૈભવ માણનાર શ્રીમંત તો શું પણ કોઈ વિરલ ફૂલ પણ મરકયું નહિ હોય !

આમ સસ્મિત પણ શરમાતાં શરમાતાં ટિકિટ કઢાવી, સ્ટેશન ઉપર જે જે નવીનતા દૃષ્ટિએ પડે તે તે નિહાળતા, અનેક સ્ટેશન જોતા જોતા શોભારામ બીજે દિવસે સૅન્ટ્રલ સ્ટેશને ઊતર્યા.

ઉતરતાં વેંત જ એમના પગમાંથી મગજ સુધી શહેરનો પવન ફરી નીકળ્યો ને આજ દિન સુધી કદી પણ બોજા વગર ન નીકળેલ શોભારામના હાથમાંથી પોર્ટરે ડબ્બો લઈ લીધો તે તેમણે લેવા પણ દીધો.

આજે આ ટાણે શ્રીમંત હોવાનો જે અનુભવ શોભારામને થયો તે તો એ કવિ હોત તો એકાદ પુસ્તકમાં આલેખી સમસ્ત જગત આગળ એ ધરત.

શોભારામની મા તો વિધવા હતી. પણ એકના એક દીકરા ઉપર એણે તો લાખ લાખ આશાના મિનારા ચણી મૂક્યા હતા. તેથી બીજી વિધવાઓની જેમ પોતાના શોભલાને, તે પાંચ વરસનો થતાં જ ઘણાના કહેવા છતાં શહેરની વીશીઓમાં પીરસવાની નોકરીએ મોકલ્યો ન હતો.

હમણાં હમણાં શોભારામને બારમું વરસ ચાલતું હતું. તેથી તેમના બનેવીએ એમને બોલાવ્યા હતા. તેનું કારણ સાળા પ્રત્યેનો પ્રેમ તો ખરો જ છતાં બીજું પણ એક કારણ હતું.

શોભારામની મોટી તે હાલ પંદર વરસની હતી. તે સુવાવડ કરવા ઘેર આવેલી તેથી તેમના બનેવીને અટુલું લાગતું હતું ને રાંધવા કરવાનું આળસ પણ ભેગું તેથી 'તું નહિ તો તારો ભાઈ' એ ન્યાયે પોતાની પત્નીને બદલે એના ભાઈને બોલાવેલો. બધી સાસુઓ માને છે એમ શોભારામની માએ માનેલું કે જમાઈ સારો છે તે સાળાને ઠેકાણે પાડશે ને તેથી જ એ બોલાવે છે. ગામમાં તો ડોશીએ પોતાના જમાઈની આબરુની ડાંડીએ પીટી દીધી હતી.

શોભારામ સૅન્ટ્રલ સ્ટેશનેથી સીધા ભૂલેશ્વર આવ્યા ને ભૂલેશ્વરની કોક નાની ગલીમાં આવેલા મોટા માળાની નાનકડી કોટડીમાં બનેવીને ત્યાં પ્હોંચ્યા.

શોભારામનું તો આ અવસરે જે સ્વાગત થયું તે તો એમણે મનમાં ને મનમાં હરખાતાં માણી લીધું.

બનેવીએ રાંધેલો કંસાર આદિ ચીજો આરોગી ગામનાં લોકોએ, થોડાક ઓળખીતાઓએ, 'શોભલો—શોભલા' એવી આવ્યા ત્યારથી બૂમો મારેલી તેને ન્યાય આપવા આખા માળામાં ફરી વળ્યા.

ગામ ને શહેરની રહેણી કરણીમાં જે ફરક છે તે ફરકમાંથી

બહાર નીકળતાં શોભારામને કંઈ ખાસ વખત લાગ્યો નહિ.

ગામમાં રહેલા તે દરમ્યાન શોભારામે ગામડી પાઠશાળામાં મહિમ્ન, રૂદ્રી, સંકલ્પ વગેરેનું પઠન કરેલું તેથી બનેવીની સાથે તેઓ ભૂલેશ્વર મહાદેવની છત્રછાયામાં બેસવા માંડ્યા.

થોડાક દિવસ તો શોભારામને એ મંદિર અને એ મંદિરમાં આવનાર સર્વ કોઈની શરમ લાગતી પણ પછી તો એ એટલા ખુલ્લે સૂરે બીલી ચઢાવતા કે એમનુ 'વિઘ્નેશ્વરરાય વરદાય' શ્લોકનું કથન મંદિરના આખા ઘુમ્મટને ખખડાવતું.

શોભારામ વહેલા વહેલા ઊઠી નાહી ધોઈ લેતા ને બેએક પૈસાનું દૂધ લાવી એક બે કપ જેટલી બને તેટલી ચા બનાવતા ને સાળો બનેવી ચા ચડાવતા. કોઈવાર દૂધની ચાહ જરા વધારે મળતી તો એકાદ 'કપ' વધારે પણ ચઢાવી લેતા ને પછી ભૂલેશ્વર મહાદેવની બીલી ચઢાવતા. આ તો એમનો સવારનો કાર્યક્રમ.

બારેક વાગે શોભારામ પાછા ઓરડીએ આવતા ને બે જણુ રોટલી ને શાક બનાવી મૂકતા. ત્રણેક વાગે યજમાનમાં ગયેલા બનેવી આવતા ને બન્ને સાળો બનેવી જમતા. પછી થોડીક વેળ વામકુક્ષી પણ થતા.

સાંજ પડી એમ લાગે ત્યારે ઊઠીને ફરી સ્નાન કરતા. વળી મંદિરમાં લટાર મારી બનેવી સાથે પ્યાલાં, ફૂલ, બીલીપત્ર આદિ લઈ, પાનબીડી વાળા, દૂધવાળા વગેરેની દુકાને જતા ને શેઠ નોકર સર્વને ફૂલઆદિ આંખે લગાડી એમનાં નેત્ર ને જીવન બન્ને પાવન કરતા. આ પાવનવિધિમાંથી જે કૈં પાઈ પૈસો મળતો તે લઈ મોડી રાતે પાછા આવી સહવારનું કૈંક બચ્યું હોય તો તેનું, નહિ તો વાતનું વાળુ કરી સૂઈ જતા.

આમ જીવન શરૂ કરી શોભારામે જીવવા માંડ્યું. જે કૈં શોભારામ કમાતા તે બધું પોતાના બનેવી ને આપી દેતા.

× × ×

એક વેળા દેશમાંથી કાગળ આવ્યો ને બનેવીએ શોભારામને બૂમ પાડી.

"શોભારામ શેઠ! આમ આવો! જુઓ, તમારે તો ભાણેજ આવ્યો!"

શોભારામ જરાક મલકાણા ત્યાં તો બનેવીએ હુકમ નામું કાઢ્યું.

"શોભલા, જો હવે તારો હિસાબ કરીએ—" ને શોભારામના મનમાં કેવી લાગણીઓ થઈ તે તો કેમ વર્ણવી શકાય? એ તો બનેવીના સામું જ તાકી રહ્યો.

"શોભલા, ખાવા પીવાનું તો ઠીક! પણ રોજની પાવલી લેખે. તીસો પાયો સાડા સાત તારો પગાર ગણું તો આજ તને આવે છ મહિના થયા, તે ગણુ જોઉં, કેટલો હિસાબ થયો?"

આનંદથી કે કોણ જાણે શાથી પણ શોભારામને કે હિસાબ બેઠો નહિ તેથી શોભારામ તો હજીય મૂંગા જ રહ્યા.

"તે જો ત્યારે હું જ ગણું. સાત છક બેતાલીસ ને છ અડધું ત્રણ મળીને રૂપિયા થયા પિસ્તાળીસ ને પાંચ પેલા રૂદ્દીના દખણાના મળેલા તેના મળી રૂપિયા થયા પચાસ અંકે ૫૦] તે શોભલા, તારી બાને પહેલી કમાણી મોકલશું?"

શોભારામે વટ સાથે હા પાડી ને એ પૈસાનું મનીઑર્ડર એમની માને મળતાં એણે રોકેલી અનંત આશાઓમાં પહેલો ફણગો ફૂટયો. મનીઑર્ડર મળતાં જ એમની પાસે ઉજાણી કરવા સત્યનારાયણની માનેલી કથાને નામે આખા ગામને ખબર પાડી કે પેલો કાલ લંગોટી પહેરીને રખડતો શોભલો હવે કમાઉ થયો છે.

પહેલાં ગામની ઘણી સધવા વિધવાઓએ શોભારામની માને કહેલું કે "લે, શોભલો રખડું થશે રખડું. હવે કૈં નાનો છે ઘરમાં ઘાલી રાખ્યો છે?"

આજે એ બધાંય શરમાતાં શરમાતાં શોભલાનાં વખાણ કરતાં હતાં કે "બાઈ, અમે તો જાણતાં જ હતાં કે શોભલા જેવાં ઠાવકાં

છોકરા ગામમાં છે જ કયાં? જોયું ને આ! માને તો હવે લીલાલહેર થઈ લીલાલહેર! દીકરો તે દીકરો બાઈ! તે પણ શોભલા જેવો!"

પછી તો દર મહિને શોભારામ તરફથી માને પાંચ રૂપિયાનું મનીઑર્ડર મળતું.

બેએક વરસ મુંબઈમાં રહી શોભારામ ઘેર આવવા નીકળ્યા. તૈયારીઓ તો લગભગ મહિના એકથી કરવા માંડેલી.

બે ખાસાં મલમલનાં પહેરણ, બે લાલચોળ કિનારના ધોતી જોટા, નાવાનો સુગંધીદાર સાબુ, એક કોટ, રાણી છાપનાં ચકચકતાં બૂટ, એકાદ નાની સૅન્ટ તથા તેલની બાટલી ને બીજું નાનું નાનું તો કંક ભેગું કરી રાખેલું તે શોભારામે બાંધ્યું. ધારે તો એટલાથી જ પોતાના નાના એવા ગામમાં પ્રદર્શનની નાની એવી હાટડી ભરી શકે!

બે વરસે શોભારામ ઘેર આવ્યા ત્યારે એમને જે આવકાર મળ્યો એની તો એમને પોતાને ઘેરથી કાકાને ત્યાં જતાં અડધો કલાક થયો ત્યારે જ ખબર પડી જો કે ઘર તો ફળિયાને નાકે જ હતું.

ઘેરે ઘેરથી જે કોઈ જુએ તે બહાર ધસી કૈં કૈં પૂછે ને શોભારામને શહેરની સર્વ વાત નહિ તો એનો સાર તો આપવો જ પડે. આથી પાંચ મિનિટને બદલે કાકાને ત્યાં જતાં શોભારામને અડધો કલાક થયો તેની પણ ગમ રહી નહિ. એ તો એમના ઘડિયાળ ઉપર નજર પડતાં કાંડું ઊંચું કરી સર્વને એમણે જ કહ્યું ત્યારે જ તો.

ઘડિયાળ તો બનેવીથી છાનું લઈ રાખેલું તે આજે જ નીકળેલું.

શોભારામ પોતાના ગામમાં રહ્યા તો માત્ર એક મહિનો જ પણ એવા વટથી! પેલા મુંબાઈના શેઠીઆ માથેરાન કે એમ જાય ને એવા રાહથી!

શોભારામે પાછી ટિકિટ કઢાવી ત્યારે પણ પ્રથમની જેમ જ માસ્તરે ટિકિટ આપતાં કહેલું:

પણ આમ તો શોભારામ ઘણીવાર આવ્યા ને પાછા ગયા.

શોભારામની ઉમ્મર હવે ચોત્રીસ પચીસની થવા આવી હતી.

જજમાનને ત્યાં શેઠીઆઓની છોકરીઓ સંકલ્પ કરાવતાં શોભારામની ભૂલો કાઢતી ત્યારે શોભારામને સ્ત્રી જાત ઉપર જે ક્રોધ ને ફિટકાર આવતો તેથી તો તેમણે પરણવાનું નક્કી કર્યું છે એમ એમના મિત્રોને એ કહેતા.

"પેલી ત્રણ બદામની સ્ત્રીની જાત તે વળી મશ્કરી કરતાં શીખી છે ! એવી જ જાતની હું ય પરણી લાવીશ."—આમ મનમાં નક્કી કરી શોભારામે પરણવાના કોડ સેવવા માંડયા.

"શોભારામે આ વિચાર કર્યો ત્યાર પહેલાં તો એમની માએ ઘણીયવાર ગામ પરગામ ઘણા છોકરીઓવાળાઓને ત્યાં વાત નાખેલી પણ નાતના રિવાજ પ્રમાણે બે હજારનો દાગીનો ન હોય ત્યાં સુધી કોઈ વાતની ગાંઠ વાળે એમ જ નહોતું ને!

× × ×

આ વેળા જ્યારે શોભારામ ઘેર આવ્યા ત્યારે એમની માએ ઉપરની વાત છેડી ને શોભારામે પણ માને ન કહ્યું પણ મનમાં તો નક્કી કર્યું કે બીજી વાર આવે ત્યારે જરૂર કંઈક નવાજૂની કરવી.

હર વખત જેમ જ્યારે આ વેળા પણ સ્ટેશન માસ્તરે ટકોર કરી: " કેમ શોભારામ, વળી લખમીનું આણું કરવા ચાલ્યા ? " ત્યારે તો શોભારામ મૂંગા રહેવાને બદલે ગર્વથી બોલી ઊઠયા:

" ઓ માસ્તર, લખમી લખમી શું કરો છો ? પૈસા તો હાથનો મેલ છે મેલ–ખરું લખમીનું આણું તો આવતી દીવાળીએ કરીશું જ—આણું તો આણું."

"ત્યારે તો રંગ રાખ્યો ! અમારું ય મોઢું મીઠું કરાવશો ને ? "

" એમ હોય માસ્તર ! તમારે તો ચારે દિવસ જાનમાં સાથે આવવું પડશે. "

"તો પછી અહીં તમારા જેવા લખમીનું આણું કરવા જનારને ટિકિટ કોણ આપશે?" એમ કોક બોલ્યું પણ શોભારામે સાંભળ્યું જ નહિ.

મુંબઈ આવી બનેવીને એક દિવસ બોલાવીને શોભારામે કહી દીધું કે 'હવે સાડાસાત બાડાસાત રૂપિયાનો પગાર ચાલશે નહિ. મેં તમારી કેટલી કમાણી વધારી આપી? હું પોતે કેટકેટલે ઘેર ફરું છું! મારે ય મારું કૈં જોવું ને પછી?"

"તો વધુ કમાતા કેમ નથી? ને મુંબઇની ટિકિટ કઢાવવાના રૂપિયા તો મેં મોકલ્યા હતા તે ભૂલી ગયા?"

આ ટકોરથી શોભારામ ચિઢાયા ને બનેવી સાથે ઝઘડી પડયા. બન્ને જણા મોંની ફૂલેલી ધમણો કરી રહેવા લાગ્યા પણ આમ ફૂલેલી ધમણોથી કૈં કામ ચાલે?

એક વખત સાળાબનેવીની તકરારો પતાવવા શોભારામની બહેને ઘણી આગળ વાત છેડી તે રાતે તો ભારે થઈ.

શોભારામે બનેવીના મોંથી, આખો માળો સાંભળતાં, પંદર પેઢીની સાંભળી ત્યારે એમનાથી ન રહેવાયું ને બહેન—બનેવીની આમન્યા છોડીને બનેવીને પરખાવી દીધું:

"તે કૈં તમારે નસીબે મુંબઈ નથી આવ્યા. સમજ્યા?" કહી ઘડીકમાં તો સર્વના દેખતાં પોતાનો ડબ્બો લઈ શોભારામ બનેવીની કોટડીની બહાર નીકળી ઊભા.

બહેન તો શું પણ કોઈપણ મનાવે ત્યાર પહેલાં શોભારામ દાદરો ઊતરી પડયા ને એક જૂના ઓળખીતા ગોઠીઆને ત્યાં જઈ રહ્યા.

હવે શોભારામે ભૂલેશ્વર મહાદેવની ખોટી પ્રશંસા મૂકી, વિઘ્નેશ્વરાયનો મંત્રો પણ મૂકયા ને વિઘ્નોનો જ સીધો સામનો કરવા મંડયા પોતાના મિત્ર સાથે મસ્જિદ બંદરની દુકાને દુકાને નોકરી માં ભટકવા માંડયા.

ડુંગરાના પાણી નાનપણમાં પીધેલાં એટલે શોભારામનું કાઠું આમ સારું. તંદુરસ્ત શરીર તથા નિર્દોષ મોં જોઈ કોઈ વેપારીએ શોભારામને રૂપિયા દસની નોકરી આપી.

હવે તો શોભારામે શહેરમાં પણ કોટ, ટોપી, જોડા વગેરે પહેરવા શરૂ કર્યા. ને ભૂલેશ્વરના બાંકડાને બદલે દુકાનની પાથરેલી ગાદી ઉપર બેસવા માંડ્યા.

વહેલા ઊઠી સાત વાગતામાં જ શેઠને ત્યાં જઈ દુકાનની ચાવીઓનો ઝૂડો લઈ દુકાન ઉઘાડવાથી ને સરસામાન ગોઠવવાથી માંડી રાતે દસેક વાગે દુકાનનું એક એક તાળું બંધ કરી, ખખડાવી શેઠને ચાવી સોંપવાનું કામ શોભારામ હોંશથી કરતા.

હવે તો શોભારામ એ જ લાંબો ડગલો પહેરી કોકવાર ભૂલેશ્વર મહાદેવનાં દર્શન કરવા પણ જતા ને કોઈ નવા આવેલા છોકરા પાસે જ—કારણ બીજું તો સર્વ કોઈ એમને ઓળખતું—એકાદ જૈનાં બિલિપત્ર પણ ચઢાવતા ને છોકરાને ‘ વિઘ્નેશ્વરરાય ’ ચોકાનું બોલવાની ટકોર કરતા. આમ કરતાં એમના નાતિલા ભૂલેશ્વરીઆ બ્રાહ્મણોમાંથી કોક એમને જોઈ ગયું ને ત્યારથી તો તેમને હવે સર્વ કોઈ શોભારામ શેઠ જ કહેતું, જે સસ્મિત શોભારામ સ્વીકારી પણ લેતા. માત્ર ખૂણે ઊભેલા એમના બનેવી જરા જરા બબડતા ‘ શેઠ મોટા ! ’ આમ શોભારામ શોભલો નહી પણ શોભારામ શેઠ બની રહેતા.

× × ×

એક વેળા શોભારામના શેઠ જરા ખુશીમાં હતા ને લાગ જોઈ એમણે વાત ઊકેલી.

‘ શેઠ ! ’

‘ કેમ શોભારામ ? ’

‘ શેઠ, કામ છે એક ! ’

" પણ બોલ તો ખરો."

શોભારામનું કામ 'ડી લકસ' તેથી તેમના ઉપર શેઠની મીઠી નજર હતી. દુકાન પર શેઠની ચા બનાવવી, પાણીની લોટીઓ પાવી, શેઠનાં છોકરાંને તેડવાં, રમાડવાં, શેઠાણીનાં હુકમે ઘરમાં શાકભાજી લાવી આપવાં વગેરે કામોમાં એમણે જે વફાદારી બતાવેલી તે શોભારામના શેઠ ને શેઠાણી બન્નેના મનને ચોપડે જમા હતી.

" ઘેરથી કાગળ આવ્યો છે."

" તે જા, દેશમાં જવું છે એટલું જ ને ! પાછો ક્યારે આવશે ? એમાં ગભરાવા જેવું શું છે !"

આમ કહેતાં કહેતાં શેઠે જે હુકમ છોડવા માંડ્યા, તે સાંભળી શોભારામનો ઘેર જવાનો ઉત્સાહ પણ મરી ગયો.

મુનીમને હુકમ થયો ને શોભારામનો હિસાબ અપ–ટુ–ડેટ ગણાઈ ગયો. બે વરસમાં શોભારામે જે કૈં પૈસા ઉપાડેલા તે બાદ કરતાં એમને ખાતે દોઢસો રૂપીઆ નીકળ્યા. તે તો શોભારામની છાતીએ વાગ્યા ને એમાં વળી જ્યારે શેઠે પચીસ રૂપીઆ બક્ષિસના આપવાના કહ્યા ત્યારે તો શોભારામને એમ જ થયું કે એ બધા જ રૂપીઆ શેઠના ચરણમાં મૂકી ઉપરથી માથું નમાવે. આટલી દિલસોજી શોભારામે પહેલી જ વાર અનુભવી ને તેના અનુભવે એમના હૈયામાં અનેક મીઠી સરવાણીઓ ફૂટી.

આમ દલ્લો લઈ પાછા બે વરસે શોભારામે ઘરનો ઉંબરો જોયો ને હવે તો શોભારામ ખરા શોભારામ શેઠ થયા હતા ને !

એમનાં દૂધધોયાં કપડાં, મુંબઈથી નવનવી લાવેલા તે ચીજો અને એવી ઘણી ઘણી ચીજો એમણે ઘરમાં ગોઠવી. શેઠને ત્યાં પણ એમ જ ગોઠવાતી ને !

આમ શોભારામની સંપત્તિ જોઈ ગામનું સર્વ કોઈ અંજાતું ને વાતો કરતું કે જમના વહુનો શોભલો તો ઘર શું પણ આખું

કુળ દીપાવશે. એ વાતોથી શોભારામને નહિ પણ એમની ચીજોને જ જોવા લોકો આવ્યે જ જતા. શોભારામે પોતાના વતનમાં મહિનો એક ગાળ્યો ને પાછા મુંબાઈ જવા તૈયાર થયા. બેત્રણ દિવસથી સારું સારું કરી ખવડાવવા મા નવેનવી વાનીઓ રાંધતી. એની વાસથી જ ગામલોકોને પણ શોભારામના જવાના સમાચાર મળી ગએલા ને એ વાતને ગામ ફરતાં માત્ર પવન જેટલી જ વાર લાગી; ને કોણ જાણે કેમ પણ તરત જ બેચાર કુંવારી કન્યાઓની માતાઓએ શોભારામને ત્યાં આવવું શરૂ પણ કરી દીધું.

શી વાતો થઈ એ તો કોઈને ખબર ન પડી પણ શોભારામને મુંબઈ આવી ગયાને થોડા મહિના થયા ત્યાં એક કુંકુમ્ છાંટયો કાગળ આવ્યો. તે તેમણે સવારે શેઠને ઘેર ચાવી લેવા ગયા ત્યારે શેઠાણીને જ શરમાતાં શરમાતાં આપી દીધો ને દુકાને જવાનું મોડું થાય છે એમ કહી શેઠાણી કાંઈ પૂછે ત્યાર પહેલાં જ ત્યાંથી નાસી છૂટયા. શેઠને તો એવી રીતે પણ આ કાગળની વાત જણાવવાની એમની હિમ્મત ન હતી.

દુકાને આવી શોભારામે સમય કેમ ગાળ્યો એ તો એમને પણ યાદ રહ્યું નથી.

શેઠને દુકાનમાં પગ મૂકતાં જોતાં જ શોભારામ વગર માગ્યે પાણીની લોટી લેવા જતા હતા ત્યાં શેઠે તેમને હાકલ દીધી.

" અલ્યા શોભારામ! કાગળ જ શું ખાલી આપ્યો? મીઠાઈ ક્યાં છે? "

" શેઠ ! " એટલું જ કહેતાં શોભારામની આંખો ભોં ખોતરવા માંડી.

શોભારામના આવ્યા પછી શેઠને દુકાનના વેપારમાં જે ફાયદો થયો હતો તે શેઠે કોઈને કહેલું નહિ તે આજે પેંડા મંગાવી આપી સર્વને કહ્યું. શોભારામનાં પગલાંને શેઠે આટલું માન આપ્યું એ તો

શોભારામને ક્યાંથી જ ખબર હોય ? ‘ શિવના મંદિરમાં પગ ફરેલાને !
એમ કોક વાર વિચાર કરી હવે શોભારામ પણ દલીલ કરતા.

× × ×

કાગળવાળી વાતને બે ત્રણ મહિના થયા. દીવાળી પણ આવી ગઈ, ત્યાં માનો પાછો કાગળ આવ્યો તે તો એમણે શેઠના જ હાથમાં મૂક્યો.

“ તે તમે આ ચૈત્રમાં પરણવાના ત્યારે ? શોભારામ ! પરણીને શું કરશો ? ” શેઠે સહજ પૂછ્યું.

“ શેઠ ! ” એટલું જ કહી હંમેશ જેમ શોભારામે સંકોચ અનુભવ્યો.

આ દરમ્યાન શેઠે શોભારામનો પગાર પાંચ રૂપિયા વધારી આપેલો તે તો એમણે કોઈનેય કહેલું નહિ.

હમણાં હમણાં તો દુકાન પણ શોભારામને બંધ ન કરવી પડતી. એ કામ હમણાં એમનો નવો ‘આસીસ્ટંટ’ કરતો. શોભારામ તો શેઠની માફક માત્ર ‘આસીસ્ટંટ’ તાળું દે તે જ માત્ર હલાવી જોતા; ચાવી પણ નવો જ નોકર શેઠને ત્યાં પહોંચતી કરતો. દુકાન બંધ થતાં શોભારામ તો પહોળા થઈ બજાર કાપી બહાર નીકળી જતા.

શેઠ ગયા ઘેર કે તરત જ આજે શોભારામે દુકાન વધાવી ને શેઠની પાછળ જ શેઠના ઘરમાં પ્રવેશ કર્યો.

“ કેમ શોભારામ ! કંઈ ભૂલી ગયો ? ”

“ ના શેઠ. ”

“ ત્યારે ? ”

“ એક વાત કરવી છે. ”

એ વાતનો સાર જ આપણે માટે કામનો છે ને તે એ કે શોભારામ શેઠ પાસેથી રૂપિયા બે હજાર પગાર પેટે લઈને ઊઠ્યા.

× × ×

શોભારામનાં લગ્ન લેવાયાં ને નિર્વિઘ્ને પરણ્યા પણ ખરા.

લગ્ન પતાવી શોભારામ મુંબઈ આવ્યા પણ દીવાળી સુધી એમને એકલા જ રહેવાનું હતું. શોભારામને એકલું જીવન હવે તે શેનું ગમે? દીવાળીની રાહ જોઈ એ બેઠેલા તે દીવાળી આવતાં એમણે આણું કર્યું. સરવૈયું દુકાનનું તો પછી કાઢયું. આ ફેરે ઘેરથી આવતાં એમણે સજોડે ટિકિટ કઢાવી ત્યારે માસ્તરે કહ્યું: "કેમ શોભારામ, લખમીનું આણું કે?' કોણ જાણે કેમ પણ શોભારામને આ પ્રશ્ન ન ગમ્યો. તે જવાબ આપ્યા વગર જ સ્ટેશનમાં ઘૂસી ગયા.

× × ×

પેલા બે હજાર રૂપિયા બદલ શોભારામનો પગાર કપાતો એ કહેવાની જરૂર નથી. છતાં પત્નીસહ મુંબાઈ આવ્યા એવી તો શોભારામ જ હિમ્મત કરે ને!

છએક મહિનામાં તો શોભારામે પત્નીને ઘેર મોકલી દીધી ને ઓરડી પણ કાઢી નાખી.

હવે તો શોભારામે શેઠની દુકાને જ સૂવાનું રાખ્યું ને બને તેટલો ખરચો ઓછો કરી બે હજારની બેડીઓમાંથી છૂટવા પ્રયત્ન કરવા માંડ્યો.

એક વાર કાગળ આવ્યો ને શોભારામની માએ સામટા બસો રૂપિયા મંગાવ્યા ત્યારે શોભારામને ' લખમી 'ને કોઈ કબ્રસ્તાનમાં કરેલા તૈયાર ખાડામાં નહિ પણ ક્યાંક ઉજ્જાટે થએલા અજાણ ખાડામાં દફનાવી આવવા જેટલો ક્રોધ વ્યાપ્યો.

બીજે દિવસે બસો રૂપિયાની વાત માંડતાં જ શેઠે પોતાનું સ્વરૂપ બદલ્યું.

" જો શોભારામ, પેલા પૈસામાંથી હજી અડધું તો પત્યું નથી ને આ બસોનું શું?"

" શેઠ, સિમંત, ને પછી સુવાવડ એટલે!" માએ કાગળમાં લખેલા શબ્દો શોભારામ ઝડપથી બોલી ગયા.

"તે એટલી બધી શી ઉતાવળ હતી?" એટલું શેઠે કહ્યું ને દુકાનમાં બેઠેલાં સૌ કોઈ હસી પડયા.

"તમે બધા આવા આખા ને આખા બેઠા છો તેવા શું ઉપ-રથી ઊતરી આવ્યા છો?" શોભારામે આખી દુકાનના માણસોને મનમાં સંભળાવી દીધું.

"પણ શેઠ પરણ્યા પછી તો..." કોક જૂના મહેતાજીએ સૂર પૂર્યો ને શેઠજી ચિઢાયા.

"તે ભલે પરણ્યા શોભારામ પૈસા નહિ મળે, અમારાય છોકરાં છે ને?"

શોભારામને શેઠનાં છોકરાંની વાત સાંભળી પોતાનાં ભાવી સંતાનોનું એટલું લાગી આવ્યું કે એમના એકાદની ખાતર શેઠનાં બધાં સંતાન મરે એવું એનાથી મનમાં કહેવાઇ ગયું.

શોભારામને પૈસાને બદલે જે અપમાન મળ્યું એ તો એમને એમના બનેવીએ કરેલા અપમાન કરતાં પણ વસમું લાગ્યું.

શેઠની આગળ ફરી વચન નાખે તો શેઠ કદાચ પૈસા આપે એવી બીજા સાથીઓની સલાહ સાચી લાગતાં છતાં શોભારામે બીજી વારનું વેણ નાખ્યું નહિ તે નહિ જ.

"શોભારામને પણ કૈં પત છે?" એટલું માત્ર જવાબમાં, એક દિવસમાં લગભગ હજાર વાર શેઠની આજુબાજુ બીજા સાથીઓ આગળ એ બોલેલા.

શોભારામે રાતે જ બજારમાં પોતાની શાખ અજમાવી ને બીજે દિવસે પૈસા ઘેર પહોંચતા કરી દીધા. માત્ર આ દુકાનનું કામ પતાવી રાતે નવા શેઠને ત્યાં ચોપડા લખી આવવાનું કબૂલી આવેલા.

પૈસા મળતાં શોભારામની માએ ખૂબ ધામધૂમથી સિમંતાદિનો વિધિ ઊજવ્યો. એ વેળા તો શોભારામ શેઠને કહ્યા વગર બે દિ' ઘેર જઈ આવેલા.

આટલા દિ'ની નોકરીમાં શોભારામને નામું લખતાં પાકું આવડી ગયેલું. પેલા નવા લેણદાર શેઠે તો માત્ર રાત્રે જ આવી બારેક વાગતાં સુધી કામ કરાવવાનું કબૂલાવેલું પણ શોભારામે તો સવાર સાંજ બન્ને વખત, બને તેટલો સમય ચોરી, દેવું ફીટાડવા સાહસ કરવા માંડયું.

થોડાક દિવસ આમ વ્યવસ્થિત હાડમારી શોભારામે કરી, પણ બધી વાતને હદ હોય છે ને? શોભારામના મનની દેવુ ફીટાડવાની લાગણીના વેગ સાથે એમનું શરીર હરીફાઇ ન કરી શક્યું. એક દિ' શોભારામ માંદા પડયા; તે બધા જ દિવસનો થાક ને હાડમારી એમના નિર્બળ શરીર ઉપર સવાર થઇ ગયાં. દુકાને સૂવાને બદલે શોભારામે એક ગંદી ખોલી લીધી ને ત્યાં પડી રહેવા માંડયા.

એમણે તો આ વાતની કોઇનેય જાણ કરી નહિ. બલકે બને ત્યાં સુધી તાવ છતાં કામે ગયા. પછી શોભારામ લગભગ આઠ દિ' ક્યાંય દેખાયા નહિ ને એમના મિત્રને પોતાનો કાગળ લખતાં યાદ આવી ગયું. ને ઘેર કાગળ લખવા ભેગું આ પણ લખી નાખ્યું. મિત્ર પોતાના ગામનો હતો તેથી એમના મિત્રના ઘરનાં સર્વેએ એક પછી એક આવી શોભારામની માને આ વાતની ખબર દીધી.

આ સમાચાર જાણતાં જ એમના પત્ની પોતાના નાના બાળકને લઇને એક સવારમાં વિકટોરિયામાંથી ઊતર્યાં ને ભાડાના પૈસા લેવા કોટડીમાં પેઠાં ત્યારે જ શોભારામને પણ ઉપલી વાતની ખબર પડી ને તરત તાવ પણ વધુ ચઢી ગયો.

પત્નીના આગમનથી સુધરવાને બદલે ચિંતાના માર્યા શોભારામની તબિયત વધારે બગડી. મિત્રોએ દેશમાં જવાની સલાહ આપી તે શોભારામે માની નહિ પણ તે પછી માના કાગળ ઉપર કાગળ આવવા માંડયા. તેથી શોભારામ દેશમાં ગયા. સાધારણ પણ વૈદું જાણનાર સર્વ કોઇની પડીકી—ગોળીઓ ખાઇ ચૂક્યા ત્યારે ૭ મહિને માંડ શોભારામ સાજા થયા.

કોકે તો કહ્યું પણ ખરું કે 'એને કાંઈ રોગ બોગ નથી–બધું મનનું જ, મનનો રોગ છે ભાઈ મનનો—તે દવાથી કેમ કરી જાય ?

વરસેક, હવાફેરને બહાને શોભારામને ઘેર રહેવું પડયું, ને તે દરમ્યાન રૂપિયા પાંચસો એકનું બીજું દેવું કરી શોભારામ પાછા મુંબઈ આવ્યા; ત્યારે જ તેમને ખબર પડી કે મુંબઈમાંથી 'નોકરી રાંડ'જ એમના ગયા પછી દરેક પાછળ રાતી થઈ ગઈ હતી.

સગાં, સંબંધી, મિત્રો વગેરેને ત્યાં ક્યાંક ક્યાંક રહી શોભારામે ઘરથી આણેલી એ ખર્ચીએ છ મહિના કાઢયા પણ નોકરી મળે જ શેની ?—ને શોભારામને હવે નોકરીનું આણું અકળાવા માંડયું. માથે દેવું એટલે બજારમાં તો જવાને જાતે જ પોતાપર 'કરફયુ' ઓર્ડર બજાવેલો.

ક્યાંક રસ્તામાં મળી જતાં પેલા જૂના શેઠીઆ પણ તેમને તંગ કરતા.

'કેમ શોભારામ ! ક્યારે પતાવશો ? પરણે કેટલાં વરસ થયાં, યાદ છે ?'

આવાં વચનો ને મેળાપથી બચવા શોભારામ પાછા ઘેર ગયા ને આવ્યા ત્યારે પોતાના નાના કુમળા ચિરંજીવને પણ લેતા આવ્યા તે કેમ ? પૈસાની અવેજીમાં તેને પેલા શેઠને ત્યાં મૂકી આવ્યા. શેઠના છોકરાં રમાડવાં, રાખવાં ને શેઠાણીની જીભે ફરવાથી શોભારામના બાલકે જીવન શરૂ કર્યું.

શોભારામને શેઠ મોડા મળ્યા પણ એમના ચિરંજીવ તો નાનપણથી જ' કહી કોક મશ્કરી પણ કરતું. 'પોતાને આ જગતમાં આવવાનો ખરચો તો આપે ને!' એમ પણ કોક ઊમેરી દેતું.

× × ×

બનેવીની સલાહથી કે પછી શાથી શોભારામ આજે પણ

ભૂલેશ્વરને બાંકડે બેસી 'વિઘ્નેશ્વરાય વરદાય' ઉચ્ચારે છે—ને કોક 'શોભારામ શેઠ' કહી ચીડવે ત્યારે બિલિપત્રનો ટાપલો છૂટો મારે છે.

રોજ સાંજે પેલા શેઠને ત્યાં જઈ પાઇ પૈસો જમે કરાવી પોતાના ચિરંજીવને છૂપી આંખે કયાંય કામ કરતો કે કોક ખૂણે ઊંઘી ગયેલો નિહાળી, પાછા આવી ભૂલેશ્વરને બાંકડે પડી રહે છે.

ભર ઊંઘમાંય 'શોભારામ શેઠ!' તો ઠીક પણ પેલા સ્ટેશન માસ્તરનું વેણુ 'કેમ લખમીનું આણું કરવા કે?' સાંભરે છે ત્યારે જોરથી—'લખમીનું નૈ મોતનું કહો' એમ બોલે છે તે બાજુમાં સૂતેલાઓને જગાડી મૂકે છે, ત્યારે એ બીજાઓને પણ મોત જેવા લાગે છે.

★

૧. આત્મારામ

આત્મારામ મૂળ ક્યાંના એ તો એમના સાથીઓમાંથી ...ઈને જ ખબર નહોતી. સાંજ સવાર આત્મારામની મિત્રમંડળી ...ટેલોમાં બેસતી ને ત્યાં જ્યારે જ્યારે વતનની વાતો નીકળતી ત્યારે ...ૌ કોઈ પોતાના વતનની બધીય બડાશ હાલવતા. મુંબઈ શહેરમાં ...ધા જ પરદેશી એટલે મુંબઈને વખોડી સૌ કોઈ પોતાના વતનનો ...ંડો ફરકાવવા મથતા. પણ આવી ટેવ આત્મારામે હજુ સુધી કેળવી ...જ નહોતી. જ્યારે જ્યારે તેમના મિત્રો પોતાના વતનની વાતો ...રતા ત્યારે આત્મારામ મુંબઈની જ 'બીફ' લેતા; ને સંવાદોમાં ...ઈ તેમને એમના વતનની વાતો પૂછતું નહિ—પૂછી શકતું જ નહિ—...ેમ કહીએ તો વધુ ઉચિત છે—એ તો આત્મારામના બાલિસ્ટર-...ણાની લીલા હતી !

આત્મારામે પોતાનો ઘણોખરો સમય મુંબઈમાં જ ભણતરમાં ...ાળ્યો હતો. હાલ કૉલેજનાં કહેવાતાં છેલ્લાં વર્ષોમાં હતા.

હરેક ઉનાળે યા દીવાળીએ એમના હરેક મિત્રો પોતપોતાને ...ામ કે નગર જતા ત્યારે આત્મારામ તો માત્ર પોતાના મિત્રોની ...ંપત્તિનું જતન જ કરતા. બધા પોતપોતાની ઓરડીનું તાળું એમને ...ળાવી જતા.

આત્મારામ જ્યારથી જરા શોખીન થયા ત્યારથી એક જ ...નેયમ અમુક પાળતા ને તે એ કે જુહુથી ભલે છેટે હોય છતાં રોજ ...યાં ફરવા તો જતા જ. ફરવાની વધુ સગવડ માટે આવી રજાઓમાં ...ળે તો કોક આરોગ્યભવનમાં ને નહિ તો એકાદ જુહુ પાસેના ...રામાં કોટડી ભાડે રાખતા. એકાન્ત એમને ગોઠતું અને વતન

નથી ગયા એમ કોઈ પૂછ્યા કરે તો બહારગામ હાલ રહું છું એમ કહી પોતાને ને પ્રશ્ન પૂછનાર બન્ને વ્યક્તિને સંતોષી દેતા.

આમ આત્મારામ હરેક રજાઓમાં સાંજ ટાણે જુહુના જલધિ જલ આરે લટારો મારતા. જુહુનો આખો લાંબો પટ ને પેલી વળાંક લઈ હતી વનરાજી એમને ને એમના સશક્ત પાયને આકર્ષતી ને એ આકર્ષણના ગીતમાં મસ્ત એવા આત્મારામ સાગર આડા સાગર થઈ લટારો મારતા, ભૂતભાવિનાં સ્વપ્ન ઘડી-ભાંગી બ્રહ્માની જ શક્તિ—સર્જનશક્તિ મેળવ્યાનો આનંદ માણતા.

ચાલુ કોલેજે તો જેમ બધા જ કોલેજીયનોને વ્રત હોય છે એમ એમને પણ શનિ-રવિ સિનેમા જોવાનું થતું. ને તેમાં કૈં ન ગમે તેવું પણ નહોતું.

એક શનિવારે જુહુ જવાને બદલે રજાઓમાં પણ સિનેમા જવાનો વિચાર કર્યો—પણ મેટીનીમાં.

ખરે બપોરે ને તે પણ રજાઓ એટલે પરામાંથી ઉતારૂ જનાર ઓછાં. આત્મારામ આજે જે ડબામાં ચઢ્યા તેણે એમને કોઈ અજબ અનુભવ કરાવ્યો.

ડબો તદ્દન ખાલી છે એમ ધારી બારી પાસે બેસવાના ઇરાદાથી ઝટ દઇને આત્મારામ ચઢ્યા તો ખરા, પણ...ગાડી જો ઊપડી જ ન હોત તો પાછાં ઊતરી પડત ને કદાચ એ ગાડી આખી ટાળી બીજી જ લોકલમાં જાત, વાત આમ બની. પેસતાં જ ખાલી ડબો હાથ લાગ્યાનો ને તેનું સામ્રાજ્ય મળ્યાનો અનુભવ પૂરો માણે ત્યાં એમણે બીજે ખૂણે એમની દૃષ્ટિથી બરોબર સીધી લીટીમાં એક યુવાન સ્ત્રીને બેઠેલી જોઈને એમના પગમાં વીજળી વીંટાઈ ગઈ.

આખા ખાલી ડબામાં આ એક જ માનવી ને તે પણ એક નવયૌવના! એ વિચારે એમની કલ્પના ઊડું ઊડું થવા માંડી પણ પહેલી જ પાંખ ફૂટતા પંખીની પાંખ જેમ થઇ થઇ થવા માંડી.

પેલી સ્ત્રીએ પણ આંખના ખૂણામાંથી એમના તરફ જોઈ લીધેલું એ એમનાથી વિસરાતું નહોતું. વસતિની બન્ધન તો ઘણાને નડે છે પણ આજે તો આ બે વ્યક્તિઓ વચ્ચે જે નિર્જનતા ઘૂમતી હતી એ આત્મારામના આત્માને આકાશ ચઢાવી ચઢાવી સાતમે પાતાળ પટકતી હતી.

જીવનમાં જેણે ક્યાંય ગંભીરતા દાખવી નહોતી એ આત્મારામ દુનિયાની ગંભીરતા મોંઢા ઉપર આણીને જાણે કે આકાશની સાથે હોડ બીડતા હોય એમ બારીમાંથી તકાય એટલું તાકી રહ્યા.

બે ત્રણ સ્ટેશન પસાર થયાં ને આ ડબામાં બીજાં થોડાંક માણસ દાખલ થયાં; ને ત્યારે જ આત્મારામે આકાશ સાથે સાંધેલો ત્રાટક તોડયો.

પછી તો કોણ જાણે વચ્ચે બેઠેલાં માણસોને વીંધીને પણ એમની દૃષ્ટિ પેલા ખૂણામાં જવા પ્રયત્ન કરવા માંડી, એ દૃષ્ટિને કાબૂમાં રાખવા આત્મારામને જે મહેનત પડી તેટલી તો હજાર હજાર આંડાં ઘેટાંના ભરવાડને પણ નહિ પડી હોય. ને આ મથામણમાં બે ત્રણ વાર પેલી સ્ત્રીની આંખમાં આંખ પેસી ગઈ, 'અરે!'— એવો હૃદયમાં ચીરાડો પણ પડયો;—પણ એની મરજી વિનાય દષ્ટી-દષ્ટ થાય જ કેમ, એટલે પેલી સ્ત્રી પણ મને જોતી જ હશે ને એમ વિચારી કકળતા આત્મા ઉપર આત્મારામે પ્રાયશ્ચિતનું પાણી છાંટયું.

બપોરનો વખત એટલે લોકલ પણ ધીમી. આત્મારામને તો બધી જ લોકલો–પરાંના રહેઠાણનું લાંબો લાગેલો રસ્તો–વગેરે વગેરે ઉપર ચીઢ ચડી તે એના પર મનમાં ને મનમાં ગાળો પણ વરસાવી.

આખરે મરીનલાઇન્સ આવ્યું ને ઝપ દઈને આત્મારામ ઊતરી પડયા પણ આંખને કૈં સાન છે! એણે ય ઝપ દઇને જોઈ લીધું કે પેલી સ્ત્રી પણ ઊતરી છે.

આત્મારામ ફરી આત્માને મનમાં ને મનમાં કાશી લઈ જઈ

સ્નાન કરાવી આવ્યા ને ઝડપથી આગળ વધ્યા. મેટ્રોમાં જઈ ઝટ ટિકિટ કઢાવીને વેળાસર એક ખૂણામાં બેસી ગયા કે જેથી કોઈ ઉઠાડે નહિ.

આત્મારામનું ખોળિયું સિનેમામાં બેઠું હતું પણ આત્મા તો હજી લોકલમાં જ મુસાફરી કરતો હતો. આથી કદી નહિ ને આજ એમણે સિનેમાની ચોપડી ખરીદી. આ આખા બનાવનો તાગ શોધવા કે કોણ જાણે શાથી આત્મારામે થીએટરમાં માણસો ચિક્કાર ભરાઈ જાય ત્યાં સુધી સિનેમાનો સાર ફરી ફરીને વાંચ્યો. એ સાર કેટલીવાર વાંચ્યો એ તો એમની બાજુમાં બેઠેલા કોઈકે તાકી જોયું હોય તો તે જાણે !

ઘંટડી, બીજી ઘંટડી ને સિનેમામાંની રોશની હોલવાઈ, ત્યાં જાહેરખબરો પૂરી થાય ત્યાં જ દરવાજામાંથી કોઈ ત્રણ આવ્યાં. આત્મારામની હારમાં પોતે ઊઠે તો ત્રણ સાથે બેસી શકે એવું હતું. આવનાર સ્ત્રીઓ હતી એટલે આત્મારામ ઊઠીને પાછળ હરોળમાં ગયા. સ્ત્રીસેવાથી કૃતકૃત્ય થયા. પેલી સ્ત્રી સામે નજર કરાઈ ગઈ હતી તેનું પૂરું પ્રાયશ્ચિત પણ થઈ ગયું હોય તેમ એમને લાગ્યું.

'હું કાંઈ ખરાબ નથી. સ્ત્રીઓ પ્રત્યે મને લાગણી છે.' એમ મનમાં વિચારી મનમાં ને મનમાં ફૂલાતા આત્મારામ નવી બેઠકમાં ગોઠવાયા. પાછળ જતાં પણ એમણે સમયસૂચકતા વાપરી, છેલ્લી બે 'સીટ' ખાલી હતી તેથી છેલ્લીમાં ન બેઠા, કોઈક આવે તો વળી ઊભું થવું પડે ! આમ માંડ બેઠા ત્યાં તો વળી કોઈ દાખલ થયું; ને અંધારામાં બીજે ક્યાંઈ જગા શોધવાને બદલે આ ખાલી જગા જોતાં જ આત્મારામની પાસે બેસી ગયું.

આત્મારામની આગળ પાછળ સ્ત્રીઓ હતી ને આ બાજુની 'સીટમાં' પણ સ્ત્રી બેસી ગઈ તેમાં એમને ખાસ ન ગમે તેવું કે હતું નહિ.

'ઇન્ટરવલ' સુધી એમણે ફીલ્મ નિરાંતે જોઈ પણ ઇન્ટરવલમાં બત્તી થતાં જ એમનો આત્મા ડઘાઈ ગયો, બાજુમાં બેઠેલી સ્ત્રી સામું મોઢું લૂછતાં રુમાલની આડેથી જોવાઈ ગયું—કે કહોને જોયું—તો નીકળી પેલી લોકલમાં હતી તે જ યૌવના !

હવે તો આત્મારામને મન ભારે થઈ. લોકલમાં તો બારીમાંથી આકાશની આંખ તાકી વખત કાઢ્યો હતો પણ અહીં ? 'પ્લીઝ' કહી ઊઠી નાસી જવાના વિચારને હિમ્મતે સાથ આપ્યો નહિ. છેલ્લા બેઠા હોત તો કદાચ નાસી જાત.

પેલી સ્ત્રી તો હવે નીચું જોઈ 'સીનોપ સીસ્' વાંચતી હતી. એને ઉઠાડાય પણ કેમ ? સામેનો પડદો, બીજી બાજુનાં માણસો તરફ વારાફરતી જોઈ એમણે સમય કાપવા માંડયો.

ત્યાં તો સામેથી કોલેજનાં કોઈ વિદ્યાર્થીએ ઇશારો કર્યો. આત્મારામને ખૂબ નિકટનું કોઈ મળી ગયું હોય તેવો આનંદ થયો ને મન ઉપરથી શિલા ખસી ગઈ હોય તેવો આરામ મળ્યો, પણ બીજી જ ઘડીએ પેલાએ ઈશારાથી બાજુમાં કોણ બેઠું છે એવું પૂછવા પ્રયત્ન કર્યો ત્યારે તો એમને બૂટ કાઢીને જ મારવાનું મન થયું, આમ આત્મારામની આંખને માર્ગે બીજી દિશા પણ બંધ થઈ. થોડીક અકળામણ અનુભવી ત્યાં સિનેમા શરૂ થયો ત્યારે જ એમને રાહત વળી.

હવે એમને સિનેમામાં કોઈ કરડતું હોય યા કોઈએ સિનેમા જોવાની સજા કરી હોય એવો અનુભવ થવા માંડયો.

સિનેમાની વાર્તા ભૂલી બીજી જ કોઈ વાર્તાનું પોતે પાત્ર હોય ને 'શુટીંગ' પહેલાં 'રીહરસલ' કરતા હોય એમ અનેક ભાવવિભાવના રસના અનુભવ એમને થયા. અનેક ભૂમિકાઓ એમને શિર આવી ને ભજવી પણ !

સિનેમા પૂરો થતાં જ નસાય એમ નહોતું. પેલી સ્ત્રી ઊઠે ત્યારે ને ! એની પાછળ પાછળ ચાલ્યા પણ તેમાં તો એમને આખો

ભૂતકાળ યાદ આવ્યો. છતાં સ્ત્રીની પૂંઠ જોવાના જે કૈં લાભો હોય તે નિરાંતે માણ્યા પણ ખરા.

બાઇએ જરા પાછું જોયું ત્યાં આત્મારામને ચોરી કરતાં ચોર પકડાય એવો અનુભવ થયો; છતાં મુદ્દામાલ ન મળતાં ખોજ આખરે ચોરને છુટકારો મળે ને જે આનંદ અનુભવાય એવો જ આનંદ કડક ડોક કરી, રુમાલ કાઢી મોં લૂછી એમણે અનુભવી લીધો.

બીજી જ પળે બારણાના ઉમરાની બહાર પડતાં એમણે સીધો સ્ટેશનનો રસ્તો લીધો. આટલી ઉતાવળથી તો મિત્રો મશ્કરી કરતા ત્યારે પણ એ ન ચાલેલા.

સિનેમાના થાક ઉપરાંત એમના શરીરે નહીં પણ એમના આત્મારામે જે અનેક ભૂમિકાઓ ભજવી તેનો થાક એમને વિશેષ લાગ્યો હતો. આથી મોડું થયું હતું છતાં જૂહુનો તેમણે રસ્તો લીધો. આજ તો મોડે સુધી બેસવાનો વિચાર હતો. એકબે લટારો મારી આત્મારામ એક જગાએ બેસી ગયા. થાકને લીધે ભૂખ તો લાગેલી ઘણી વારથી પણ એ ભૂલી જ ગયેલા. હમણાં જ એક ભેળવાળાને જોયો ને તેમની ભૂખ જાગી ઊઠી ને તેને બોલાવ્યો પણ ખરો; પણ પછીથી કૈં વિચાર આવતાં પોતે બેઠા હતા ત્યાંથી ઊઠી તેની પાસે જ ગયા.

અહીં આવતાં જ ભૂખ તો શું પણ એમની સુધબુધ પણ ઊડી ગઈ.

પેલી જ સ્ત્રી !...બે ત્રણ મિત્રો સાથે ભેળ ખાતી હતી, આત્મારામ હવે ભેળ ખાવા રહે ખરા ? એ તો આવ્યા તેવા જ 'ફાસ્ટ' લોકલની માફક હવા સાથે પસાર થઈ ગયા.

આત્મારામ ધૂનમાં ને ધૂનમાં રસ્તો કાપતા હતા પણ પાછળથી કોઈક ડ્રાઇવરે જે બૂમ મારી તેનાથી ચમક્યા ત્યારે એમને ભાન આવ્યું કે એ રસ્તાની બરોબર વચ્ચે દારૂડીઆની જેમ ચાલતા હતા.

'અબે સીધા તો ચલ' એટલું કહેવા ગાડીના ડ્રાઈવરે ગાડી પાસે આણી ત્યાં તો જાણે આત્મારામનાં બધાં જ હાડકાં ગળી ગએલાં હોય એવો એમને અનુભવ થયો.

પેલી ગાડી હતી પેલી સ્ત્રીની જ! તે જ અંદર બેઠી હતી, એટલું તો એમની બાવરી આંખોએ જોઈ લીધું.

ગાડી તો ચાલી ગઇ પણ ગાડી રાખનાર ને તેમાં બેસનાર માણુસ માત્ર સામે એમના આત્માએ ધીટકાર વરસાવ્યો.

આમ તો ઘણીવાર મુંબાઈના શેઠીઆઓના ડ્રાઈવરોએ એમને બૂમ મારેલી પણ આ!! પેલી સ્ત્રીના ડ્રાઇવરે એ શખશના દેખતાં—સાંભળતાં બૂમ મારી એ જ એમના દીલને કોરતું હતું. આજે તો એમણે સવારમાં જેનું મોઢું જોયું હશે તે યાદ આવ્યું હોત તો તેનું ખૂન નહીં તો તકરાર તો જરૂર જ કરત; પણ કૈં યાદ આવ્યું નહિ. જૂહુના દરિયે મગજને પાંખો આવવા જેવું થયું હતું. તે તો ઊગતી જ કપાઈ ગઈ. આત્મારામ હાડકાંનો માળો ખેંચતા પોતાને ઘેર આવી સૂઈ ગયા.

સવારમાં ઊઠ્યા. દાતણ કરતાં બાજુવાળાની નોકરાણી નીકળી ત્યાં તો ગઈ કાલ આખી અનેક શમશેરો કાઢી એમના સામી ખડી થઈ ગઈ. આ એક સ્ત્રીને જોતાં જગતની બધી જ સ્ત્રીઓ એમના મગજ આગળ આવવા માંડી ને પેલી સિનેમામાં મળેલી સુંદરી જેમ ટોળામાંથી ડોકું કાઢી જુએ તેમ એમને જોતી હોય ને પોતે શરમાઈ નીચું જોઈ જતાં હોય તેવો અનુભવ થવા માંડ્યો.

એમણે ઓરડીનું બારણું બંધ કર્યું ને છાપું વાંચવા માંડ્યા. છાપું પૂરું થતા પહેલાં જ એમને આજે ઉંઘ આવી ગઈ. કારણ, આખી રાત એમની આંખોએ જૂહુ ને મેટ્રો વચ્ચે મુસાફરી કરી હતી.

દિવસ ઠીક ઉપર ચડ્યો હશે ત્યાં પોતે ઊઠ્યા ને નાહીધોઈ

પાછા સૂઈ ગયા. આજે જમવાનો વિચાર માંડી વાળ્યો હતો એટલે ૩–૪ વાગે ઊઠતાં ચા જ માત્ર બનાવી ને પીવા બેઠા ત્યાં કોઈએ બારણું ઠોક્યું. ને આત્મારામના આત્માની બધી જ શક્તિઓ વસાઈ ગઈ.

બારણું ઉઘાડ્યું તો એમનો જ જૂનો મિત્ર પત્નીસહ મળવા આવેલો. ખૂબ આશ્ચર્ય બતાવી, આવકાર આપી ચાના જે બે કપ પોતાના માટે બનાવ્યા હતા તેના ત્રણ કરી નાખ્યા ને મહેમાનોને આપ્યા.

"તું પીને હવે…" એમના મિત્રોએ કહ્યું.

"ના ભાઈ, લે ને."

"તમને ઓછી પડશે હોં!" એમના મિત્રની પત્નીએ પણ પાછળથી ઉમેર્યું.

"ના, ના, હવે નહિ ઓછી પડે, ભાઈ. આ તો બે હતા તેના ત્રણ કરી નાખ્યા."

આટલું બોલાઈ રહે ત્યાં તો એમનાં મહેમાન હસી પડ્યાં, તે એમને સમજાયું નહિ; પણ મશ્કરી સમજ્યા છે એમ બતાવી ચા પીવાનો એમને આગ્રહ કરી પોતે પીવી શરુ જ કરી દીધી.

"કિશોર, તું કેં એકાએક?" આત્મારામે પૂછ્યું.

"આને કાલે ઘેર જવું છે એટલે વિચાર્યું કે તને મળી લઈએ ને જૂહુ પણ ફરી આવીએ."

આત્મારામને જૂહુનું નામ પણ ન ગમ્યું છતાં 'હા—હા' કહી હસી પડ્યા.

"કેં ઘેર એકદમ?" આત્મારામે મિત્રપત્નીને પૂછ્યું.

"સહેજ." સ્ત્રીએ સ્વભાવ મુજબ ટૂંકમાં પતાવ્યું.

"તોયે."

"તોય, શું મૂરખા!" એમના મિત્રે એમને વચમાં જ તોડ્યા.

આજે કોણ જાણે મિત્રે કરેલું સંબોધન એમને ગમ્યું. નિકટનો સ્નેહી મળતાં જે આરામ મળે તેવો આરામ તેમના દીલને મળ્યો.

"આત્મારામ, તારે ઘેર આવવું છે?" એમના મિત્રે પૂછ્યું.

"ના રે! તું જ વળી શું કામ જાય છે? તું જ કહેને ત્યાં શું ડાટયું છે?"

"કાંઈ કારણ હોય ત્યારે જ કોઈ જતું હશે?"

"હાસ્તો."

"તો અમને તો કૈં જ કારણ નથી છતાં અમે જઈએ છીએ, બોલ." એમ કહેતાં ધણી—ધણીઆણી બન્ને એકબીજા સામું જોઈ હસી પડ્યાં; ને આત્મારામને વહેમ પડ્યો.

"તમે લોકો હસો છો શું? શું કારણ છે?" વગેરે ઉપરાઉપરી પ્રશ્નો આત્મારામે પૂછ્યા ત્યારે છેવટે કિશોરે કહ્યું કે, "ભલા આદમી, અમે બેના ત્રણ થવાનાં છીએ." તે બધાં હસી પડ્યાં. આત્મારામ તો ફરીને પણ હસ્યા. આત્મારામે ચાના બે કપના ત્રણ કપ કર્યા ને જે હસવાનું રહી ગયું હતું તે અહીં ફૂટી નીકળ્યું ને આત્મારામ એકલા એકલા ખૂબ હસ્યા.

"આત્મારામ! ચાલ જૂહુ." એમના મિત્રે કહ્યું.

"ના ભાઈ!"

"હવે ચાલને ડાહ્યો થતો મોટો."

આત્મારામને આજ જ જૂહુ જવાનું મન થતું નહોતું. કાલના અનુભવ ઉપરથી જૂહુ ઉપર એમને નફરત આવી ગઈ હતી. છતાં મિત્રના આગ્રહે એમને છેવટે જવું જ પડયું. રસ્તે ચાલતાં આત્મારામ જે જવાબો આપવા લાગ્યા તેનાથી કિશોરને કૈં વહેમ પડ્યો; તેથી તેની તપાસ કરવા આત્મારામની એણે જુબાની લેવા માંડી.

"અલ્યા, એ આજે તારી વાતમાં આમ કેં કેમ ધડો જ નથી લાગતો ?"

"વળી ધડો કેવો ?"

"હવે સાચું કહેને ! તારે નહોતું આવવું તો આવ્યો જ શું કરવા. જા પાછો."

આત્મારામને ઘડી પાછા ફરવાનું મન પણ થયું છતાં એમણે સાથે સાથે ચાલ્યાં જ કર્યું.

અતિ આગ્રહને લીધે આ જૂના મિત્ર આગળ આત્મારામ વાત છુપાવી શક્યા નહીં ને તેમણે 'ગઈ ગુજરી' કહી. મેમાન ખૂબ હસ્યો. 'ત્યારે તો આત્મારામ અમે તને કહીએ છીએ કે પરણી જા. આવા અનુભવ તો જ થાય.' કિશોરે વાતમાં વાત ભેળવી દીધી.

આત્મારામને પણ ઘડીભર તો થયું કે કિશોરનું સૂચન સાચું હતું. ગઈકાલના આખા અનુભવમાં એમણે પોતાની પત્નીનું પાત્ર ઉમેરી જોયું તો એ અનુભવ બહુ જ રસિક લાગ્યો–'પેલી સ્ત્રી, એનું ને એમની પત્નીનું ઓળખાણ' એકબીજાની મીઠી વાતો, ઘેર આવવાનાં આમંત્રણો દેવાયાં–ચા માટે, ને બધાં છૂટાં પડયાં. આ કલ્પના ! સરી પડતાં જ આત્મારામ એકદમ મૂઢ થઇ ગયા.

"એમાં મૂઢ શું થાવ છો ?—એ છોકરીના વિચાર કરો છો ને ?" કિશોરની પત્નીએ આત્મારામની મશ્કરી કરી.

"ના, ના, તમારા સમ. એ સ્ત્રીના હું શા સારુ વિચાર કરું ? મારે ને એને શું ? એવી તો ઘણીએ સ્ત્રીઓ રોજ દેખાઇ જાય છે."

"—ત્યારે આજે આ ઉરનાં બારણિયાં કેમ બહુ અફળાય છે ?"

"જો કિશોર તું—"

"બોલને !"

"બોલે શું ? આ તારા છે નહીં તો !-"

"હવે રાખ, રાખ, મોટો ડાહ્યો થતો–મનમાં માળવે જાય છે ને ઉપરથી ફીલસિયારી ?–બોલ કોણ હતી એ ?"

"અલ્યા, પણ મને ખબર નથી !"

"આત્મારામભાઇ, ખબર ન હોય તો ખબર મેળવો. આટલું દીલ જેણે કોળ્યું એને તો શોધવી જ પડશે."

"તમે ય શું તારાબહેન મશ્કરી કરો છો ?"

"એમાં વળી મશ્કરી શી છે ? તારા સાચું કહે છે-તારો ને એ સ્ત્રીનો કંઇક સંયોગ હશે ત્યારે આટલું બન્યું ને ! શું કારણ વગર આટલું થતું હશે ?" કિશોરે વાત વધારી.

"હા આત્મારામભાઇ, કદાચ તમારા માટે જ વિધાતાએ એમને ઘડી હશે તો ?" તારાએ કહ્યું.

"તારા બેન, હું જાઉં છું પાછો." આત્મારામે કહ્યું.

"ના, ના, એમ નાસવાની જરૂર નથી, એમ અત્યારે જવાથી તમારી ઓરડી ઉપર કૈં એ બેઠી નહી હોય. હશે તો કદાચ અહીં જૂહુ ઉપર તમને જોવા જ કેમ ન આવી હોય !"

આ મશ્કરીનો જવાબ વાળે તે પહેલાં આત્મારામને કોઇએ જોરથી ધોલ મારી હોય તેવો અનુભવ થયો. બે ત્રણ છોકરીઓ હમણાં જ એમની બાજુમાંથી પસાર થઈ ગઈ. તેમાં ગઇકાલવાળી પણ હતી. પણ એમણે એ વાત મનમાં જ સંઘરી.

પેલી છોકરીઓ પસાર થઇ ગયા પછી તારાએ પૂછ્યું: "આ બધીઓમાંથી તો એકે નહોતી ને ?"

"ના રે ના." આત્મારામે તુરત જવાબ આપ્યો.

"ત્યારે ઓળખ ભલી થઇ છે ?–અંધારામાં ય ઓળખી કાઢી કે ?–કેમ લ્યા, આત્મારામ," કહી કિશોરે એમના મનનો કાન પકડયો પણ આત્મારામે એ અજબ કળથી છોડાવી લીધો. એ છૂટતા નહીં પણ ભેળવાળાની બૂમે એનો તાલ મેળવી દીધો.

'ભેળ' બૂમ સાંભળતાં જ કાલની ભેળ એમને સાંભરી ને એને બદલે આજે ખાઈ લઈએ એમ માની આત્મારામ કિશોર અને તારાને ભેળ ખાવા લઇ ગયા.

ભેળવાળાની બત્તીએ પેલી ત્રણચાર છોકરીઓ જે આંટા મારતી હતી તે જોઇ લીધી ને મનમાં ખાતરી કરી કે શખશ એ જ છે. મનમાં ને મનમાં અત્મારામે ટકોર કરી:

"કાલે તું ભેળ ખાઈ ગઇ, તો આજે જો હું ખાઉં છું; છે તારી હિમ્મત આવવાની?" આમ આત્મારામે પેલી છોકરી તરફ ચેલેન્જ ફેંકી.

મનમાં ને મનમાં, મિત્ર, મિત્રપત્ની પેલી અજાણ યુવતિ, ભેળવાળો વગેરે પાત્રો વચ્ચે આત્મારામે જે નાટક ભજવ્યું એ તો કોઇની હિમ્મત નથી કે લખે ને ભજવે.

આમ જૂહુ ઉપર ખૂબ ફરી, મિત્રને વળાવી આત્મારામ ઘેર આવી સૂઇ ગયા.

વાતને વિસારે પાડવા બેચાર દિ જૂહુ ન ગયા. આ નિયમ એમનાથી સહન ન થયો. પોતાના જ કરેલા નિયમ માણસ પાળી શકતો નથી ને!

એમને કેમે કરી ફરવા જવાનું ખોવું નહોતું, તેથી કાર્યક્રમ બદલ્યો. સાંજને બદલે હવે આત્મારામે જૂહુ જવાનું સવારનું રાખ્યું. સવારનો એમનો વાચનનો કાર્યક્રમ સાંજનો કરી નાખ્યો. આ નવા કાર્યક્રમનો અમલ શરૂ જ કરી દીધો, સાંજે ગેલેરીમાં આંટા મારવાને બદલે એઓ વાંચવા જ બેસી ગયા.

તાજેતરમાં જ બહાર પડેલી કવિતાસમૃદ્ધિ હાથમાં લઇ કવિતાથી સમૃદ્ધ થવા નજર ફેરવવા માંડ્યા.

ઉમાશંકર–સુન્દરમ્‌ની કવિતાઓ તો વાંચવી જ, એવે વિચારે અનુક્રમણિકા જોઇ એમણે એ કાવ્યો વાંચવા વિચાર કર્યો પણ ધીરજ ન હોવાથી પાનાં ઉથલાવવા માંડ્યાં.

ત્યાં તો સુન્દરમ્‌નું નામ જોયું ને પાનું પડી જતું અટકાવી વાંચવા માંડયું—'તે રમ્ય રાત્રે!' શિર્ષક વાંચતાં જ કવિતાનું વાચન અટકી ગયું. ને આત્મારામે સુન્દરમ્‌ની સામે મીટ માંડી–અગમ્યે–" માળા કવિઓ પણ કૈં!" એમનાથી બોલાઈ જવાયું.

વાંચવા ફરી ચોપડી ઉઘાડી. આ વેળા અનુક્રમણિકા જોઇને સુન્દરમ્‌ને બદલે ઉમાશંકરની જ કવિતા વાંચવા નક્કી કર્યું. સવારી ઉપાડી તો ઉમાશંકર પણ સુન્દરમ્‌ના જ ગોઠીઆને! એની કવિતાએ તો સમૃદ્ધિને બંધ જ કરાવી એટલું જ નહીં પણ મેજ પર મૂકી પણ દીધી. છતાં 'તે રમ્ય રાત્રે'ની સાથે જો કે પાદપૂર્તિ કરવા નહીં છતાં સ્મરણને તાળાં મરાતાં નથી એ ન્યાયે એની પાછળ એમના મને ઉમાશંકરની કવિતાની લીંટી ગોખવા માંડી—'રમે હૈયાને ટેરવે સદાયે'—આ બે લીંટીઓએ એમના હૈયાનો સંપૂર્ણ કબજો લીધો, ને પછી જાણો જ છો ને? એક કવિએ બીજા કવિની યાદ આપવા માંડી. એમણે વાંચેલી કવિતાની અનેક લીંટીઓ સ્મરણમાં તરવા માંડી ને પહેલી બે લીટીઓની સાથે બેસી ઊડી જવા માંડી.

થોડીવાર રહી એમને "મને સાંભરે આપણી રાત સખી!" ને "જ્યાં જ્યાં નજર મારી ઠરી" યાદ આવી. આ બે પંક્તિઓ પહેલાંની બે પંક્તિઓ સાથે થઈ ગઈ. આમ કડી પૂરી થઈ. આ ચાર લીટીઓએ એક શ્લોક થઇ આત્મારામના આજુબાજુના વાતાવરણમાં ચાર દીવાલો થઇને એમને જકડી લીધા. મગજમાં, હૈયામાં બધે આ જ લીંટીઓ લખેલી હોય એમ લાગવા માંડયું.

આ 'અનાયાસેન પઠનમ્'ના શ્રમથી આત્મારામ ઉંઘી ગયા.

સવારે વહેલા ઊઠયા. નવો કાર્યક્રમ સાંભર્યો ને ઝટ તૈયાર થઈ જૂહુ ગયા. સવારની તાજગીને શાન્તિના અનુભવે પોતે જ પોતાના નવા વિચારને શાબાશી આપી. તે આજથી રોજ સવારે જ ફરવા જવાનું કાયમ કરી દીધું.

ફરી ફરી તાજા થઈ જાણે નવા જ આત્મારામ જૂહુનો કિનારો છોડતા હતા ત્યાં "કોસ્ચુયમ" પહેરેલી દરિયામાં બહાર નીકળતી બેત્રણ યુવતિઓ જોઈ ને એમની આંખોએ ધાર્યું નિશાન તાકી લીધું.

એમના પગ તળેની બધી જ રેતી જાણે સરી ગઇ ને પોતે હતા ત્યાં જાણે પાણી જ થઇ ગયું. પોતે એ જ પાણીમાં પેલી છોકરીઓ સાથે ઊભા છે એવું ય ઘડિક તો તેમને લાગ્યું.

એમણે તરત મનને ચાબૂક મારી ઠેકાણે આણ્યું. પણ પેલા નઠારા કવિઓની નઠારી લીટીઓ પાછી જાગૃત થઈ ને એમના હૈયામાં જ રાસ લેવા માંડી. એમની તાળીઓ એમને સ્પષ્ટ સંભળાવા માંડી ને પગના ધમકારા પણ એમને સ્પષ્ટ સતાવવા માંડયા. ધાસ્તી તો મોટી એ હતી કે કદાચ પેલી યુવતિઓ પાસે આવી એવો રાસ ન લેવા માંડે. સ્ત્રીઓને રાસ ઝીલવાની ટેવ હોય એટલે આત્મારામને ભારે બીક લાગી.

મૂઠીઓ વાળી આત્મારામ પોતાની કોટડીએ પહોંચ્યા. એમણે તો ઘેર જઈ નવો કાર્યક્રમ ફાડી જ નાંખ્યો. બે દિ રહી ફરી સાંજે જ ફરવા ગયા.

આજ તો થોડાક મિત્રો પણ મળ્યા, ભેળ પણ ખાધી. ઘણી ગાડીઓ પણ મળી. છતાં ય આજ તો આત્મારામ સ્વસ્થ ઘેર આવ્યા તે તેમની ઓરડીના તાળાએ જાણ્યું—કારણ આજ ખૂબ હળવેથી એમણે એને ખોલેલું. રોજ તો અફાળતા ખરા ને! આ સફળ અનુભવના પરિણામે એમણે સાંજ ટાણે જ ફરવા જવાનો કાર્યક્રમ જારી રાખ્યો.

આત્મારામે ઉમાશંકર—સુન્દરમને વાંચવાનું માંડી વાળ્યું. સંસ્કૃત યા અંગ્રેજી જ વાંચવાનું નક્કી કર્યું. સંસ્કૃત ને અંગ્રેજી બે શબ્દો સાથે કાલિદાસ ને શેલી મગજમાં આવ્યા ને—!—!—અનેક શકુન્તલાઓ એમની નજરમાં ચાલી આંખમાં જવા માંડી.

એમણે વાંચવું તો શું પણ વાંચવા માત્રનો વિચાર જ માંડી વાળ્યો. બાગમાં આવી ફરવા માંડયા. જરા થાક લાગવાથી બાંકડે બેઠા. ત્યાં એક શખ્સ અજાણ્યો એમની પાસે આવી બેસી ગયો.

"સાબ, બડા ભાગવાન હો તુમ."

"હાં." આત્મારામે જવાબ ન વાળતાં ક્રોધથી અવાજ જ કર્યો.

"આપકા ભાગમેં બડી રેખા હૈ સાબ. આપ બડે ધનવાન લક્ષ્મીવાન હોગે."

આત્મારામને આ માણસની વાતમાં રસ પણ નહોતો ને વૈરાગ્ય પણ નહોતો. એમણે હાં હાં કર્યે રાખ્યું ને પેલાએ ભવિષ્ય ભાખવા માંડયું. આત્મારામની મૂંગી હાં હાં ઠીક ઠીક ચાલી ત્યાં પેલાએ પ્રશ્ન કર્યો કે તરત આત્મારામ ચિઢાઈ ગયા ને જવાબ પણ આપ્યા—

"નહીં."

"અબ તક નહીં સાબ!"

"ના."

"તો યે સાલ આપકી શાદી જરૂર હો જાની ચાહિયે."

"ચાલ, ચાલતો થા."

"મગર આપકો સ્ત્રીયોગ હૈ સાબ. યે તો શુભ સમાચાર હૈ— આપકુ દેખતે હી મૈંને તો એ આપકા ભાગ્ય પઢા હૈ. યે ગરીબ કુ કુછ બક્ષીસ વગેરે બી તો—સાદી કે બખ્ત તો મેં જરૂર કુછ બડી આશા રખુંગા મગર આજ તો કુછ મહેરબાની કિજીયે."

આત્મારામે ચિઢાઈ ઊઠવા માંડયું ત્યાં પેલાએ પાછળ ચલાવ્યું, તે આત્મારામે ઓરડીએ જઈ બે આની આપી ત્યારે જ તે પાછો ફર્યો, ને આત્મારામે એ બે આના આપી જૂહુની વેદના ફરી તાજી કરી લીધી.

આત્મારામથી જેમ પેલા કવિઓની લીંટીઓ નહોતી ભુલાતી તેમ સ્ત્રીયોગનું ભવિષ્ય પણ ભૂલવા મથતાં યાદ રહી ગયું.

"જોઉં તો કેવોક ઋીયોગ છે?"—એમ મન સાથે હોડ બાંધી સાંજે ફરવા ગયા. ને બનવા કાળ તે જૂહુને કિનારે લટાર મારતાં પેલી છોકરીને ઘણે દહાડે પાછી જોઇ.

"આટઆટલા દિવસો ન દેખાઈ ને પેલા જોષીએ કહ્યું કે તરત ક્યાં દેખાઈ?" આ પ્રશ્ન માટે આત્મારામે ઘણા ઉત્તર કલ્પ્યા ને આત્મારામના મને ખાતરી કરી કે માનો ન માનો ઋીયોગ તો છે જ. દુનિયામાં આટલી બધી સ્ત્રીઓ છે ને આ એક જ કેમ મારી આંખે ચઢે છે, એ હમેશ મારી આંખે ચઢે છે તે શું એના હૃદયને ઝુલવાનો મારી આંખ તે કૈં ઝૂલો છે?"—

"—પણ દુનિયાની બધી જ સ્ત્રીઓને કૈં થોડું જ પરણાય છે?—એ તો એક જોડે જ ગાંઠ બંધાય ને?"

આમ દલીલોથી એમનું મગજ ભલભલા ભૂલાભાઈ કરતાં ય આ નવો કેસ લડવામાં પાવરધું થઈ ગયું. પોતાના કેસનું બ્યાન કરતાં, કે કરી રહ્યા પછી પ્રતિપક્ષીને કોઈ સબળ ધારતું નથી ને!

આમ હરકોઈ વકીલની જેમ આત્મારામ પ્રતિપક્ષીનો કેસ નિર્બળ મનાવવા માંડયા. ને ઉપરથી માની પણ બેઠા કે પોતે એટલા સબળ છે કે કૈં નહીં તો સામા પક્ષે સમજૂત પણ કરવી પડશે.—જો કે પોતે જીતવાના જ છે એ નિ:શંક જ હતું.

—છતાં બે ચાર વાર ફરી પેલી છોકરીને જોઇને પાછા પોતે નિર્બળ બનવા લાગ્યા. ને કાકા સાહેબ ટાગોર માટે લખે છે એમ સાંજસવારે નહીં પણ ખરા બપોરે જ એમણે જૂહુ ફરવા જવાનું રાખ્યું.

આત્મારામ ટાગોરને પગલે ચાલવા તો ગયા પણ એ 'મીડ મુનલાઇટ' માં ફરવાથી એમણે તાવ વોર્યો. પરિણામે ફરવા જવાનું, વાંચવાનું, માણસોને મળવાનું બધું બંધ કરી બેઠા.

હવે તો સૂતેલી કે સુવાડેલી બધી જ સ્મૃતિઓ પાછી હાજર થઈ.

પેલી કવિતાઓની ચાર લીંટીઓ તો એમના ખાટલાને એકેએક પાયે મદારીના વાંદરાની જેમ ચઢઊતર કરવા માંડી.

આત્મારામની આ માંદગી ઠીક ઠીક ચાલી. જૂહુની હવા પણ તાવ લઈ ગઈ. ઘણે દિવસે ઓરડી બહાર પગ મૂક્યો.

આજે તો એમણે પાછું સિનેમા જોવા જવા ધાર્યું—મેટ્રોમાં નહીં—બીજે જ.

સિનેમા જોયો. પાછા ફરતાં રસ્તે એમનો મિત્ર કિશોર મળ્યો. આગ્રહ કરી કિશોર એમને પોતાને ઘેર લઈ ગયો. ચાપાણી પીતાં વાતે વળગ્યા.

"કેમ દોસ્ત, પેલી વાત કેટલે આવી?" કિશોરે પૂછ્યું. આત્મારામ પાસે હથિયાર હોત તો અત્યારના અહિંસક વાતાવરણમાં પ મિત્રને એ મારી બેસત; છતાં મિત્રને મિત્ર ઓળખે! આત્મારામને કંઈક જવાબ તો આપવો જ પડશે ધારી તેમણે કહ્યું.

"જહાન્નમ સુધી."

"ત્યારે તો ઊંડા પાણીમાં ઊતર્યા લાગો છો! વારુ, તો હવે નીકળાશે નહીં હોં!"—

"કિશોર"—જોરથી બૂમ મારી આત્મારામે એને ઘડીભર માટે ચૂપ કરી દીધો.—

"ચલ, બીજી વાત કર કંઈ" આત્મારામ બોલ્યા.

"શી વાત કરું, કહે?"—

"તારાની"—

"તારાની? તારા લહેર કરે છે. બાબો લઈ આવશે પણ ખરી."

"અરે હું તો ભૂલી જ ગયો. અભિનંદન તને ને તારાને પણ...લખજે હોં એને!"

"પણ ગઈ કાલ એનો કાગળ હતો તે એણે પુછાવ્યું છે કે આત્મારામભાઈ શું કરે છે?—કંઈ કર, દોસ્ત ખૂબ પાછળ રહી ગયો તું તો."

આ મશ્કરીએ આત્મારામે ઊઠવા માંડ્યું. નાનપણમાં બાથ બીડી એક બીજાને રોકતા એમ કિશોરે અત્યારે ન કર્યું હોત તો આત્મારામ રસ્તે જ પડી ગયા હોત. કિશોરે એમને બેસાડી વાત બદલી.

× × ×

રજાઓના થોડાક જ દિ બાકી હતા તેથી કે પેલા કવિઓની લીંટીઓની મદદથી કે પછી શ્રીયોગની ભવિષ્યવાણીથી કોણ જાણે કઈ પ્રેરણાની હિમ્મતથી આત્મારામે જૂહુ પર ફરવા જવાનું પાછું શરુ કર્યું.

હવે તો આત્મારામ પેલી છોકરીને જોવા જ જતા. કદાચ એને મળવા પણ !

રોજ એ છોકરી દેખાતી ને પોતાની બોલાવી જ એ ત્યાં આવી છે એવો સંતોષ અનુભવી આત્મારામ ત્યાંથી પાછા ફરતા.

રજાઓ પૂરી થઈ. આત્મારામથી રોજ સાંજે જૂહુ આવવું બન્યું નહિ. તેથી તો હાલત વધુ બગડવા માંડી. શનિ–રવિ તો આવતા જ પણ પછી અડવાડિયામાં બે ત્રણ વાર જૂહુ આવવા માંડ્યા.

કોકવાર રસ્તામાં પેલી છોકરી જેવું કોક દેખાઈ જતાં એ સાંજે તો એ જરૂર જૂહુ જતા ને કોકવાર એ ત્યાં દેખાતી પણ.

ત્યાર પછી તો આત્મારામે એને ઘણીવાર સિનેમા–સંમેલનોમાં જોઈ. એને જોઈ ઘણીવાર પવન જેમ પાસેથી પસાર થવાના પણ પ્રયોગો થઈ ગએલા. માત્ર પવન જેમ ભેટાતું કે શરીરને અડીને જવાતું નહિ એટલી ઊણપે એમને દુઃખ થતું. 'પવન અદૃશ્ય રહી કરે છે ને પણ' એમાં શું ? એમ વિચારી પોતાના જીવને ટાઢો કરતા. કોક દિ તો મળશે જ ને ! એ વિચાર ઓછી મૂડી હતી કે આત્મારામ જીવ બાળે !

આત્મારામે હવે તો પેલી છોકરીની તપાસ પણ કરવા માંડી. એ પણ ભણતી જ હતી. તેની કૉલેજ પણ શોધી. પોતે પોતાની કૉલેજ

છોડી ત્યાં જ જાત પણ એમની કૉલેજમાં આટલાં વર્ષ થયાં ને હવે છેલ્લે વર્ષે ક્યાં જવું એમ ધારી એટલું તો ન કર્યું. છતાં પેલી કૉલેજમાં એમણે એમની કૉલેજમાં હતા તેવા મિત્રો કરી લીધા ને એ કૉલેજની સભા—સમારંભોમાં હાજરી પણ ચૂસ્ત રીતે આપવા માંડી.

નવાં કપડાં થયાં; અને એ નવે કપડે નવી વાતો તો એમના જીવનમાં અનેક બનવા માંડી.

પેલી ગુલબંકાવલીનો કિસ્સો તે જાણે આ કૉલેજ જ. એમ આત્મારામ આ કૉલેજ પાછળ થયા. દિવસમાં એકવાર તો શક્ય નહોતું પણ અઠવાડિયામાં એકવાર તો ગમે તેમ કરી, કોઈને ચા પાવા, કે કોઈની ચા પીવા આત્મારામ આ કૉલેજની મુલાકાત લેતા.

આ કૉલેજના એમના મિત્ર પાસેથી 'ટર્મ' પૂરી થયે વાંચવાને બહાને એમણે એ કૉલેજનું મેગેઝીન પણ લીધું. સાહિત્યનો શોખ હોય તો માણસ શું કરે?

એ મેગેઝીનમાંથી નસીબને કરવું તે છોકરીઓનાં ચિત્રોમાંથી પેલી છોકરીનું ચાકું પણ એમને મળ્યું. પછી તો જાણો જ છો ને!

"તમારું મેગેઝીન સારુ છે હોં, વાંચવા જેવું છે." એમ કહી અનેક વેળા યાદ અપાવ્યા છતાં એમના મિત્રને એમણે એ પાછું ન આપ્યું. 'ચિત્ર' ફાડી લઈ એને પસ્તીમાં રવાના કરી દીધું. મિત્રે ઘણો વખત થયો એટલે માગવું બંધ કર્યું; ત્યારે તો એમણે એ ચિત્ર તો શું પણ આખી છોકરી જ મળી ગઈ હોય એવો આનંદ ને સંતોષ અનુભવ્યો.

ફરી વળી રજાઓ પડી. ફરી આત્મારામ જૂહુના જલધિજલ-આરે ન્હાનાલાલ કવિના આત્મારામ જવા મંડયા.

હવે કે એ જૂના આત્મારામ ન હતા. હિંમત હતી, જીગર હતું, જબાન હતી, નવી ઢબછબ હતી, બધું જ હતું.

કોકવાર તો આત્મારામ એ છોકરીની આગળ આગળ યા પાછળ પાછળ જ લટાર મારી શકતા. કોકવાર તો એની બે આંખો સામે ઊભા રહી ભેળ પણ ખાતા.

કૉલેજ ને જૂહુના મેળાપોમાં ક્યાંક ક્યાંક Sorry, Thanks, Please, કહેવડાવવાના યા કહેવાના જે પ્રસંગો બને છે એવા એમણે બનાવીય લીધા હતા ને એ શબ્દોની માળા ગૂંથી મનમાં અનેક વાતોનાં તોરણ બનાવી રાખતા.

× × ×

બીજી રજાઓ પછી આત્મારામ માત્ર નામનું જ કૉલેજમાં જતા. કાયદો ભણવા ને સહવારે કોક વકીલને ત્યાં બ્રીફો વાંચતા. એ બ્રીફોના જ્ઞાનથી તો એમણે પોતાના કેસ માટે નવી દલીલો પણ શોધેલી, તે જો કૉર્ટમાં કેસ લડી છોકરીઓ પરણાતી હોત તો પોતે કેસ જીતે એવી સોએ સો ટકા તેમની તૈયારી હતી.

× × ×

ફરીને પાછી જ્યારે રજાઓ પડી ત્યારે તો કિશોર ને તારા પણ જૂહુ પરના સેનેટોરિયમમાં રહેવા ગયાં ને આત્મારામ આ વેળા તેમના મહેમાન થયા.

જૂના નિયમાનુસાર મિત્ર, મિત્રપત્ની, તેમનો નાનો 'બાબો' ને આત્મારામ જૂહુ પર ફરવા જતાં.

એક દિવસ કંઈક વહેલાં ઊઠી જવાથી આત્મારામે આગ્રહ કરી કિશોર તથા તારાને સહવારે ફરવા જવાનો આગ્રહ કર્યો ને બધાં ગયાં.

કિશોર ને તારાએ આત્મારામને તો આજે ખૂબ જ ચિડવ્યા.

"આમ સાથે ભાભી હોત તો કેવી મઝા પડે," વગેરે વાતો તે ચિડવવાની વાનગી હતી.

ફરતાં ફરતાં બાબાએ એકદમ રડવા જેવું કર્યું ત્યારે બધાંને આશ્ચર્ય થયું. છેવટે આત્મારામની નજરે એનો ઊકેલ આવ્યો.

"જુઓ! આ બાબાગાડી જોઈ બાબો રડે છે—એ સારી છે ને એટલે–" સામેથી કોઈ દંપતી બાબાગાડી ચલાવતાં આવતાં હતાં તે જોઈ આત્મારામે કહ્યું.

આત્મારામથી કહેતાં તો કહેવાઇ ગયું પણ એ બાબાગાડીમાં બેઠેલા બાબાની બાને ઓળખી. ત્યાં એમનું ચાલત ને શક્ય હોત તો એ બાબાગાડી નીચે જ એ કચરાઇ મરત.

આટલા પરિચય પછી તારા ને કિશોરને પણ પેલી બાઈ યાદ રહેલી, તેથી ટિખળમાં કિશોરે ઉમેર્યું–

"કેમ આત્મારામ?"

આત્મારામે જવાબમાં માત્ર આંખ ઢાળી લીધી. એમનો આત્મા તો શું પણ એ આત્માના બધા ય રામ અટાણે મરી ગયા હતા.

ભમરડો

ધરતીના બન્ને છેડા જો કોઈ જોઈ શકે તો માનવ–હૃદયના પણ એ છેડા દેખાય.

આવો, ધરતી જેવો થઈ એક માનવી પોતાની બાપુકી ઝૂંપડીના આંગણામાં ખાટલો ઢાળી પડ્યો રહેતો–એ તો પડ્યો જ રહેતો. આભ પાસું બદલે તો ભમરસિંહ પણ બદલે. કોણ જાણે આકાશના વિસ્તાર ને સમાસ સાથે હોડ માંડી એ પડ્યા રહેતા.

ભમરસિંહ તો નાના હતા ત્યારથી આંખમાં આભલાં શમાવતા. ગામડી નિશાળમાંથી નાસી જઈ નદીતિરે આકાશ ભણી તાકવું; રાતે ખાટલી છોડી વગડે જઈ આકાશના તારા ગણવા; વારતહેવારે ગામગામની સીમ માપી આકાશને આલએલ દેવાનો એમનો નિત્ય નિયમ થઈ પડ્યો હતો.

બાપુકી નાની જાગીર, પેટને પૂરતું ખેતર આપતાં એટલે જ તો નાનપણથી આ મસ્તી સૂઝેલી.

પિતાએ લાડ કર્યાં ને વગર લાડે ભણાવવા કોશીષ પણ કરી; પણ બાપને ભણાવે એ પોતે બાપથી શું શીખે ?

નિશાળમાં જવા જેટલી ધાંધલ ભમરસિંહ કરતા એટલી તો જગતના કોઈ વિદ્વાન કે ઋષિમુનિએ (એમના કાલમાં આશ્રમમાં જવાની) પણ નહિ કરી હોય. જાણે કાલે દિવસ ઊગશે નહિ કે નિશાળમાં ઊગતું ભણતર રાતોરાત ધરતીકંપ થઈ પાછું જમીનમાં ચાલ્યું જશે, એવી ઈંતેજારી ને ત્વરાથી ભમરસિંહ નિશાળે જતા.

ઘણી વાર તો એટલા વહેલા આવે કે જાણે નિશાળના જ ચોકીદાર !

આવી, નિશાળને ફરતા આંટા મારે. કોણ જાણે પગમાં કઈ રેખા હશે તે ભમવા સિવાય બીજું કૈં પણ કરે તો આ ભમરસિંહનું નામ ન લજવાય! અને આમ ચાલી નિશાળની પ્રદક્ષિણા કરતાં થાકે ત્યારે પોતાના ભમરડાને ફરતો મૂકતા.

ભમરસિંહને મન આખી દુનિયા ભમરડામાં જ આવી ગઈ હતી. પૃથ્વીની ગતિ, પ્રગતિ બધું ભમરડા સાથે સરખાવી કેટલીક વાર તો એમના શિક્ષકના મગજમાં પણ કંઇક ભમરડા રમતા મૂકતા.

જ્યારે જુઓ ત્યારે, એકલા પડ્યા કે ખીસામાંથી ભમરડા નીકળે જ. બનતાં સુધી તો ભમરડા સિવાય બીજા કોઈના સાથમાં એ ભાગ્યે જ દર્શન દેતા. નાનીમોટી આરોવાળા, લીલીપીળી દોરીવાળા અસંખ્ય ભમરડાઓનો સંગ્રહ કરવા એ કદી ચૂકતા નહિ. ખરીદી, ચોરી કરી કે પછી કોઇને મારીને ભેટ પડાવીને પણ ભમરડા ભેગા કરતા.

નિશાળમાં ભણવા જાય પણ ભણે માત્ર ભમરડા ફેરવવાની તરકીબો જ. દોરીથી નહિ તો હાથથી; જમીન પર નહિ તો હાથ પર, કાં તો પીઠ પર, છેવટ નાક પર પણ ભમરડો ફેરવવાની તરકીબો કરતા એમને એમના ગોઠીઆઓએ જોયા હતા.

ગામડાની નાની સરખી નિશાળ એમના ભમરડાના રુપક તરીકે બરોબર હતી.

કોકવાર વર્ગમાં બેસતા તો વર્ગ આખો હસાવતા, કારણ બન્ને હાથે ભમરડા ફેરવવા એમને મન સહેલ હતું.

જ્યારે જ્યારે શિક્ષક પૃથ્વીનો ગોળો લાવે યા ગ્રહોની વાતો કરે તો ભમરસિંહના બેત્રણ ભમરડા–મિત્રો વર્ગમાં ટ્હેલવા જ માંડે. પરિણામે શિક્ષકને પણ કુદરડી ફરવી પડતી. આમ વર્ગ આખો ભમરસિંહના ભમરડે ઘૂમીને વિખરાતો.

આ વાતની વાતો ચાલી. રજામાં બધા છોકરાને બોલાવી

ભરમસિંહ ભમરડા ને ભમરડાભ્રમણ ઉપર ભાષણો આપતા. એમનાં બધાં ભાષણો લઘુ લિપિ સિવાય લખાય એમ નહોતાં. સાર માત્ર એટલો જ કે એ ભાષણોમાં કૈં નહિ તો સંશોધકની તીવ્ર બુદ્ધિ દેખાતી. ઐતિહાસિક દૃષ્ટિ અચૂક ભાસતી ને ગલ્પ તો અરેબિયન નાઈટ્સને પણ બીજે નંબરે કાઢે એવી.

એ કહેતા ભમરડા ઘણા પ્રકારના હોય છે. ભ્રમર, ભમરડો વગેરે સમજાવતા. વળી એમ પણ કહેતા કે બ્રહ્મા ભમરડો ફેરવવા માંડ્યા, જેની આર પાતાળમાં પેસી ગઈ ને ભમરડો ફરતો જ રહી ગયો. તે જ આ આપણી પૃથ્વી.

કોકવાર સૂર્ય–ચંદ્રને ભમરડા કહી એમને વિષે પણ વાતો જોડતા. પોતે ઇચ્છે છે એટલું જો જીવવા મળે તો પૃથ્વી જેવડો નહિ તો પૃથ્વીનું બચ્ચું કહેવાય એવડો ભમરડો તો જરુર ફેરવે એમ પણ કહેતા.

કોકવાર તો કાણાં થએલાં નિશાળનાં મટકાં–કે કહોને પોતાના જરુરી કામ માટે કાણા કરેલા–લઈ કૈંક લાકડાં ગોઠવી ભમરડા જેમ ફેરવવાની તરકીબો કરતા.

આમ નિશાળમાં સામાન્ય જ્ઞાનના ભાષણોનું જોર વધી પડયું. આથી શિક્ષકે થાકીને વિચાર કર્યો, પરિણામે બાપને ફરિયાદો ગઇ. ફરિયાદની તપાસો થાય તો ભાઈ જાય નદીકાંઠે ને કોઈ પકડવા જાય તો પાણીમાં ભમરડા જેમ ફરે ને ન હોય ત્યાં વમળ ઊભાં કરે.

છેવટે થાકીને શિક્ષકે પણ ફરિયાદો કરવી છોડી દીધી. ફરિયાદ કરવા બાબતનું હમેશનું રાજીનામું આપવાનાં ઘણાં બલિષ્ઠ કારણો હતાં.

શિક્ષક ન હોય ત્યારે એમના મેજ ઉપર—એમના મેજના ખાનામાં, એમનાં પુસ્તકો ઉપર ભમરડા

ફેરવી કાણાં પાડી પ્રત્યેક અણુઅણુએ યા પાનેપાનાને હવા પહોંચાડવાનું ભમરસિંહ ચૂકતા નહિ.

શિક્ષકની પાછળ ઘૂ ઘૂ ઘૂ કરતો ભમરડો ફરતો મૂકવો એ તો એમને મન સાધ્ય કલા હતી. ગમે ત્યારે કોણ જાણે કયા ખૂણામાંથી કૂદી શિક્ષકની આજુબાજુ ભમરડો ફરવા માંડે. ભમરડો નહિ—ભમરડા—એ ચાર પાંચ જાણે મધમાખીઓ ઊડી.

આવાં અનેક કારણોને લીધે ઉપર કહ્યું તેમ શિક્ષકે ફરિયાદ કરવી બંધ કરી, ને ત્યારથી મધપૂડાની માખીઓ પણ બંધ થઇ.

શિક્ષકે એમને માટે એક ખૂણો મુકરર કરી આપ્યો હતો. ભમરસિંહ પછી ત્યાંથી ભણે યા ભમરડા ફેરવે—મન ભાવે તેમ કરે—એમને તો નિશાળના ચાલુ વર્ગે પણ બહારવટિયાની સ્વતંત્રતા હતી.

આમ નિશાળને ભમરડા જેવી કરી એક દિ' ચિઢાઈ એમણે પોતે જ નિશાળ છોડી. નિશાળનો એક પણ ખૂણો ભમરડાની આરથી કોતરાયા વિના રહ્યો ન હતો. મોગલ સમયની શિલ્પકલાના અનેક નમૂના નિશાળના ઓટલા તેમજ જ્યાં બની શકે ત્યાં બધે ભમરસિંહે પોતાના ભમરડાથી કોતર્યા હતા.

હવે એમના ભમરડાને ફરવા જગા પૂરતી ન હતી, અને શિક્ષકને ચિઢવવાની મઝા પણ પૂરી થઈ ગઈ હતી.

રમત ને હર્ષ જોડિયા છે. ભમરસિંહને એવું અહીં ન લાગ્યું. ભમરસિંહને ભમરડો—અરે ભમરડા સિવાય અન્ય કોઈ નહિં; તેથી ભમરસિંહે એક દિવસ શિક્ષકની પાઘડી ઉપર ભમરડો ફરતો મૂકી નિશાળની વિદાય લીધી.

આમ કર્યો પછી રહેવાય પણ ખરું ! રહેવાય એમ હતું જ નહિ ને ! શિક્ષકની પાઘડી ભમરડાની આરને અટકાવી શકી નહિ, ફક્ત માથા ઉપર શિખા ન હોત તો શિક્ષકને મગજ ઉપર ત્રીજું નેત્ર ખોલી આપવાનું માન ભમરસિંહને મળત.

હવે ભમરસિંહ ઘેર રહેવા માંડયા. સવાર પડે કે તરત-જો સવાર પડ્યું હોય તો-કારણ ઘણીવાર ચાંદનીમાં આખી રાત ભમરડા પાછળ જાગરણમાં જતી.

ભમરડા ભેગા કરવા, એમને માટે નાની મોટી આરો ઘડવી વગેરે અનેક પ્રવૃત્તિઓ અનેક રીતે થતી. કહોને કે એક ભમરડા-કારખાનું જ હતું.

ખાવાપીવાનું કોઈ કહેવા આવે તો એના ભણી ભમરડો છૂટે ને ભમરડાની આરને તે કાંઈ અક્કલ છે કે બોલાવનારનું અંગ સંભાળે !

ભમરસિંહના આવા ચારિત્ર્યથી એમને ઘરમાં કોઈ બોલાવે કે કરે ! ભમરડા ને ભમરસિંહ બન્ને ગુલતાન ને એ તાનમાં સુલતાન ઊઠે જ નહિં.

હવેથી એમની થાળી—એમની દરેકે દરેક ચીજ જુદી થતી ગઈ. ભમરડામાંથી મન વળે ત્યારે ખાય, પીએ ને ફરે પણ તે પોતાનું મન કહે ત્યારે જ.

આમ આખા ઘરમાંથી—આખા ઘરનાં માણસોમાંથી—આખા ઘરનાં માણસોની પ્રવૃત્તિઓમાંથી ભમરસિંહ ભમરડા જેમ છૂટા થયા ને છતાં ઘરની આજુબાજુ ભમરડા જેમ ફરતા રહ્યા.

એક દિવસ એમને ત્યાં બેચાર મહેમાનો આવ્યા. બાપને ને માને મળ્યા. ભમરસિંહ ભલા ને સુશીલ છે એ સિવાય અન્ય ખૂબીઓની એમના ગામના સિવાયના લોકોને ખબર નહોતી. ગામમાંની તો એક પણ રજકણ એમનાથી અજાણ નહોતી બલકે એકે રજકણને એઓ અજાણ નહોતા.

ઊભે રસ્તે મન ફાવે ત્યાં, ગમે તેટલા ભમરડા ફેરવવા એ તો એમની ખ્યાતિનું એક મોટું પ્રકરણ હતું. કંઈક વાર મારામારી થયેલી, ઘોડાં, ગધેડાં અને અન્ય ઢોર ભડકેલાં યા ભડકે એવા ન

હોય તો મારી હઠાવેલાં. ગાડાં ઊભાં રખાવી ભમરડાને ફેરવી લેતા. એકાદ વાર તો એકાદ વરને ને શબને પણ અટકાવેલ એમ લોકો કહે છે.

ગામમાંની એક પણ સુથાર—લુહારની દુકાન ભમરડા માટે તેમણે શોધવી મૂકી ન હતી. વખત પડયે બહાર ગામ કે મેળે પણ ભમરડા ખરીદવા જતા. પણ આ તો કૈં ઊલટું થયું.

એમની ખ્યાતિ પૂરી પ્રસર્યા પહેલાં આ એક બનાવ બન્યો. કદાચ ખ્યાતિ પ્રસરી હોત તો આ બનાવ બનત પણ નહિં ને.

ઘેર મહેમાન આવ્યા છે એ વાત જાણી ભમરસિંહની ભ્રમર ખેંચાણી; છતાં એકદમ કૈં યાદ આવતાં આવીને બાપને કહે "ચાલો મહેમાનોને ભમરડાનાં નાચ દેખાડીએ." બાપે જરા આંખ કાઢી તેમને દૂર કર્યો.

હજુ સુધી મહેમાનને મળવાનો મોકો ન મળ્યો ત્યાં મહેમાનોએ ખાધું, પીધું ને વાતે વળ્યા; મહેમાનોએ છેવટે ભમરસિંહને મળવાની ઇંતેજારી દેખાડી.

બાપને જનમજનમનાં બધાં જ પાપ સજીવન થઈ વેર લેવા આવ્યાં હોય એમ લાગ્યું. ભમરડા જેવા ભમરસિંહનો મહેમાનોને ભેટો કેમ કરાવવો! તેમાં વળી હમણાં હમણાં તો પેલું નિશાળમાં ભાષણો કરતા એમ ઘણું થતું હતું. બાપે વિચાર્યું મહેમાનોને ભાષણ સંભળાવશે—ને મહેમાનો કૈં થોડુંક ભમરડા ઉપર ભાષણ સાંભળવા આવ્યા હતા!

એમના બાપે બન્યું ત્યાં સુધી વાત ટાળી. ત્યાં છેવટે એક જણે ભરમ ફોડયો ને કે ભાઈ અમે કંઈ ફોકટ નથી આવ્યા. ભમરસિંહ હવે કૈં નાના નથી. નાતના જુવાનીઆની યાદી કરતાં એમનું નામ પહેલું તરીકે ઊભું, તે આજ શુકન કરવા આવ્યા છીએ. મહેમાનોમાંથી એકની કન્યા વરજોગ થઈ હતી ને તેથી તે બેત્રણ પોતાના ભાયાતો લઈ આવ્યા હતા.

આંગણાની થાંભલીને અઢેલીને બેઠા ન હોત તો ભમરસિંહના પિતા ધરતીને જ ભેટી પડત, એટલા જોરથી એમના મગજમાં અનેક વિચારોએ ઘૂમરી લેવી શરૂ કરી.

વેવાઈ થનાર શરમાય જ એમ જાણી આવેલા મહેમાનોએ વાત છેડી:

" વેવાઈ ! એમાં શરમાવ છો શું ? તમે જ આમ શરમાવ છો તો ભમરસિંહ તો બોલશે જ નહિં ને ! "

" હાં. હાં. તે હું એ જ કહેવા જતો હતો ને હું..." ભમરસિંહના પિતાએ મહેમાનની કલ્પનાનો લાભ લીધો.

આખરે ભમરસિંહના પિતાથી વાર્યું પાણી ન વળ્યું ને વેવાઇએ પોતે જ ભમરસિંહને બૂમ મારી.

ભમરસિંહના પિતાને પાણી વગર મૂર્છાએ મૂર્છાનો અનુભવ થયો. ભમરસિંહ, ભમરડા–દોરીઓ ને એ ભમરડા જેવી એની અનેક વાતોની યાદ આવતાં ભમરસિંહના પિતા વળી મુંઝાયા; પણ ભમરસિંહના પિતાએ પાંચે આંગળીએ પાપ નહિં કર્યાં હોય કે એક આંગળીનું પુણ્ય ફળ્યું.

મહેમાને બૂમો મારી પણ ભમરસિંહના સાદના ટહૂકાની કે પછી ગાળની બૂમજ ન સંભળાઈ.

કોઇએ ગોળીથી ઠાર કરવા નિશાન તાક્યું હોય ને આખરે છોડી દે એવો ભમરસિંહના પિતાને આનંદ થયો. તે બોલ્યા:

" ભાઈ ! રહેવા દો ને. શીદ બૂમો મારો છો ? ભમરસિંહ ! અમારો તો શિકારનો શોખીન તે ગયો હશે ગામનાકે સહેલે, આવશે એટલે હું જ તમારી ઓળખ કરાવીશ."

મહેમાનોને વધુ રોકાવું નહોતું ને થોડા સમયમાં ઘણું કરવું હતું તેથી ઘડિક મુંઝાયા; પણ તરત કોણ જાણે કોઈ સંધ્યાની

પવનલહરીએ કે જીવનલહરીએ એમના મગજની ચાવી ફેરવી. તે બોલ્યા:

"ચાલોને, જરા ગામનાકે જઈએ. બેઘડી દેવાલયમાં બેસશું તો એક પંથને દો કાજ!"

"ભમરસિંહ પણ કદાચ મળી જાય!" બીજા મહેમાને વાતને ટેકો આપ્યો.

છૂટેલો ગુનેગાર ફરી ગોળી સામે બાંધવામાં આવે એમ ભમરસિંહના પિતા ફરી ખૂંટે બંધાવા માંડ્યા. મને—કમને હા ભણવી પડી ને મહેમાનને લઈ ભમરસિંહના પિતા પાદર ભણી ઊપડ્યા.

શેરીએ શેરીએ લોકો ભમરસિંહની વાતો કરતા હતા, તે આ મહેમાન જોઈ થંભ્યા.

ઘડી પહેલાં જ ભમરસિંહના ભમરડા અહીં ફરી ગએલા એથી એમની વાત વાતાવરણમાં જ હતી. વાતાવરણ ને એમની ખ્યાતિ સાથે જ ઊડતાં.

લોકોએ મહેમાન જોઇ, મહેમાનની વાતોનો તાગ જોઈ, ભમરસિંહનાં ભમ્મર રાણી કલ્પી વાતો જોડી સામસામી ટીખ્ખળ-ગોળીઓ પણ છોડી.

ભમરસિંહના પિતા મહેમાનોને પાદરે લાવ્યા, પણ ભમરસિંહ ક્યાંય દેખાયા નહિ એટલે વળી પાછું એમણે કતલખાનેથી છૂટ્યાનો સંતોષ ને શાન્તિ અનુભવ્યાં.

મંદિરમાં ગયા ત્યાં યે ગામના સાજનમાજનના ગૃહસ્થો હતા. તેમની ઓળખપાળખ કરાવી. ઘડી પછી નદીતટે ફરવા નીકળી પડ્યા.

ગામની ગૌરી ક્યાંક, તો ક્યાંક ગામના ગોધેન, તો ક્યાંક ગોવાળ ને વળી ગર્વીલી વાડીઓની હારો જોઈ મહેમાનને વધાવતા ને મનમાં પોતે ફુલાતા ભમરસિંહના પિતા નદીને કાંઠે કાંઠે પોતાની વાડીઓ દેખાડવા મંડ્યા.

પોતાના ગુણ ગાવા કોને ન ગમે?—એ ન્યાયે અંતરની ને પેટના દીકરાનાં પરાક્રમોની નવલકથા ભૂલી એમણે ચાલ્યાં જ કર્યું ને મહેમાનોને વાડીએ વાડીએ ફેરવવા માંડયા.

એમની એક વાડીના એક શેઢે એક મકાન હતું, તે નાનું ને રૂપાળું હતું! મહેમાનોની આંખમાં એ આવ્યું.

મહેમાન કહે: "ઠાકોર, કંઈ વાડીએ તોરણ બાંધ્યું કે'ક!"

"શેનું?"

તો કે "આ મકાન શું છે? વાડીયે ય કદી વસતા લાગો છો?"

"ના રે, એ તો બાજુમાં સ્મશાન છે ને તે વડવાઓના પુણ્યે મેં એક છાપરું કર્યું જેથી વેળાકવેળા ડાઘુ પ્રેત બળે ત્યાં સુધી બેસી શકે."

વળી એકાદ મહેમાન વચ્ચે બોલી ઊઠ્યા:—

"ચાલોને ત્યારે જઈને જોઈએ તો ખરા! આ ગામમાં આપણે ક્યારે ડાઘુ બનવાના'તા."

પોતાની વાતો ઉપર કીર્તિકળશ ચઢાવવા ભમરસિંહના પિતાએ મહેમાનોને પેલી બંગલી તરફ દોર્યા. ત્યાં જઈ આગલી પડસાળ દેખાડી ને પાછલીમાં જાય ત્યાં તો...ત્યાં તો શું??

"કેમ ભા!" કરતા ભમરસિંહ દોડયા સામા.

મહેમાનોની આંખ ઊલટી ને ભમરસિંહ ને એમના પિતાની પણ. ભમરસિંહના પિતાને સ્મશાનઘરનો બરોબર પરચો થયો ને મહેમાન દુશ્મન જેમ ડંખ્યા. મહેમાનોને તો જેને મળવું હતું—જેને જોવા પ્રવાસ કર્યો હતો તે જ આ કુંવર છે એ જાણી હર્ષ થયો. સ્મશાનના મેળાપમાં પણ આ પ્રકારનો હર્ષ એ સ્મશાનના ઇતિહાસમાં નવો પ્રકાશ જ ગણાય ને!

પિતાને બાજુના જ સ્મશાનમાં બળવાનું મન થયું. ડાઘ દેવા

દીકરા જેવો દીકરો હતો ને સાથે પાંચ નાતિલા પણ; છતાં હિમ્મત રાખી મહેમાનોને પુત્રરત્નની ઓળખ આપી.

મહેમાન કહે:

"કેમ ભમરસિંહજી! છો તો ઠીક ને?"

"ઠીક, ઠીક, વળી નઠીક કેવા હોતા હશે?" જવાબમાં રહેલી સૌજન્યતાથી એક બીજાના કાનમાં કહ્યું:

"અલ્યા, આ કેમ ભસવા આવે છે?"

"ભસતો હશે તારો ભા!" કહી ભમરસિંહ તડૂક્યા. ભમરડાની આરની આખી સ્વરમાલા જેણે સાંખ્ય કરેલી એને આ છાની વાત પણ સાંભળવી સહેલ જ હતી.

ભમરસિંહના પિતાની સ્થિતિ કોઈ પણ કલ્પી શકે એવી હતી. ભમરસિંહના અનેક ભમરડા અનેક વાર અનેક જગાએ સાંભળ્યા—જોયા છતાં જે બેચેની ન થએલી તે આજે એમના પિતાને થઈ.

"અરે ભાઈ, સીધો જવાબ આપોને. આ તો આપણે ત્યાં મહેમાન છે."

"મહેમાન હોય તો એમને ઘેર...ઘેર આવ્યા ને મારી મા કહે...'મહેમાન છે ભા! મહેમાન! સંભાળજે. આમ કરજે, આમ ન કરજે, આમ આમ કરજે. તે તેમ કરજે ને એ એમ કરજે. એ તે એમ તેમ કરજે વગેરે અનેક ચીજો કહી કહી મારા કાનમાં જે માળા જપી છે તેથી તો હું ઘરથી નાસી છૂટી ભમરડા ફેરવવા વગડે આવ્યો પણ તમે બધા!! ભૂત તે શ્મશાને જ આવેને!'

ભમરસિંહ બહુ બોલે ત્યાર પહેલાં તેમના પિતાએ જીવનભર ન ખરચેલી હિંમત આજ ખરચી ને ભમરસિંહનો પક્ષ કર્યો.

"ના રે ભા! તારી મા છે જ એવી. આ મહેમાનો તારા

ભમરડાની કરામત જોવા જ આવ્યા છે. એને ખબર નહિ તે તને ટોક્યો. ને એટલે તો જોને એમને હું અહીં લઇ આવ્યો છું."

"હાં તો એમ કહોને!" ભમરસિંહની મગજની કુદરડીને સીધો પવન મળતાં ઠેકાણે આવી. તે કહે:

"ઓહો! લ્યો, એમાં શું? જુઓ, અબઘડી બતાવું." કહી મહેમાનોને એમણે ભમરડાનાં અનેક નૃત્યો દેખાડચાં.

થોડીવારે પિતાએ ઇશારો કર્યો પણ તે જુએ જ કોણ? છેવટે થાકી પિતા કહે:

"ભાઈ! હવે ઘેર ચાલો. ત્યાં આંગણામાં ઠીક પડશે. અહીં ક્યાં જમીન સારી છે?"

"અરે અહીં!! હું તો અહીં ઘણીવાર આવું છું. કઈક ડાહ્યુ-ઓને મેં અહીંથી હસતા ઘેર મોકલ્યા છે."

"કઈક ડાહ્યુઓને હસતા ઘેર મોકલ્યા પણ આ હસતા આવેલા મહેમાનોને ડાહ્યુ જેવા કરી મોકલો છો તેનું શું?" પિતા મનમાં જ બબડચા.

ભમરડાના નૃત્યનો આદિઅંત વચ્ચેનો સમય કોણ માપે? છતાં ય કોણ જાણે કેમ આજે તો ભમરસિંહના ભમરડા-નૃત્યનો અંત આવ્યો ને "બધા ચાલો" કહી પોતે જ ભમરડા સમેટી આગળ થયા.

ઘેર આવી બધાંએ વાળું કર્યું ને સૂઈ ગયા. સવારે વહેલા ઊઠી મહેમાનોએ વિદાય લીધી ત્યાં ભમરસિંહની બીકે પિતાએ આગ્રહ કરવાનું માંડી વાળી વિદાય આપી. રખેને ભમરસિંહ જાગી જાય!

ગામનાકે આવી છૂટા પડતાં ભમરસિંહના પિતાએ કહ્યું: "શુભ સમાચાર જણાવજો. તમારા કુળથી અમારી ય મોટપ વધશે."

આમ કહી રહે ત્યાર પહેલાં તો બીજે ખૂણેથી ભમરસિંહ નીકળ્યા.

'અરે ક્યાં ચાલ્યા, મહેમાન ? ! મારા ભમરડા–નૃત્ય અધૂરાં જોઈને ! તે પણ ! ”

'જોયાં ભાઈ, હવે વળી કોક દિ ભમરડો થઈને આવશું ત્યારે ! ” કહી મેમાનોએ પોતપોતાનાં ઘરની વાટ લીધી.

પિતા વીલે મોઢે ઘેર આવ્યા, ને ભમરસિંહે સ્મશાન–ગૃહમાં જ પોતાના અનેકવિધ ભમરડા–નૃત્યોની તાલીમ શરૂ કરી.

આવી તો અનેક વાતો ભમરડા–નૃત્ય જેવી બનતી ને બની. ગામ ગામ ફેલાતી. સમાજ આખામાં 'ભમરસિંહ ભમરડો' નામ ભમવા માંડયું ને ભમરસિંહની ખ્યાતિએ કુળ દીપાવ્યું.

એક વેળા ઘણા વર્ષે એમના વૃદ્ધ પિતાએ કહ્યું: “ અલ્યા, ભમરસિંહ, તું મારું ખોળિયું બગાડશે–લોકો તારા ને મારા ય નામનું ભેગું રડશે. ”

તો ભમરસિંહ કહેઃ “ ના પિતા, તમારા અગ્નિ–સંસ્કાર પછી પણ ડાઘુને હસતા ઘેર લાવીશ એટલી તો મેં કલા સાધી છે. હજુ દીકરામાં વિશ્વાસ નથી ? વધુમાં ગામનાં છોકરાં માત્રને ભમરડાની લહાણી કરીશ.

કોઈપણ પિતાને પોતાના પુત્રની સર્વ શક્તિઓ પર સંપૂર્ણ વિશ્વાસ નથી હોતો પણ ભમરસિંહના પિતાએ તો આ પુત્રની શુભેચ્છા પર સંપૂર્ણ વિશ્વાસ કર્યો ને બગડેલાં આયખા ઉપર હવે ડામ દેવા ઉચિત નથી ધારી વાત કરવી મૂકી દીધી.

ભમરસિંહને તો ભાવતું જડયું. ઘેર કરવું શું ? ગામ મૂકી પરદેશ ગયા હોત તો, બેચાર ચોપડી અંગ્રેજી ભણ્યા હોત તો– ભમરડા વિષે કૈં સંશોધન પણ કરત. જો કે એમની કલા ને કલ્પના આગળ કોઈ પણ સંશોધકનું ચાલે તેમ નહોતું. પણ એમને જ લાગતું કે અંગ્રેજી જો પોતે ભણ્યા હોત તો ભમરડા ઉપર ભાષણો કરી મોટી મોટી ડીગ્રીઓ મેળવત.

હવે વળી એમણે નવું કૌતુક આદર્યું.

ઘણાં વરસથી મૂકી દીધેલી નિશાળ તેમને ફરી સાંભરી ને તેમણે પાછું નિશાળે જવું શરૂ કર્યું.

છોકરા શાળાના વર્ગોમાં જાય તે પહેલાં ને છૂટે કે તરત એમણે પોતાની કલાની દીક્ષા અનેક વિદ્યાર્થીઓને આપવા માંડી.

વખત મળે ત્યાં નાનાં નાનાં ભાષણો પણ લગાવી લેતા.

નાનપણમાં જે ભાષણો કરતાં કે બ્રહ્માનો ભમરડો તે પૃથ્વી–ગ્રહો પણ ભમરડા છે ને આપણાં મગજ પણ એજ વગેરે. હજુ ચાલુ રહ્યા–પહેલાં તો કદાચ અજ્ઞાન કે માત્ર બોલવા ખાતર બોલ્યા હશે પણ હવે તો પોતે સંશોધક–વિદ્વાન છે એમ માની મૌલિક વિચારમાલા છે એમ માનતા ને પોતાના આ સિદ્ધાંતો એ જગતમાં એક અજબ શોધ છે એમ ઠસાવતા. કોઈ ન્યુટને ફળ પડતાં જોયું. કોઈ પ્લેટોએ પાણીમાં તરતા પતરાના ઊકેલ કાઢ્યા; એમ નહિ પણ આણે તો સમગ્ર સૃષ્ટિના સર્જન-વિસર્જન સુધીની સર્વ પ્રવૃત્તિ માત્રનો આંક કાઢી આપ્યો.

ભમરસિંહ હવે વૃદ્ધ થયા. છોકરા જવાન થયા. સાચા ગુરુનાય બધા શિષ્યો પારંગત થતા નથી પણ એકાદ છીપ જેમ સ્વાતિ-બિન્દુ ઝીલે ને ઉરમાં મોતી પકવે એમ ભમરસિંહના વિદ્યાર્થી-ગણમાંથી પણ થોડાક પારાંગત થયા ને વૃદ્ધ થએલા ભમરસિંહની આંખ આગળ બેસી ભમરડા–નૃત્યના પ્રયોગો કરતા.

એકાદ શિષ્ય તો ગુરુથી ચઢે એવો–**शिष्या पुत्रा पराजय.** વાળી ઉક્તિ સાચી જાણે પાડવા જ પૃથ્વીનો ગોળો સાથે રાખતો ને કહેતો કે આ ભમરડાના સંશોધન પછી જ આ ગોળો બનાવવાનું તેના બનાવનારને સૂઝયું. નકલ માત્ર કરી ભમરસિંહને માન આપી, એમના સંશોધનકાર્યને આગળ વધાર્યું છે પોતે એમ માની ફુલાતો પણ.

વૃદ્ધે નિયમ રાખેલો કે નાનામાં નાના શિષ્યોના પણ શિષ્યોએ એમની આંખ આગળ આવી તાલીમ લઈ જવી.

આમ ભમરડા ફેરવવાની કલા પ્રસરી પ્રસરી તે આજ સુધી ચાલુ છે ને હજુ દર વસન્તે આવી ભમરસિંહનાં ગીત ગવાય છે.

આમ ભમરડા ફેરવતાં ફેરવતાં ભમરસિંહ એક ભાદરવાની ભરચક ભમ્મરીઆ કૂવા જેવી અંધારી રાતે અનેક શિષ્યો ને શિષ્યોના વારસામાં પોતાની કલા આપી યા મૂકી આકાશમાં ગગડતાં વાદળ રૂપી અક્ષય ભમરડા ફેરવવા પ્રયાણ કરી ગયા ને એમની વાત માત્ર આપણા માટે ભમતી રહી.

મિયાંનો મુરઘો

મુંબઇ શહેર તો કૈં ગજબ છે. મુંબઈ અલબેલી કહેનારે પ્રેરણાથી કહ્યું હશે પણ આજે એ સત્ય છે.

મુંબઈના સારા એવા રસ્તા પરથી પસાર થતાં આંખને ઘડી આરામ નહી. 'આ તો જોયું છે' એવું કહી વગર જોયે ચાલી જવાની કોઇ માણસની હિમ્મત ચાલે નહીં.

કાંઈને કાંઈ નવું જોવાનું તો હોય જ. કયાંક નવી દુકાન તો જૂની દુકાનમાં નવો સામાન કે પછી નવી ગોઠવણી; નવાં માણસો, નવાં વાહનો વગેરે અનેક નવી વસ્તુઓ જોવા મળે.

હું એક રસ્તા પરથી જતો હતો ત્યાં મેં વળી કૈં ઓર જ નવીન જોયું.

હારબંધ બન્ને બાજુ સુંદર દુકાનો લાગી હતી. કોઈ કોઈ દુકાનોના ઓટલાપર સુંદર કબાટોમાં સુંદર કપડાં, તો કયાંક સુંદર કપડાં પહેરાવી ઊભાં રાખેલાં માનવીનાં સ્વભાવની મર્યાદાથી પર હસતાં પૂતળાં તો કયાંક સુંદર ફરનીચર, ગાંધીની, મોચીની, દરજીની, રમકડાંની ને છેવટ ભજીયા ગાંઠીઆવાળાની પણ દુકાન સુંદર લાગતી. રેડીઓ કે થાળીવાજાંની દુકાનોનું તો પૂછવું જ શું ? એ તો જાણે લગનનો વાજતોગાજતો માંડવો.

આવી એક રેડીઓવાળાની દુકાન આગળથી મારે ઘણીવાર પસાર થવાનું થતું. નવા નવા રેડીઓ મૂકેલા જોતાં આંખ ઠરતી. નવાં નવાં ગાયનો અંદરથી કોક ગાતું હોય તેને સાંભળવા કાન મંડાતા ને દુકાન જોવા આંખ તાકતી.

એક વાર એ દુકાન બંધ હતી. મારી આંખને એ હમેશનું દ્રષ્ય જોવા આજે કામ નહોતું તેથી બીજી બાજુ ફરી.

પાંજરાપોળનો કોક ભાગ અહીં હોય એમ લાગ્યું.

મેં ધારીને જોયું તો એ પાંજરાપોળ તો નહોતી જ.

દુકાનમાં ચઢવાના માર્ગમાં જ જૂના લાકડાના ખોખાંમાં આજુબાજુ ઝાળી મઢેલી હતી. એવાં મોટાં જાળીવાળાં ચારપાંચ ખોખાં કબાટ રૂપનાં હતાં.

એની બાજુમાં એક માણસ ચાલે એટલી જગા હતી. એ જગા ઉપર બે સ્ટુલ ઉપર એક લાંબું પાટિયું ગોઠવ્યું હતું. ને એ પાટિયા ઉપર એક માણસ સૂતેલો હતો.

એણે માત્ર એક લૂંગી ને ટૂંકું ગંજીફરાક પહેર્યું હતું.

એની સામેની જાળીઓમાં અનેક નાનીમોટી મરઘીઓ હતી.

કોકવાર આ દુકાન દેખાતી, કોકવાર ન દેખાતી કોકવાર એ દુકાનદાર ફૂટપાથ પર આંટા દેતો.

આટલા પરિચય પછી તો મને ખબર પડી ગઈ હતી કે એ મુસલમાનજ મુરઘી વેચનાર હતો.

એનું શરીર સુંદર હતું. એનાં ઝુલ્ફાં મોહક હતાં. હા, મેલાઘેલા જેવો એનો વેશ જરા અણગમો ઉપજાવે એવો હતો.

મેં એને એની બાજુમાં આવેલી એક ફીરંગીની દુકાન આગળ જોયો. એ પેલા ફીરંગીના છોકરાંને રમાડતો હતો.

રસ્તે જતાં આવતાં ઘણાં રુપાળાં બાળકોને પણ હસી રમાડવાની આતુરતા દેખાડતો.

પેલા ફીરંગીના બાળકને લઈ એ પોતાની મુરઘીઓ બતાવતો. ફીરંગીનું બાળક નાની મોટી કલગીવાળાં મુરઘાં જોઈ ખુશ થતું.

કોકવાર એને ત્યાંથી મુરઘી ખરીદી જતા માણસો પણ મેં જોયા હતા. ધીમેથી જાળીમાંથી ઘરાકની પસંદગી પામેલું મુરઘું એ કાઢી આપતાં માથા ઉપર હાથ ફેરવતો.

એની ડોક વાળી ઘરાક પોતાની થેલીમાં મૂકતાં મીરખાં જરા જોઈ લેતો, ને પાછળ રહેલાં બીજાં મુરઘાં ભણી જોઈ અંદર બેસી જતો.

એકવાર મીરખાં પેલી પાટલી ઉપર બેઠો હતો. એના બે પગની વચ્ચે ઊંધા માથે મુરઘું એણે પકડયું હતું. છતાં એની પીઠ પર એ હાથ ફેરવતો હતો.

મને થયું કોક ઘરાકનું હશે. ઘરાક આવી ક્યારે લઈ જાય એની રાહ જોતો હશે. વળી એક વિચાર આવ્યો કે મુરઘાંને એ મારવાનો હશે.

કારણ ગમે તે હોય પણ મને ત્યાં ઊભા રહી જરા ચિકિત્સા કરવાનું મન થયું: સામેની ફુટપાથ ઉપર જઇ પેલી રેડીઓની દુકાન આગળ હું ઊભો રહ્યો હતો. રેડીઓની દુકાનવાળાએ મને અંદર બેસવા કહ્યું.

'પ્રોગ્રામ સારો ચાલે છે' એણે કહ્યું પણ એ રેડીઓમાં ગવાતાં ગાયનો મને આકર્ષતાં નહોતાં. પેલા મીરખાંના મુરઘાંના અવાજને નાની જાળીઓમાં લ્હેરથી ડોલતાં ફરતાં મુરઘાં હું જોતો હતો ને વિશેષ તો મીરખાંની સાથળ વચ્ચે દબાયેલું મુરઘું જ મારું ધ્યાન ખેંચતું હતું.

ડુંગર જેવો ઉપરનો ભાગ માત્ર દેખાતો હતો, પગ ને ડોક મીરખાંની સાથળ વચ્ચે દબાઇ ગએલો હતો.

મને ઘડિભર થયું કે હું જ એ મુરઘી ખરીદ કરી લઇ લઉં. પણ હું એને કરું શું?

ઘણા દયા ખાનાર કદાચ આમ જ એમની દયાને કોઈ આપ-ઘાત કરાવે છે.

એ ત્રણ માણસો આવી ગયાં. મીરખાં ત્યાં જ બેઠો છે.

ઘણીવાર પછી મારું ધ્યાન પડયું. જાળીમાં ઊપલી હારમાં દેખાતો એક મોટો મરઘો આજ દેખાતો નહોતો.

હું એ મરઘાંને રોજ જાળીમાં પહેલો નંબર રાખતો જોતો. રસ્તા પરના માનવીને એ ઊંચી ડોક કરી જોતો. મીરખાંની અત્તર જ્વર સાથે એની પણ આંખ ફરતી.

થોડીવારમાં ફીરંગીનું એક બચ્ચું ફૂટપાથ પર આવ્યું. મીરખાંની આંખમાં તરત મમતા ફૂટી એણે એને બોલાવ્યું.

બાળકે આવી તરત મીરખાંની સાથળના વચ્ચે દબાયેલું મુરઘું માગ્યું મીરખાંએ મુરઘાંને નીચે મૂક્યું.

એ જ ઊંચી ડોક, એ જ રૂવાબદાર ઊભા રહેવાની છટા, ને એ જ આંખની ચંચલતા.

પેલા બાળકને પણ મુરઘું ગમ્યું. એણે એના ઉપર હાથ ફેરવવા માંડયો.

મારાથી હવે આટલું છેટે ઊભુ ન રહેવાયું. ધીરે રહીને કોઈ જૂએ નહિ એમ હું મીરખાંની બાજુમાં ત્રણ દુકાન છેટે પાનવાળાંની દુકાન હતી એનો લાભ લઇ તે બણી ગયો.

"તુમ કો એ પસંદ હૈ" મીરખાંએ પેલા ફીરંગીના બાળકને પૂછ્યું."

બાળકે આંખ અને મોઢાના ઈસારાથી હા કહી.

મીરખાં જરા હસ્યો.

"તો લે જાવ." મીરખાંએ કહ્યું.

બાળકે પિંજરા તરફ આંગળી કરી. મીરખાં સમજી ગયો ને તેણે પિંજરૂં ઉઘાડી પેલી મુરઘીને અંદર મૂકી.

બાળક ઊભો ઊભો તાકતો રહ્યાં. હું પણ ત્યાં પાન ચાવતો ઊભો રહ્યો.

એટલામાં મીરખાંને ત્યાં બીજું ઘરાક આવ્યું મીરખાંએ પાછું પાંજરૂં ઉઘાડયું, પેલા મુરઘાંને કાઢવા માંડયું. બાળકે આ બધું જોયું.

પેલો ઘરાક હજી મુરઘાંને અડવા જાય છે ત્યાં બાળકે ચીસ પાડી ને મુરઘાંને પડાવવા માંડયું.

મીરખાં સમજી ગયો કે આ બાળકને મુરઘું ગમે છે તે આજ નહીં જવા દે.

મીરખાંએ ઘરાકને સમજાવી બીજું મુરઘું આપ્યું. ઘરાક ગયું.

પિંજરમાં પાછું મૂકાયેલું પેલું મુરઘું ફરી ટટ્ટાર થયું ને એજ ગર્વથી જોતું હતું. હું ય પાન થૂંકી જરા ટટ્ટાર થયો ને મનમાં હરખાતો ચાલી નીકળ્યો.

ત્યાર પછી તો હું ઘણીવાર ત્યાં થઇને જ નીકળતો મીરખાંને જોતો. પેલા ફીરંગીના બાળકને જોતો ને પેલા ઊંચા મુરઘાંને પણ જોતો.

એકવાર ત્યાંથી પસાર થતાં મીરખાંને એક મુરઘાની ડોક ઉપર ચાકુ મૂકતાં મેં જોયો ને મારા પગ રહી ગયા.

બીજે દિવસે હું પાછો જતો હતો. ત્યારે મીરખાં કપડામાં મૂકેલા રોટલા ખાતો હતો ને બાજુમાં કાગળની કોથળી જેમ એક મુરઘું પડેલું હતું.

હવે મને આ મીરખાં ઉપર ક્રોધ ઉપજતો હતો.

ઘણું મનને વારતો પણ આ રસ્તેથી પસાર થતાં એ દુકાન ભણી જોવાઇ જતું.

છતાં એક આશાને આનંદ હતો કે પેલું ઉપરની જાળીમાં મુરઘું હમેશ ટટ્ટાર ઊભેલું દેખાતું.

મુરઘાંને જોતો ને મીરખાં ઉપરનો ક્રોધ મારો નંખાઇ જતો.

મીરખાંને જોતો ને એની નિખાલસ આકૃતિ પણ મને આકર્ષતી એમ પણ થતું.

"વેપાર છે, સૌ કરે એમ આ પણ વેપાર કરે છે. ન દેખાવ

ન ભપકો ન બીજું કાંઈ." એની ગંદી છતાં સાદી દુકાનમાં એને હું જોતો ત્યારે સ્હેજ કંપારી અનુભવતો.

"કેટલાં મુરઘાં આ જાળીમાં આવી, જાળી મુક્ત થતાં હશે?" એમ મને વિચાર આવતો.

"વાહ મુક્તિદાદા' એજ હું મીરખાં ને મારા મનમાં જ કહેતો.

પણ મીરખાં ક્યાં મુરઘાંને મુક્ત કરતો હતો. એ તો એને ખરીદનાર ઘરાક જાળીમાંથી મુરઘાંને છોડાવતાં, ને કોકવાર એમની જ માગણીથી મીરખાં આ દેહની જાળીમાંથી સહેજ ચાકુ અડાડી એમને મુક્ત કરતો.

હવે તો મને સ્પષ્ટ ખાતરી થતી હતી કે મીરખાં નવાં નવાં મુરઘાં લાવે છે, પાળે છે પણ પેલા મુરઘાંને ત્યાંને ત્યાં જ રહેવા દે છે.

ફીરંગીના છોકરાને રમવા માટે એ મુરઘું એણે રાખ્યું છે. એ છોકરાને એ મુરઘું ગમે છે ને છોકરો મીરખાંને ગમે છે તેથી મુરઘું જીવતું રહે છે.

"પણ એ એની જાળી છૂટતી નથી." એમ મને થતું.

એક વાર પેલા ફીરંગીનું બાળક બહાર ઊભું રહી મુરઘાંને દાણાં નાખતું હતું.

ઊંચી ગર્વભરી ડોક નમાવી એ મુરઘું એ ખાઈ લેતું, એ રમત મને ગમી. મીરખાં પણ વચમાં વચમાં ખવડાવતો.

વચમાં વચમાં એણે ચાર મુરઘી વેચીને પેલા છોકરા સાથે પાછો એ મુરઘાંને દાણા નાંખતો.

મારાથી પણ ન રહેવાયું તે બાજુમાંથી મોદીની દુકાનેથી થોડા દાણા લઈ પાંજરાપોળમાં પક્ષીઓને દાણા નાખવા જતો હોઉં તેમ હું પણ મીરખાં અને છોકરા પાસે જઇ ઊભો. મેં પણ એ દાણા નાખ્યા.

મુરઘાંએ ખાધા, એનો આજ હું નવો દોસ્ત હતો. મારા હાથમાંથી લઈ પેલા છોકરાએ બીજા દાણા નાખ્યા.

પાછું કોક ઘરાક આવ્યું. મીરખાં અંદર ગયો ને પેલો છોકરો ને હું મુરઘીને ખવડાવવા માંડયાં. બીજાં મુરઘાં તાકી રહ્યાં હતાં તેમને પણ મેં તો ચાર દાણા ફેંક્યા.

મીરખાં પાછો બ્હાર આવ્યો. પેલા છોકરાને જોઈ એ રાજી થતો હતો. વારે વારે પાસે લઇ ચાંપતો હતો.

મીરખાંની લુંગી ઉપર લોહીના ત્યાં તો મેં ડાઘ જોયા ને મારો સર્વ હર્ષ નાસી ગયો. હું ઉદાસ થઈ ગયો.

'ક્યા શેઠ મુરઘી લેના હૈ' મીરખાંએ પૂછ્યું ત્યાં તો હું સાવ બેભાન થઇ ગયો.

મારાથી ઉત્તર ન દેવાયો.

'એ અચ્છા મુરઘા હૈ'' જે મુરઘાંને પેલો છોકરો દાણા ખવડાવતો હતો તેને માટે મને મીરખાંયે કહ્યું.

'ના' મારાથી કહેવાઈ ગયું ને હું ચાલવા માંડયો. પેલા છોકરાએ ને મીરખાંએ મારા તરફ જોયું, મેં મારા હાથના દાણા રસ્તા ઉપર નાખી દીધા.

પણ ચાર ડગલાં ચાલુ ત્યાં તો બે ચાર અવાજ એકી સાથે મેં સાંભળ્યા. પાછળ ફરીને જોઉં તો એકાદ મોટરનું ચાક ફરી જવાથી પેલું મુરઘું રસ્તા વચ્ચે પડયું હતું.

ફીરંગીનું છોકરું રડતું હતું ને મીરખાં નરમ છતાં મુરઘાંને ઉપાડી કહેતો હતો 'તેરેકો દુસરા દેઉંગા.'

મને જોઈ એણે કહ્યું

'આપને જો અનાજ ફેંકા ઓ ખાનેકું એ ઉડા; ઓ કચડ ગયા'

સાંભળી મારા તો કાનમાં તાપો ફૂટી મેં ખીસામાંથી રૂપીઆ કાઢી મીરખાં આગળ ધર્યાં.

મીરખાંએ લાચારીથી નકાર્યો ને ઉદાસ થઇ દુકાનમાં જતાં બોલ્યો.

"શેઠ, સબસે બડા અચ્છા મેરા મુરઘાં ગયા, એ લડકા અબતો મુજે રોજ મુરઘાં કે મારતા હી રહેતા."

* * *

ફરીને એ રસ્તે હું નીકળ્યો ત્યારે મીરખાંની દુકાનને બદલે કોઇ મીઠાઇની દુકાન ત્યાં ખડી થઇ હતી.

મીઠાઈના કબાટમાં મૂકેલા સર્વ થાળામાં મને મીરખાંની મુરઘીજ દેખાતી હતી.

હું હજી પણ ત્યાંથી નીકળું ત્યારે ઝડપથી પસાર થઈ જાઉં છું.

* * *

પૂંજાની પૂંજી

પન્નાલાલ ને પૂંજો એક વેળા પોતાના ગામડાની નિશાળે સાથે ભણવા જતા. પૂંજો પન્નાલાલના ઘરની પાછળ જ રહેતો. બન્નેના ઘરનો સારો એવો ઘરોબો પણ હતો.

પન્નાલાલના પિતા ગામમાં રહી વેપાર કરતા. ગામમાં શાખ તો પન્નાલાલના પિતાની. ગામના પંચનું પાથરણું એમને ત્યાં જ થતું.

પૂંજો જાતે સુથાર હતો. આ ગામમાં એના પિતા સારા કારીગર ગણાતા. અવાર નવાર પાસેના શહેરમાં થોડા દિ એ રહી આવતા ને જ્યારે જ્યારે ગામમાં નવાં ઘર બંધાતાં ત્યારે બારી બારણાં ને બીજા લાકડાના ફરનીચરમાં કારીગરી એ કરતા. મીસ્ત્રી તરીકે જ ગામમાં એમને સૌ કોઇ ઓળખતું.

પૂંજો પોતાના બાપના વાંસલાથી પન્નાલાલ ને પોતાના માટે નવી નવી સામગ્રી ગીલીદંડા વગેરે રમવા બનાવતો. કારીગરનો દીકરો કારીગરી જ કરેને ! એમ સૌ કોઈ જોનાર કહેતું.

જે શેરીઓમાં પન્નાલાલ ને પૂંજો રેતા તેના નાકે જ્યારે જ્યારે છોકરાઓનું ટોળું રમતું ત્યારે એના નાયકો પન્નાલાલ ને પૂંજો જ હોય એમ સૌ કોઈ જાણતું.

ટોળી વહેંચી રમત કરતા ત્યારે એક પક્ષના નેતા પન્નાલાલ તો બીજાના પૂંજાજી જ રહેતા.

× × ×

ગામમાં નવાં નવાં ઘર થવા માંડયાં. નાના ઘરમાંથી માળ બે માળનાં પણ કયાંક એવાં ઊંચા મકાન પણ થતાં. પૂંજાના પિતાની એ કરીગરી હતી.

જ્યારે જ્યારે કોઇનું ઘર પૂરૂં કરવા આવતા ત્યારે મીસ્ત્રી કહેતા કે આ તો ઠીક! એમને અસંતોષ જ રહેતો.

એકવાર પન્નાલાલના પિતાએ મીસ્ત્રીને બોલાવ્યા. "મીસ્ત્રી! અમારૂં ઘર જોયું! જરા જૂનું લાગે છે? ધારૂં છું મારા જીવતાં ને તમારી કારીગીરી છે ત્યાં સુધીમાં મકાનની મરામત કરાવું.

મીસ્ત્રીને તો ટહૂકાની જ વાર! મીસ્ત્રીનાં આંગળાં નવનવી ભાતો ઘડવા માંડયા.

"શેઠ! ગામનાં ઘણાં ઘર કર્યા; ધારૂં છું કે તમારૂં સર્વથી સવાયું કરૂં. એક માળ સૌથી ઉપર."

વાતની વાતમાં વાયદા દેવાણા ને પન્નાલાલના પિતાએ ઘરનું કામ પૂંજાના પિતાને સોંપી પણ દીધું.

પન્નાલાલનું ઘર થવા માંડયું. હવે પૂંજાના પિતાની સાથે પૂંજો પણ ખભે વાંસલો વગેરે લઇ પન્નાલાલનું ઘર સજાવવા આવતો.

પૂંજાએ હવે નિશાળે જવું બંધ કર્યું હતું. બાપને થયું કે મારા જીવતાં કામે લગાડી દઉં. આપણી જાતને બે અક્ષર ઉકેલતાં આવડયા, એટલે બસ. ગામની નિશાળનું ભણતર પણ પાંચ ચોપડીથી કયાં આગળ હતું? પૂંજાને પરદેશ ભણાવવાની જરૂર મીસ્ત્રીને લાગી ન્હોતી.

આમ પૂંજો અભ્યાસ આટોપી કામે ચઢયો. પન્નાલાલે ગામની શાળામાં અભ્યાસ પૂરો કર્યો, ત્યાં એમના પિતાએ એને શહેરની કેળવણી લેવા મોકલ્યો.

પૂંજો પન્નાલાલથી છૂટો પડયો. પણ પન્નાલાલનું જ ઘર સજાવતો હતો તેથી તેને તરતનો વિયોગ લાગ્યો નહીં.

પછી કામમાં એ ભૂલવા માંડયો. પૂંજો પિતાની સામે બેસી રંદો મરાવતો, કાંતો કરવત ખેંચતો. પિતાની બાંય થઇને રહેતો.

" મીસ્ત્રી, આ પૂંજો તો બીજો મીસ્ત્રી તૈયાર થઈ ગયો." પન્નાલાલના પિતા મીસ્ત્રીને કહેતા ને મીસ્ત્રી હરખાતા.

" હા બાપ ! તમારો પન્નો ભણી ગણી તમારી જ ગાદીએ બેસશે ને અમારી ગરીબની આ ગાદી.

× × ×

ગામમાં ઘર બંધાવવાની ફેશન થવા લાગી ને જ્યાં જૂઓ ત્યાં પૂંજો ને તેના પિતા જ હોય !

આમ અતિ કામથી એક વેળા પૂંજાના પિતાને થાક લાગવા માંડયો: એક વેળા તો એવું બન્યું કે મીસ્ત્રી મોભથી પડયાને એક હાથ ઉપર વજન આવતાં હાથ ભાંગી ગયો.

મીસ્ત્રીની સારવાર ઘણી કરવામાં આવી પણ એ હાથની કારી-ગરી પાછી ન વસી. એમનો હાથ હવે નકામો થયો.

મીસ્ત્રી ઉપર રહી કામ કરાવતા. પણ પૂંજો હજી કાબેલ, એમના જેટલો થયો નહતો.

પોતાની અશક્તિ ને પૂંજાની ઉમ્મર જરા નાની, આ બન્ને ચિંતાએ મીસ્ત્રીને તાવવા માંડયા. એક બે વાર મીસ્ત્રી સખ્ત માંદા પડયા. છેવટે તો એમનું અર્ધું અંગ રહી ગયું. ને મીસ્ત્રી ઘર બેઠા.

પૂંજો મજૂરી કરતો, પણ ગામમાં એવી ખાસ મજૂરી પણ હવે રહી નહોતી.

આથી બાપુકાં થોડાં ખેતર હતાં તેની સંભાળ ઉપર પૂંજાએ ધ્યાન લગાડયું, ગામમાં કયાંક કામ નીકળતાં પૂંજો કરતો બાકી તો ખેતરનું જ સંભાળતો.

બાપની વારસામાં મળેલી કળા પણ કામને અભાવે પૂંજાના હાથથી ઊતરવા માંડી.

પન્નાલાલ તો આ બાજૂ શહેરમાં ભણતા જ રહ્યા.

રજાઓમાં એકાદ માસ આવતા ત્યારે પૂંજો એમને આવી મળતો. મિત્રો મળતા.

× × ×

પૂંજાના પિતા મીસ્ત્રી દેવલોક થયા ને શેઠે પૂંજાની દેખરેખ રાખવા માંડી, પૂંજો અવાર નવાર શેઠને ત્યાં આવી કામ પણ કરતો.

એક વેળા રજાઓમાં પન્નાલાલ ઘેર આવ્યાં. હવે તો પન્નાલાલ વકિલ થયા હતા.

બાપની કારીગરી પૂંજાથી જેમ ન સચવાઇ તેમ શેઠની ગાદી પણ પન્નાલાલે પણ લીધી નહીં.

પન્નાલાલે વસવાટ મુંબઇમાં જ રાખ્યો. આ વેળા પન્નાલાલે પૂંજાને કહ્યુંઃ "ચાલને પૂંજા મારી સાથે શહેરમાં!"

"ત્યાં આવી હું શું કરું ભાઈ!"

"અરે મારે ત્યાં રહેજે ને કામકાજ કરજે!"

પૂંજાની વહુ ખૂણામાં ઊભી ઊભી આ સાંભળતી હતી. તેને થયું કે પૂંજો જાય તો સારું, કારણ ઘેર છ સાત છોકરાં હતાં ને તેનું પોષણ પૂંજો માંડ કરી શકતો.

આ વેળા પન્નાલાલનાં લગ્ન થવાનાં હતાં ને પન્નાલાલ સજોડે મુંબઇ જાય તો એમને પૂંજો કામ પણ આવે એવી તક હતી.

આ બધા વિચારે પૂંજાની વહુએ તરત વાતમાં વાત પૂરી.

ને પન્નાભાઇ લઇ જાવ એમને. મારી ભાભીને તમે. ભેગો એય રોટલો ખાશે. તમારું કામ કરશે. ભાભીને ગામનો માણસ એટલે નવું ય નહીં લાગે.

આ બધી વાત શેઠને કાને પણ પ્હોંચી. શેઠાણીએ પણ જાણી. ને સર્વને ગળે પણ ઊતરી.

× × ×

પન્નાલાલનાં લગ્ન થયાં. પૂંજો લગ્નમાં ખૂબ મ્હાલ્યો, ભાભીના ગાડાની પડખે ચાલી ભાભીને કહી પણ દીધું.

કે “ ભાભી ! હવે તો આણી ફેરા ભાઈ સાથે હુંય આવવાનો છું હો !

કોરટની રજાના દિવસો પૂરા થવા આવ્યા ને પન્નાલાલે મુંબઇ જવાની તૈયારીઓ કરાવવા માંડી;

પૂંજાને પણ કહ્યું કે “ પૂંજા તૈયાર છે ને ! ”

“ અરે અમારે વળી તૈયારી કેવી તમો હુકમ કરો કે આગળ ગાડીમાં બેસશું ”

પૂંજાની વહુએ તો એક જોષી પાસે જઈ મૂરત પણ કઢાવ્યું. પૂંજાની ને પન્નાલાલની રાશી એક તો મૂરત પણ એકજ દિવસે આવ્યું પૂજાની વહુ ખુશ થઈ.

જોશીએ તો વળી એમ પણ કહ્યું કે પૂંજાને પન્નાલાલની રાશી એક છે તે એમને મેળ પણ જબરો રહેશે,

પૂંજો પન્નાલાલની સાથે મુંબઇ આવ્યો. શહેરના કામમાં ને ધમાલમાં એતો ગામડાનો જીવ જરાક તો અટવાયો, પણ એક વારનો કારીગર તે કામમાં તરત પાવરધો થઈ ગયો.

પન્નાલાલની સાથે થોડા મહિના રહી એને તો ઓફિસે જવાનું નક્કી કરવામાં આવ્યું.

ઓફિસ ને ઘર, કોકવાર કોરટ એમ પૂંજાને કામની સીડીએ ચઢવા મળ્યું.

× × ×

પન્નાલાલ જ્યારે જ્યારે ઘેર જતાં ત્યારે પૂંજોય જતો. બન્નેના સંસાર રૂડા ચાલતા. પૂંજાની વહુનેય થયું કે એને ભલી સૂઝી.

ઘરના છોકરાં ખેતર ને ઘર સંભાળે ને ખડીંગ ખડીંગ કરતા વાગતા રૂપીઆ બાંધી પૂંજો સાલ બેસાલ ઘેર આવે.

એક વાર પૂંજાની વહુએ કહ્યું, ભાઇને કહોને પગાર વધારે કાલ ઊઠી આ છોકરાંના વિવાહ વગેરે કરવા પડશે ત્યારે મોટાની રીત જ ને!

"જોઇશું, મારાથી ન કહેવાય, ભાઇ સમજીને કરશે એ તો."

"ભાઇને શી ખબર પડે! તમે તો આમજ લાજવાના, ચાલો હું કહીશ."

આ વાત ના પાડવા છતાં પૂંજાની વહુએ પન્નાલાલને કહી પન્નાલાલે જવાબ ન દીધો પણ ૨૦-૨૫ સુધી તો પગાર પ્હોંચેલો ને છતાં પૂંજાને વધુ આપવામાં પન્નાલાલને વધુ પડતું લાગ્યું. એ બોલ્યા નહીં પણ મનમાં કચવાણા.

"ખાવું પીવું લુગડા લતાં ને ૨૫) રૂપીઆ ય પૂંજાની વહુને ઓછા પડયા" એટલો ખટકો માત્ર રહી ગયો.

પૂંજો પન્નાલાલ સાથે આ ફેરા મુંબઇ આવ્યો ત્યાર વહુયે કહેલી વાતથી હરેક વેળા પૈસાની વાત કે કોઇના પણ પગારની વાત આવતાં શરમાતો.

પણ એની શરમે જ વળ લીધો. વહુના ચાર પાંચ કાગળ આવ્યા. "તેમ પગાર વધ્યો કે નહીં વધે ત્યારે લખજો" વગેરે દરેક કાગળમાં આવતું.

એકવાર તો ગુસ્સે થઈ એણે પન્નાલાલના હાથમાં જ કાગળ મૂકયો.

"જુઓને ભાઈ આ પાછળ પડી છે. પન્નાલાલે આ વાંચી નિઃસાસો નાખ્યો.

એમને લાગ્યું કે આ કાગળ એમના હાથમાં મૂકવામાં પૂંજાની જ તરકીબ હશે.

"વારૂ પૂંજા હું જોઇશ!" કહીને ઊઠી ગયા.

પૂંજો સમજી ગયો. ત્યાં ન બોલ્યો પણ ભાભી દીકરો રમાડતાં હતાં ત્યાં બપોરની વેળા આવી એણે ખુલાસો કર્યો.

ભાભીએ વાત ટાળી, પૂંજાભાઈ એમાં શું. તમારા ભાઇ કે તમારા શેઠ નથી તમારો જીવ મળેલો છે, તે તમારા ઉપર નારાજ નહીં થાય એમ કહી ભાભીએ પૂંજાને શાન્ત કર્યો.

પણ પૂંજાના મનમાં નિરાંત ન થઈ. એણે ઘેર કાગળ લખ્યો. ખૂબ ઠપકાનો. એમ કાગળની લખાપટી ચાલી ને એનાથી પૂંજો વધારે વ્યગ્ર રહેવા માંડયો.

પન્નાલાલે જાણ્યું પૂંજો પગાર બાબત વ્યગ્ર રહે છે. એટલે એમનું વર્તન પણ જરા બદલાવા માંડયું.

પૂંજાએ વિચાર કર્યો કે આ "ઘરથી હવે આપણું દૈવ હઠયું છે."

× × ×

પૂંજાને મુંબઇ આવ્યે ઘણાં વર્ષ થયાં હતાં. પન્નાલાલના અસીલોમાંના ઘણાને ઘેર એને પરિચય પણ થયો હતો.

આ પરિચયવાળા દરેકની સામું પૂંજાલાલે તાકવા માંડયું. કોકની આંખમાં નોકરની માગ હોય તો વાત કરૂં એમ પૂંજાએ મનમાં ઘડી રાખ્યું.

× × ×

એક વેળા પન્નાલાલ ખાઇ કરી આરામ કરતા હતા ત્યાં પૂંજાએ આવી વાત ઉપાડી.

"ભાઈ!"

"શું છે પૂંજા! પગારની વાત કરવા આવ્યો" વકીલની ઢબે એમણે વાતની વાતને છંછેડી.

પૂંજો ખૂબ દુઃખી થયો. એણે કહ્યું પગારની નહીં ભાઇ પણ બીજી જ!

"આપણે ત્યાં ચમનલાલ શેઠ નથી આવતા! તેમની મિલમાં કારીગરની જગ્યા ખાલી છે. કાલે વાતવાતમાં એમણે મને કહ્યું હું મીસ્ત્રી છું એ એમને ખબર પડતાં મને કહ્યું "ચાલને મારી મિલમાં" મેં ના તો પાડી. તો એ કહે હું વકિલ સાહેબને કહીશ.

મેં કહ્યું ના તમે ન કહેતા હું જ ભાઇને કહીશ નહીં તો એમને ખોટું લાગશે."

"તે તારે મિલમાં કામે જવું છે ?"

"જો તમે હા કહો તો ?"

"તારી મરજી પૂંજા! આ ઘરમાંથી નીકળી તું મિલમાં જાય છે ?"

"શું આપશે શેઠ !"

"કહેતા'તા જેવું કામ એ, ત્રણ પણ રૂપીઆ રોજ મળે !"

"તો તું સુખેથી જા પૂંજા–તને પણ પૈસાની જરૂર ક્યાં નથી પણ........"

"કેમ ભાઈ પણ........"

"કૈં નહીં પૂંજા મશીનની ભાઇબંધી મને નથી ગોઠતી. તું ગામડાનો માણસ મિલના મશીનોમાં નહીં કામ કરી શકે."

"ભાઈ તમારે ત્યાં આટલું રહ્યો તેથી કારીગર પૂંજો નથી મટયો હોં,"

"કારીગરીની વાત નથી પૂંજા મિલમાં ધાસ્તી !"

"ધાસ્તી તો બાપ સૌનું નસીબ સૌની સાથે."

"વારૂ તારે જ્યારે જવું હોય ત્યારે તારી બાબીને કહીને જજે ...પણ આ ઘર તારૂં છે તે ભૂલતો નહીં પૂંજા."

"એ બાપ આપણી નાનપણની ગોઠડી છે. આ કળજગમાં આવી લાગણી બીજે ક્યાં છે ?"

× + ×

પૂંજાએ મિલમાં જવાનું શરૂં કરી દીધું થોડા દિ' તો ગતે આવી અહીં સૂઇ રહેતો પછી રાતપાળીએ જવા માંડયું ત્યાં કોકવેળા વેળા કવેળા આવી મળી જતો.

હવે પૂંજો પન્નાલાલની સાથે રજાઓમાં કે ઘેર ન જઇ શકતો માત્ર પૂંજાની પૈસાની થેલી લઇ જતા ને પૂંજાની વહુ હરખાતી એ લઇ જતી. પૂંજો પૈસા પન્નાલાલને ત્યાંજ જમે કરતો.

મિલના કામે પૂંજો થાકવા માંડયો પણ મિલમાં કામ કરતાં બીજા માણુસ જેવું જ એનું શરીર થયું એમાં કાંઇ નવાઈ ન્હોતી જરા એ પહેલાં તો જુદો લાગતો હવે ખરો મિલનો કારીગર લાગતો હતો.

કોકવેળા રાતે આવી પૂંજો પન્નાલાલને મિલોની વાતો કહેતો. ત્યાંના લોકની કામની વગેરે. કોકવેળા તો ખૂબ હરખાઇને કહેતો.

" આજ તો અરે ભાઈ એકનું એવું આંગળું કપાણું ?"

" આજ તો અરે ભાઇ એકનો એવો ટાંટિયો આવી ગયો ! "

પન્નાલાલ આ વાતો સાંભળતા ને જરા મૂંઝાતા.

" પૂંજા તું સંભાળીને કરજે હોં " એમ હરેકવાર કહેતા ત્યારે પૂંજો કહેતો.

" ભાઇ આપણે તો બીજી આપણુને શું ? એ તો ગમાર જાત વાતો કરે ને કામ કરે. કોકવાર વાતમાં અકસ્માત કરી બેસે બાકી અમારા સાહેબ કહે છે એ સાચું કે મશીનને કંઈ તમારા ઉપર વેર છે કે હાથે પગે ચઢી કામ પૂરે. "

" હા ને જો પૂંજા હું કાલે દેશમાં જાઉં છું. છે કંઇ કામકાજ, કામકાજ તો કાલે પગાર આપી જઇશ. "

બીજે દિવસે પૂંજાએ પગારના રૂપીઆ આપ્યા.

" આ બસો છે ભાઇ, સો દોઢસો આપણે ત્યાં ઘેર રાખી પચાસ ઘેર મોકલજો. બાકી તો કહી પૂંજો મૂંગો થઈ ગયો.

પૂંજા તારા શેઠને પણ મેં કહ્યું છે. આજકાલ મિલમાં અકસ્માત ખૂબ થાય છે તું ધ્યાન રાખજે હોં ! "

" અરે ભાઈ તમારા જેવાની દયા છે ત્યાં મને શું થાય એમ છે કહી પૂંજો ગળગળો થઈ ગયો.

પન્નાલાલ ઘેર ગયા. પૂંજાની વહુને બોલાવી પૈસા આપે છે ત્યાં પાછળ જ તાર આવ્યો ત્યાં તે ફોડી વાંચતાં જ પન્નાલાલ ખુરસી ઉપર ઠરી ગયા.

પૂંજાની વહુથી ' હાય બાપ બોલાઈ ગયું.

× × ×

મિલમાં પ્રેસની ગાંસડી બાંધવાના મશીનમાં સમારકામ કરતાં ભૂલથી મશીન ચલાવાઇ ગયેલું કે ગાંસડી ભેગો પૂંજો બંધાઈ ગએલો. તે લોહી બ્હાર આવ્યું ત્યારે લોકોએ જાણ્યું. શેઠને વાત પહોંચ્યાને શેઠે તરત આ તાર કરાવેલો, કે પૂંજો અકસ્માતથી દેવલોક પામ્યો છે, એના વીમાના બે હજાર રૂપીઆ તારથી મોકલશું.

" લો વહુબા કમાણી મિલની " વહુને કહી પન્નાલાલે તારને ફેંકી દીધો, ને પૂંજાએ ચણેલી મેડીએ જઇ ખૂબ રડી લીધું.

એની એ વારી

અમાવાસ્યાની કાળાશ જાણે ઓઢી ન હોય, એવો એક માણુસ એકાદ ગલીના અંધારા ખૂણાને વટાવી રહ્યો હતો. એના મ્હોં પર કંઇ જ ભાવ પરખાય એવું નહોતું. ફક્ત પસીનાનાં ટીપાં મ્હોં પર ચઢી એના થાકની સાક્ષી પૂરતાં હતાં. એના માથે હતો એકાદ મણનો ટોપલો.

કોઈ શેઠીઆનો હમણાં જ ટેલિફોન આવેલો—"કરસન શેઠ! આ જુઓ, એક મણ કોલસા હમણાં જ મોકલજો તો! આ અમારો મહારાજ! હજારવાર એને કહ્યું છતાં પહેલાંથી વરદી આપતાં જ ભૂલી જાય છે. તેમાં પાછી કાલ ઉજાણી છે, રાત રાખી રાંધવું જોશે."

એ કરસનદાસ શેઠને ત્યાં આ મજૂર કોલસા નાખવા જતો હતો. ગલીને નાકે એક દુકાનમાં જીવ લાગતો હતો ને રોશની ભરપૂર હતી. જીવનને નાકે જ્ઞાનતેજ માણસમાં આવે છે; તેમ દુકાનની બહાર બે ત્રણ જણ બેઠા બેઠાં બીડી અદશ્ય થાય તે પહેલાં છેલ્લો દમ લેતાં હતાં—

"કેમ લ્યા દાના! અત્યારે ક્યાં?"

"અરે આ આજ મારી વારી છે, વરદી પહોંચાડવાની ને કરસનદાસ શેઠને બંગલે માલ પહોંચતો કરવો છે!"

"તે તારા શેઠને રાત જ મળી. દન આખો શું ઊંઘતો હતો?"

"અલ્યા ભાઇ! શેઠીઆઓને રાતદન બધું એક જ!" કહી એ મજૂર અનંત ગલીગૂંચીવાળા શહેરની ગલીગૂંચી વટાવી શેઠના બંગલા તરફ રવાના થયો. આ મુંબઇના શેઠીઆઓના પણ હૃદયમાં એવી જ ગલીગૂંચીઓ હોય છે ના!

દાનો ગયો ને પેલો માણસ ઝૂલતું બાર ઉઘાડી અંદર ગયો,

ત્યાં તો બે ચાર હજામ શેઠના વાળ કાપતા હતા. કોક એકાદની દાઢી થતી હતી તો કોકને માથે તેલનાં સિંચણ થતાં હતાં ને બહાર ઊડતી હતી. તે પાછો ફરીને બેઠો. વાત કરતામાં કામ પૂરું થયે લોક ઘેર વળ્યા ને એવડી મોટી દુકાનમાં ખુરસી ને અરીસા સિવાય કાંઈ જ ન રહ્યું.

ત્યાં તો પેલો દાનો પાછો ફર્યો "કેમ બાલાજી ક્યાં ગયા?" બાલાજીએ એક ચક્કર ચક્કર ફરે એવા બારમાંથી ડોકાવ્યું. એમના હાથમાં કાતર ને કાંસકી હતાં; કોઈ શેઠ એમના મોં પર ફેરફાર થતા બાર જોતા હતા, તે આ બન્ને સામું જોઈ જ રહ્યા.

"કેમ લ્યા! ચાલ્યો ઘેર?"

"હારતો! ને તમે?"

"આ આજ રાતપાળી મારી છે ભાઈ."

"અલ્યા, કર વાળ તારે. કોણ જાણે આ રાતે પણ શેઠીઆના વાળ કઈ હાટમાં મુકાવાના હોય તેમ કપાવા આવે છે."

"અરે એ! બાત મત કર! હાથ ચલા."

"હાં, હાં, શેઠ, ચલાતા હું."

"ચલાતા હું ક્યા? બાત કર રહા હય!"

"અજી શેઠ, ગાઈ કરૂન કામ હોત નાહિ–નંતર તુમચા કેશ ચાંગલ્યા કસા કાપનાર? દમલો હાય બાબા મીં તો કામ કરંન! ને પૂઢે હા રાતપાળી!"

"અસો કાય તરી! કાય તુલા એકટાલા જ રાતપાળી હાય કા–આમ્હી તર ચાલલો મિલાલા–આજ રાતપાળી ચ આહે ના મ્હણુન ના તો મ્હીં તુલા ગાપ્ર કરાયલા સાગ્તાં!"

"તી તુમ્હાલા તી જ કા!"

"હોય હોય! સબળાંનલા ઇથે ઈજ આહે! શેહેર આહે, હી કાય ગાંવ નાહિં."

"અરે હા, બાબા દમલો મીં તાં એ પાણી ભરંન—એક આઠ દિવસ ઝાલે કે તી જ વારી!"

એટલામાં તો કોઇકે બાર ઉઘાડ્યું ને કોક જવાન દાખલ થયો.

" કેમ ભાઈ! કોઈ જ નથી ? "

" ના, ના, બેસો શું ? દાઢી ! "

" હા, હા, જલદી પણ ! "

" હા, શેઠ. જરા બેસો. હમણાં જ આ થયું પૂરૂં ! "

"—પણ મારે જલદી જવુંને ! ઉંઘીએ જઈ એને ! "

" ઉંઘવું જ છે ને ! અમારે તો આ રાતવારી છે. આ આવ્યો લ્યો ! "

" અલ્યા તારે રાતવારી છે તો મ્હારે ય કંઈ બીજું નથી ! આ સવારે સવાઈમાં જવાની વારી છે; પેલું કોટમાં ઘર થાય છે ના ! આ મહિને જ શેઠ રહેવા આવે તે પહેલાં બારી બારણાં બેસી જવાં જોઇએ. "

" તે સવારે જ જવું પડશે ? "

" હા. ત્યારે તો કહું છું ના કે પરોઢીએ જવાનું એટલે અધ-રાતે ઊઠીએ ત્યારે બે રોટલા કરી ખાઇ બે બાંધી લઇ જઇએ. સવાઇમાં ગયાં તે રાતે છૂટવાના. આ વે'લી દાઢી થાય તો વે'લો જરા લેટું ! "

" હા થયું હવે તો ! "

" તો ચે ! "

એટલામાં તો પેલા શેઠ ઊઠયા ને હજામ બોલ્યોઃ "ચલો શેઠ."

" આ હજામને ત્યાં સુથાર શું કે સોનાર—બધા જ શેઠ. " પેલો જુવાન સુથાર ખુરસી પર બેસવા ગયો ને એનાથી ' અરે ' કહેવાઈ ગયું !

" કેમ ભાઈ થાક્યા છો ? આ તમારે તો બેઠાં બેઠાં કામ કરવાનું !—અમારા જેવું તો નથી ને ! આખો દિન ઊભા જ ઊભા ! "

" અલ્યા, પેટની વેદના કોણ જાણે. આ આખો દિન લાકડાં વેરી વેરી હાથ તો ગુમડા જેવા થયા છે, ને આજ હતો એકાદશીનો અપવાસ—ને તેમાં કાલ સવાઇ ! "

" પણુ એટલા પૈસા ય મળે છે ના ? "

" અરે મૂઆ એ પૈસા ! જીવલેણ છે ભાઈ ! શેઠીઆની જીભ ચાલે ને આપણાં હૈયાં હવે ચાલી શકતાં નથી ! "

એમ વાત કરતાં તો દાઢી થઈ ગઇ ને સુથાર રસ્તે પડયો. હવે તો પેલો બિચારો પડયો એકલો; બારણું જરા અડધું અટકાવી, રસ્તા ઉપર પડેલી ખુરસીમાં બેસી ઝોકાં ખાવા માંડયો, ત્યાં તોઃ

" અલી એ ! સાલ ઉંઘેંચ હેંનો ! "

" હાં શેઠ ! "

" ચલ લૌકર દાઢી કર, દાઢી કર ! "

" ચલો શેઠ ! " કહી ખુરશી ખસેડી આ પારસી શેઠને ખભે રૂમાલ નાખી અસ્ત્રો તાજો કરવા માંડયો; છતાં પોતે તો તાજો થઇ શકતો નહોતો.

" અરે, કાં સુધી અસ્ત્રો ગસીસ ! આ રાતની ટ્રેનમાં વારી છે. આજ મોડું થશે તો મારી નાખસ ! "

" ના, ના, શેઠ. " કરતાં કરરકરર અસ્ત્રાની ધાર પારસી શેઠના એમના મિજાજ જેવા કડક વાળ સાથે પેલા લૂલા હાથ જેવો લૂલો અસ્ત્રો ફરવા મંડયો–ને દાઢી ઊલટી અવળી સાફ કરી —

" કાં શેઠ ! ઝાલનાં ! "

" હોય ! જો પૈસા કાલ દઇસ. આજ તો ટ્રેન ચુકસ નહિ તો–હાજરી ભરવી જ જોઈ ! " કહી પારસી શેઠ ઝટ રવાના થયા ને પાછી સ્મશાન જેવી દુકાન ખાલી પડી.

પાછી જરા દુકાન અટકાવી, એકાદ બીડીની ફૂંક લઈ, એજ ખુરસીમાં બેઠો ને રાત્રિની ભયંકર શૂન્યતા-ઊંચા ઘર ને આડો નિરવ અંધકાર !

ત્યાં તો કોકનો અવાજ આવ્યો :

" ઉઠ એ રસ્સાતૂન ! સાલં રસ્સાતૂન જોપતાત ! "

" કા હવાલદાર " કરી એકલા પડેલા હજામે બૂમ મારી ને

શહેનશાહ જાણે કોઇએ ન કહ્યું હોય એટલા રૂવાબથી "કાં બુવા!" કરતા સિપાઇદાદા આવી પહોંચ્યા.

" આ એકદમ ! "

" નહિં બાબા ! હી લોક રસ્ત્યા વર પડતાત ની સાબ આલા તર—"

" કોન હાય એ રાતપાળીવર ? " " કરૂંન ત્યાચા બાપાલા મારલા તસ ઓરડનાર. "

" હોય, ઠીક હવાલદાર ! "

" હી તુમચી જાગા બરી. હા ખુરસી વર બસાયચા ને પંખાચી હવા તરી ! "

" ઠીક હાય આપલ્યા "

" હા, હમાલા રાતપાળીચ મારૂંન ટાકતાત્ ! "

એટલામાં બે ત્રણ જણુનો પગરવ સંભળાયો ને સિપાઈદાદા ઊભા થઇ ગયા, " કોન હય ? "

" ઓર કોન " કરતા બે ત્રણ ટ્રામના કન્ડક્ટર ને ડ્રાઇવરો આવી પહોંચ્યા.

" ઓહ ! "

" કાય હવાલદાર ! રાતપાળી કા આજ ?"

" હાં બાઈ ! "

" તુમ બી રાતપાળી કરૂંન છૂટલે કાં ! "

" હાં ભાઇ ! વહી તો કરમમેં લીખા હય. " કરતાં પેલા લોકો પસાર થઇ ગયા. હવાલદાર રસ્તે પડયા, ને બિચારો એકલો હજામ આ શહેરની 'વારી' ઉપર નિશ્વાસ મૂકતો ખુરસીમાં આડો થયો: " અરે રામ - હી વારી... "

એટલામાં બાજુના બંગલામાં એક રાતવારીવાળા સિપાહીએ આલબેલનો સાદ દીધો. ઘડીએકમાં તો તે જગાડી બોલ્યા: " દેખ, આજ દરગાકું જાય ગેં બુવા તો હમલોંક કોઈ નહિં આયગેં. દુકાન સંભાળના " શેઠે દુકાનનો ઉમરો મૂકયો ને નાવી બબડયો: " કરમ છે કે ! એની એ વારી. "*

બાયડીની જાત !

" અલી એ ! રત્નાની મા !"

" હું સે તે ઘડી ઘડી ' રત્નાની મા ! રત્નાની મા !"

" હાં, પણ એમાં આટલી તડૂકે સે શેની !"

" નહીં તો !"

" નહી તો શું ! આ જરા મારા દિશાએ જવાના કળશ્ય પાણી રેડય તો"

" આખો દા'ડો ખાવું...ને છે કાંઇ બીજો ધંધો ય !"

" તે એ ! મારૂં કમાયેલું ખાઉં છું ને આ કળશીઓ આટલે છેટે પણ હું જ જાઉં છું, ઈમાં તારા બાનું શું ગ્યું ? આટલાં વાનાં કરે છે !'

" મારા બાનું ? ખબરદાર જો મારા બાનું નામ દીધું છે તો !

" અરે તારા બાનું નામ પણ પાછું એવું મોટું કની તે ત વના બીજી ન બોલે !"

" તે હા વળી. ભાંડવી જ હોય તો મને ભાંડો. મારા બાટે જો હરફ કાઢ્યો છે ને !...તો..."

" તો–તો શું ? કઇ નાખને પૂરં જ. જાણે મને ધાન ન પૂર હોય મોટી !—"

" લ્યો, તે હવે જવું નથી ? કળશીએ પાણી નાખ્ય, પા નાખ્ય, કરીને બધું ગામ માથે કર્યું !"

" તે આ હાલ્યો. પણ જો છેલ્લું છેલ્લું કે'તો જાઉં છું જો આટલી રાઈ મગજમાં રાખી છે ને તો પછી વહમું પડ ખાલ જ ઉતારી લઈશ. ખાલ !"

"હવે લીધાં લીધાં. લેનારા તે વળી બોલતા ય હશે કે!" એટલામાં તો કાબા પટેલ ઝટ ઉકરડા વટાવી દૂર નીકળી ગયા ને ઘડીકમાં પાછા પણ આવ્યા.

"અલી એ ! ક્યાં જઈશ રાંડ !"

"ખબરદાર, દન ઊગ્યો ને આથમે ત્યાં સુધી ગાળ, ગાળ ને ગાળ જ–કોણ જાણે મારીય શી પળની બુદ્ધિ છે તે આ ઘરમાં ઘલાઈ!"

"ને તારે જવું જ હોય તો બારે રસ્તા મોકળા છે, સમજી?— પણ આ જરા પાણી લાવી મારા હાથ પર રેડય; નઇ તો—"

"નઇ તો બઈ તો ઠીક હવે!"

"અલ્યા રત્ના ! રેડ, જો તારા બાના હાથ પર પાણી—"

"—તે તારા હાથના ક્યાં કટકા થઈ ગયા છે તે પેલા નાના છોકરાંને હેરાન કરે છે? કભારજા!"

પટેલ તો બોલતા જ રહ્યા ને રત્નો જ પંડે આવ્યો, ત્યારે હાથ ધોવરાવ્યા.

આમ કાબા પટેલનો સંસાર ચાલતો હતો. કોણ જાણે આ ઘરમાં જોઈએ જ એ વિચારે કેટકેટલા લોક આમ સંસાર નિભાવતા હશે?

થોડાક દિવસ ઉપર કાબા પટેલનાં પટલાણી કામ કરી કરી પૂણી જેવાં થયેલાં; ને થોડા દહાડા તાવ આવ્યો કે એક રત્નો મૂકી બિચારાં હતાં ન હતાં થઈ ગયાં. પણ ગૃહસ્થ કહેવડાવવા બાયડી તો જોઇએ જ ના! એટલે કાબા પટેલે આસપાસનાં ગામ ફરી આ નવી પટલાણી સાથે ઘર માંડેલું. નાતરાનું બૈરું! એમને તો રોજ નવા અવતાર જેવું લાગતું. આમ ઘરસંસાર ચાલતો હોવાથી હવે તો કાબા પટેલને બૈરી તો શું પણ બૈરાંની જાતથી જ કંટાળો આવવા માંડયો હતો. પટલાણી જવાન જોધ, આખલા જેમ ઘર ને

વગડાનું કામ કરતી, પણ ઘરમાંય તે કાબા પટેલ ઉપર આખલા જેટલું જોર પણ કાઢતી. પટેલ તો બિચારા વાટનો મોગરો ખરે એમ એની એ ચિંતામાં હવે ખરવા માંડ્યા હતા.

" અલી સાંભળ્યું ? જો તું આમ આટલી મોડી વગડેથી આવે–તે તો હું—"

" તે શું ! ખળાં પાક્યાં છે તે તમારો બા આવીને કરશે કામ ? ખાટલેથી પાટલે ને પાટલેથી ખાટલે. પોતાથી બીજું કાંઈ તણખલું યે ઉપાડાતું છે નહીં ને મિજાજ તો કાંઇ મોટા ઠાકોર કરતાં ય ભારી ! " પણ આ રત્નોય...એને શા સારૂ આટલું કામે જોતરે છે ! ને જાન લે છે મારોય ભેગો. ! "

" તે તમે શું કરવાના ? સેક્યો પાપડે તો ભગાતો નથી. "

" ઠીક ઠીક હવે. બૈરાંની જાત ! જરા ન બોલ્યા એટલે ફાટી–પણ માથે ખીલા કુટી બેસાડીશ ખીલા લોખંડના. "

" હાં હવે. " કહી પટલાણી ભેંશ દોવા બેઠાં. જાણે ભેંશનું દૂધ ખેંચી લેતાં હોય એમ છટક છટક્ શેરો પાડી ને ઘડીમાં ઘાડવું ભરી ઊઠ્યાં.

" એ પેલા રત્નાને પાજે છાંટોક હાં કે'લી. "

" હાં, હાં. ને પછી ઘીનું ? શેરનો રૂપિયો એક આખો વાણિયો આપે છે, ખબર છે કૈં દનરાતની ? "

" મૂઓ તારો વાણિયો ને એનો રૂપિયો. આ મારું બચ્ચું પીશે તો મારે તો લાખ લાખ વાનાં છે. "

" તે પાવને દોહીને પાવું હોય તો. " કહી પટલાણી કામે વળગ્યાં. રોજ આની આજ કથા. કાબા પટેલ તો હવે બાયડીની જાતથી શું પણ જીવનથી ય કંટાળવા માંડ્યા હતા.

× × ×

" જો પાછી અધરાત કરી ખરું ? શીદ રખડે છે ? ફાલી છે તે ફાગણના ફાલ જેવી. "

"તે તમને ક્યાં ભારી પડી? આવોને ઓરા હિમ્મત હોય તો!"

બિચારા પટેલે એક અશક્તિનો નિશ્વાસ મૂક્યો ને કરમ ફૂટી પાસું ફેરવી સૂઈ ગયા.

સવાર થયું ને પટલાણી તો અંધારે અંધારે વગડે ચાલ્યાં. રત્નો આવીને બાને કહેવા લાગ્યો:

"બા!"

"શું છે તે તુંય ઘડી જંપવા દેતો નથી?"

"બા! લોકો કહે છે ઘર કાણું થયું છે, તે પછી કાબા પટેલને ધાનનાય વાંધા પડશે!"

"હેં, એ શું રત્ના!"

"એ તો આ મારી..." એનાથી કોણ્યુ જાણે કેમ "મા" ન બોલાયું.

પેલા પૂંજાને શેતરે પડી ને પાથરી રહે છે. અને એય આપણા શેતરે આવી પોતે જ જાણે ધણી હોય એમ બેઠો રહે છે. એના શેઢુ કામ કરે છે ને પાકે બધો એના જ ઘરે જાય છે. આ તો બન્ને........"

"તો હું આ રાંડ પૂંજા હાથે ગઈ? એ ચંડાળ તો..." કહેતાં કાબા પટેલની આંખ ફાટફાટ થવા માંડી. ક્રોધનાં પૂર આગળ વાણી બંધ થઈ ગઈ, ને કેવળ નિર્બળ દેહમાંથી ખાલી પડેલા ડોળા જ તરવા માંડયા.

"તે આજ હાંજે આવવા દે એ રાંડને–હુંયે એના માથાનો છું ને એને આજ ચખાડી દઉં મજા. એ વના એ ફાટયા માથાની માનવાની નથી." કહી કાબા પટેલ ચૂપ રહ્યા.

"બા, મારું નામ ન આવે હોં" કહી રત્નો ચાલી ગયો.

"હવે તારે શું ! જોઉં તો તારોય વાળ કોણ વાંકો કરી શકે છે ?"

એમ ને એમ પટેલે આખો દહાડો વિતાવ્યો. અધરાતે પટલાણી ધબ ધબ કરતાં ઘરનું બારણું કૂટવા માંડયાં.

"રત્ના ! રત્ના ! ઉઘાડ અલ્યા બારણું." પટેલે પડયાં પડયાં બૂમ મારી.

"આજ વળી અંદરથી આગળો દઈ હીના સૂઈ ગયા છો ? અંદર હું વાઘ મારો સો !"

રત્નો કે કાળો પટેલ બોલ્યા જ નહીં. ઉંઘતો બોલે પણ જાગતો શીનો બોલે !

પટલાણીએ તો આખું ફળિયું જાગે એટલા જોરથી બારણું કૂટયું ને ભાંડોનીય હેલી વરસાવી.

"આ રાંડ તો જીવતી ડાકણ નીકળી. થાકતી જ નથી રાંડ. કર્કશા જાણે." કહી ધીરેથી ઊઠી આખરે પટેલે બારણું ખોલ્યું, ને સામે દાવાનળ મળે એમ પટલાણીએ અંદર આવી બરાડવા માંડયું.

"કેમ બારણું આટલું કૂટયું તોય ઊંઘ નો'તી ઊડતી ? ખાવું ને ઊંઘવું. બીજું કાંઈ કામ હોય તો ને ?"

"ચૂપ કર હવે."

"એટલે ?"

"એટલે ? એટલે એ કે આ માથું ધડથી જુદું કરી દઈશ. પછી થશે જે થવાની હશે તે."

"હવે કર્યાં કર્યાં, માથાં ને ધડ જુદાં કરનારા મોટા જોયા ન હોય તો, મરેલી માંખ તો ઉડાડાતી નથી ને પાવર તો ?..."

પટેલનો ક્રોધ હવે એમના નાના માથામાં ન સમાઈ શક્યો. પાસે પડેલી લાકડી લઈ પટેલે પટલાણી સામે ઘા કર્યો.

"તે તારા બા પૂંજાને ત્યાં હેની પડી રેસે ?"

પટલાણીએ ઘા ચુકાવ્યો ને બોલ્યાં—

" એ ફાંકડો છે. ફાંકડો—કાયર નથી તમારા જેવો ! "

" હવે રામ રામ. તારા જેવી તો કંઈક જોઈ. "

" તમે તો જોઈ હશે મારા જેવી પણ મેં તો તમારા જેવા પાંચનાં ઘર માંડ્યાં. ત્યાં તમે કાંઈ નવાઈના નથી. "

" તો ? "

" તો તો આ. " કહી પટલાણીએ હાથમાંનો ટોપલો ઝીંક્યો.

" ત્યાં તો કુકડો બોલ્યો ને હળ ને બળદની ઘૂઘરીઓના અવાજ આવવા માંડ્યા. વાતાવરણ ઘડી શાંત પડ્યું પણ આ ઘરનું વાજું ! પટેલ તો આગમાં બળતો હોય તેમ પટલાણીના સામું ને સામું જ ફાટી આંખે જોવા મંડ્યા.

" તે આ મોઢા પર શું રતન ટાંક્યાં છે તે તાકી રહ્યાં છો ઘુવડની જેમ ! "

" રતન તો નહીં, પણ કોલસા ટાંક્યા છે કોલસા ! "

" જુઓ, હવે ઝાઝી પંચાત કરી છે તો પછી ભારે થઈ જશે હોં ? "

" તે કરી નાખને જે થાય તે રાંડ. રાંડ ઘરનું ખાઈને ઘરમાં જ જોર કાઢે છે. જાને તારા ભા પૂંજાને ત્યાં જોર માતું ન હોય તો— લે પણ નાખ હવે મારા કળશ્યામાં પાણી ને કર તારું કાળું. "

" હાસ્તો ! " કહી ઠમકો કરી પટલાણી જરા મલકાણાં.

" પાણી " જીવતરમાં ધૂળ જ પડી. પાણી છે જ ક્યાં તમારામાં ? કહી પાણીનો કળશ્યો લાવી પટેલના મોં આગળ ઘા કર્યો. ને તેના પટેલના મોં પર પાણીના છાંટા પડ્યા. પટેલ કાંઈ કરે ત્યાં તો—

" એ આવજે. આ હું તો મારે રસ્તે—પેલા પૂંજા ફાંકડાને ત્યાં. " કહેતાં પટલાણી ચાલી નીકળ્યાં. જાણે ડુંગર ડોલી પડ્યો.

કાબા પટેલે મોં પરનું પાણી લૂછ્યું ને એક ઊંડો નિઃશ્વાસ જગત ને જગતની સર્વ નારીજાત પર નાખ્યો.

"અલ્યા રત્ના! આ લોટામાં પાણી નાખ્ય—જરા દિશાએ તો જઈ આવું."

"તે પેલી ક્યાં ગઈ, ભા?" રત્નાએ સવાલ કર્યો.


"ગઈ એ તો એના ભાને ત્યાં—વાળ ચોકો એના નામ પર."

"પણ ઘરમાં ય ચોકો કરી ગઈ હશે તો." બાજુમાંથી એક પાડોશણે આવી કાબા પટેલને કહ્યું. દાઝ્યા ઉપર ડાંભ.

આ શબ્દો કાબા પટેલના કાળજામાં ઘૂમવા માંડ્યા.

કાબા પટેલે હાથ ચોળી કપાળ કૂટ્યું ને કળશ્યાનું પાણી ઢોળી નાખ્યું "આ બાયડીની જાત!" કહી મૂંગા બેસી ગયા.

પાડોશણ જરાક હસી ચાલતી થઈ. પટેલનો સંસાર પણ એમ જ ચાલતો થયો.



નવચેતન સાહિત્ય મંદિર : અમદાવાદ